
# સંતવાણી




## (પદ્યસંગ્રહ)

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



e-book

Title : Santvani (સંતવાણી)

Language : Gujarati

Version : 1.0

Pages : 188

Created : November 01st 2017.

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978 81 909905 61**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *


## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



The ultimate aim of Human Life is Self-Realization.

- Shri Yogeshwarji



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ દઈએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ દઈએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ બીજાને જ્યોતિ દઈએ.
જીવન એક સ્વપ્ન, વિચાર સ્વપ્ન,
એના સ્વપ્ના [illegible] બીજાને સ્વપ્ના કરીએ

યોગેશ્વરના આશિષ

* * *

## કૃતિ પરિચય

ઈ. સ. ૧૯૪૩માં હિમાલયના દશરથાચલના પોતાના નિવાસ દરમ્યાન રચાયેલા 'સંતવાણી' કાવ્યસંગ્રહને શ્રી યોગેશ્વર યોગ્ય રીતે 'દશરથાચલની રચના' તરીકે ઓળખાવે છે. આ જ્ઞાનભક્તિસભર રચનાઓ શ્રી કૃષ્ણ, શ્રી રામ, શિવ તેમજ મા જગદંબાના સ્વરૂપોને સમર્પિત છે.

શ્રી યોગેશ્વરજી લખે છે: 'આમાનાં કાવ્યોમાં કોણ જાણે કેમ પરંતુ લગભગ દરેક જગ્યાએ 'સંત' એવું આવી ગયું છે પરંતુ તેથી કોઈએ એમ સમજી લેવાનું નથી કે, એનો લખનારો સંત છે.' આમ, રચયિતાનો સંત હોવાનો દાવો નથી છતાં એમના સંતત્ત્વની ખૂશ્બૂ '૧૭૩પ્રેમભક્તિનાં પુષ્પો'માં અનુભવાય છે. એની પ્રતિતી 'સંતવાણી'નાં કાવ્યોમાં સીધી થાય છે. જેમ કે;

*

સંત મારો ડૂબકી ને સદા ખોઓ આપ
ધન્યતા અનુભવો મોતી આવે આપોઆપ.

*

તપી તપી મરે, જપી જપી જલે થાય ન તોય પ્રકાશ,
પ્રભુની કૃપા વિના ન મળે કદીયે કોટિ ઉપાય

*

ગોવિંદની પ્રીત કાંઈ નથી પરિમિત
મસ્ત બનીને મ્હાલ, એમાં ઝીલાયે તે ઝીલ.

*

'ઈચ્છા એક જ છે મારી' કાવ્યમાં કવિ કહે છે;
જયમ ચાતક તલસે જલ, ચંદ્ર ચકોરી, કામ જ કામી,
તેમ તલસું તમ કાજ આશ તમ પ્રેમ એ જ હો મારી.'

*

પ્રભુપ્રાપ્તિની ક્ષણે કવિચિત્ત અનુભવે છે:
'મળ્યા જગતના સ્વામી એમાં આવ્યું અમારે સર્વ સાથ.'

*

આ ધન્ય ક્ષણનું રહસ્ય કેવળ પ્રેમ છે એ સ્ફુટ કરતાં કવિ કહે છે:
'યોગમાં પ્રેમયોગ સમ્રાટ જગત જેમને વશ તે પ્રભુ પણ પ્રેમથકી વશ થાય.'
'લાખો યોગ કરે, કોટિ કરે અનુષ્ઠાન દિનરાત
પ્રેમપુકાર પડે તો જ મળે અંતે એ રસરાજ'

*

સર્વ સારનો સાર સ્પષ્ટ કરતાં કવિ કહે છે:

'પ્રભુ એ પ્રેમ, પ્રેમ એ પ્રભુ, બે એક તત્ત્વનાં નામ.'

'શામળિયો સ્નેહથકી સંત મળશે.
માળા ફેરવે, હઠજપ કરે ને દ્રઢ આસન ઓરડીમાં વાળે
તિલક કરે વળી તુલસી રાખે એથી શ્યામ કદી છેતરાશે.'

*

આમ, લગભગ દરેક કાવ્યમાં છલકતું સંતત્ત્વ 'સંતવાણી' શીર્ષકને અનાયાસે સાર્થક કરી રહે છે.

'ના બુદ્ધિ અહીં આવી શકે, ના સૂર્યચંદ્ર તપી શકે
નક્ષત્ર, ગ્રહ કે વીજળી આ સ્થળે નહીં ચમકી શકે
પોતાથકી જ અરે પ્રકાશિત આ સ્થાન છે.
પોતાનામહીં જ વિરાજનો આ અમરશો આલાપ છે.'

'ૐ તત્ સત્'નો આવો અનન્ય મહિમા જેમની કવિવાણી કરી રહે, એ શ્રી યોગેશ્વરની 'સંતવાણી'ને 'ઊર્મિના ક્ષણજીવી પ્રલાપ'માંથી ઊગારીને 'આત્માના અમર આલાપ'નું ગૌરવ સહજ બક્ષે છે.

શ્રી યોગેશ્વરકૃત આવી મહિમાવંતી, આગવી ગરિમાયુક્ત 'સંતવાણી' સાચે જ ગુર્જર કાવ્યગ્રીવાનું અનેરું આભૂષણ છે, સાચા અધ્યાત્મનું ઓપવંતુ ભૂષણ છે.

એક વિરક્ત હૃદયનો કૃતિ નિમિત્તે છલકતો પ્રભુઅનુરાગ આપણને સહેજે મુગ્ધ કરે છે.

**– તરલા દેસાઈ**

* * *

## અનુક્રમણિકા

૧. કલિમાં એક નામ આધાર
૨. જ્યાં લગ ના તું બતાવે ભેદ
૩. એવો જ્ઞાની કોઈ તો મુજને બતાવો
૪. એકલ રાતમાં રડનારો
૫. મૂર્તિ એ ભવભંજન રઘુવરની
૬. રઘુવર, આપ સમ જગતમાંહી
૭. જગમાં ધન્ય ભરતની માઈ
૮. પ્રભુજી, મૃગની પાછળ ધામા !
૯. દો વર તો દેજો આ કૃષ્ણમુરારી !
૧૦. ધન્ય ગામ ગોકુલને
૧૧. બોલ ના તું શાને રાધે
૧૨. કનૈયા, તું તો મહીમાખણચોર
૧૩. ફક્ત આ મધુરા માખણકાજ
૧૪. શામળિયો સ્નેહથકી સંત, મળશે
૧૫. રાધે ગોવિંદ કહ્યા કરશું
૧૬. રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ બોલને
૧૭. કાનુડો શું કામ આવે?
૧૮. મને રંગી દેને પ્રેમરંગથી
૧૯. એક પ્રેમી પૂજારણ જોતી પિયુવાટ
૨૦. પ્રભુ મને શું જોઈ અપનાવ્યો !
૨૧. જ્યારથી છૂટાં પડ્યાં આપણે
૨૨. ઓ માતા એક મહારી
૨૩. જગમાં પ્રભુના જેવું ન કાંઈ
૨૪. આવજો શ્યામ, એકવાર ફરી
૨૫. જય જગદંબે, મા જગદંબે
૨૬. પ્રભુએ ઝેર હલાહલ પીધું
૨૭. લીલા કોણે આપની જાણી?
૨૮. રસ એ વર્ણવ્યો શે જાય?
૨૯. પ્રભુનો જો ન પ્રકટ્યો પ્રેમ
૩૦. પ્રભુના નામને સુણતાં જ
૩૧. કહો શો યોગ બીજો થાય
૩૨. ઉદ્ધવ, કહું છું મનની વાત
૩૩. રાધા હું તો રસની રેલ !
૩૪. રાધા તું મને નહીં વિસરે ને?
૩૫. રાધા, તું તો રસની રેલ
૩૬. રસનો થાય ન રાધા, ભંગ
૩૭. કુંડલ કાં લગાવ્યા કાન?
૩૮. મુરલી કેમ બજાવો, કાન?
૩૯. ધૂળમાં મનુજજન્મ ના ઢોળ
૪૦. સાગર આ અગાધ અપાર
૪૧. બળ મળે જનમાં ના તલભાર
૪૨. વહે છે આતમઅગ્નિ અગાધ
૪૩. શંકર, આશુતોષ ભગવાન !
૪૪. ઉમા, શંકરને દેજે યાદ
૪૫. સાધક, દર્શન કાજ શું રડે?
૪૬. થયો સાચે હું બડભાગી
૪૭. ખરેખર આશુતોષ ભગવાન
૪૮. ગુરુ એ ઈશ્વરનો અવતાર
૪૯. જગમાં હરિદર્શનને કાજ
૫૦. શંકર, પ્રભુ દર્શન દોને હવે
૫૧. શંકર આશુતોષ ભગવાન
૫૨. પ્રભુજી, આવોને દર્શન દેવા
૫૩. હજી કેમ ઊઘડ્યાં ના તમ દ્વાર?
૫૪. હું તો પ્રેમદિવાનો
૫૫. મન, ઉડોને ઉડુગણપાર
૫૬. ઊંઘે ઘોર શું આખી રાત !

૫૭. સાધુ, કદી મન નિરાશ ન હોય
૫૮. પ્રભુજી, આવો દર્શન આપો
૫૯. પ્રભુજી, તમે દ્વાર મહારે પધાર્યા
૬૦. ધન્ય એહને નિરખ્યાં જેણે
૬૧. નિત્યનિરંજન મુક્ત હું તો
૬૨. બોલી દે ને ભાવેથી ગોવિંદ
૬૩. ખરે પ્રભુ, માર્ગ તમારો એક
૬૪. દર્શન દોને પ્રભુજી પ્યારા !
૬૫. આવો પ્રભુ, પ્રેમ કરી એકવાર
૬૬. સાધક, એ અમૃતરસ પી
૬૭. સખી, એ જોવો કૃષ્ણકુમાર
૬૮. ધનભાગ્ય આજ શાં સખીરી
૬૯. જગમાં કૃષ્ણ વિના નહિ કાંઈ
૭૦. કરુણાળુ, દીનહિતકારી
૭૧. ચખાડ્યો પ્રેમ તમે જ, મુરારિ
૭૨. આજ લગી ફરતી’તી વનમાં
૭૩. રાતદિન જોઈ રહ્યો પ્રભુ વાટ
૭૪. આજ લગ જનમ વિતાવ્યો હાય !
૭૫. હવે મેં તો આજ કર્યો નિરધાર
૭૬. ભજ રામનામ રસનાથી
૭૭. અમારે રાતદિવસ આરામ
૭૮. ગાઓ મન, ગાન નિશદિન ગાઓ
૭૯. ઈચ્છા એક આજ છે મારી
૮૦. નહિ કહું આવો કુંજવિહારી
૮૧. સમજમાં ન આવે આ વાત
૮૨. જોગી બનીને રહું રંગે
૮૩. યોગમાં પ્રેમયોગ સમ્રાટ
૮૪. ભ્રમર, તું ક્યાં વનજંગલ ગૂંજે ?
૮૫ કોણ છોકરી આ છે ?
૮૬. રાધા રાધા, બહુ શરમાળ
૮૭. શોભા મારા શ્યામ અને રાધાની
૮૮. તમને ના લાગે કૈં ટાઢ ?
૮૯. પ્રેમ તણી રીતિ ન્યારી
૯૦. આજ નિરખતાં જનસંહાર
૯૧. ક્ષણવાર માયાવી પદાર્થોમાં
૯૨. ઉમાપતિ શકંર ત્રિપુરારી !
૯૩. વંદન શિવશંકર !
૯૪. તારી મદભર મધુરી આંખો !
૯૫. રાધા શ્યામ, શ્યામ તે રાધા
૯૬. જેવી પ્રભુએ મિષ્ટ વગાડી મોરલી !
૯૭. પડતાં મધુર મુરલી કાન
૯૮. સુણી સખી, સુંદર બંસીસાદ
૯૯. પ્રભુ, મને આજ દો વરદાન
૧૦૦. માયા સમજે કોણ તમારી ?
૧૦૧. મોહન મુરલી અધરે ધારી
૧૦૨. સુણતાં વેણુનાદ બધું ભૂલી
૧૦૩. જગમાં મુજસમ ધન્ય ન કોઈ
૧૦૪. નશામાં હું તો મસ્ત અહા !
૧૦૫. મુરલી અધરે રાખી શ્યામ
૧૦૬. દર્શન દોને દીનદયાળ !
૧૦૭. તારો મુજને દીનદયાળ !
૧૦૮. બૂઝે કેમ કરીને પ્યાસ ?
૧૦૯. વ્યર્થ કાં ધાર આંસુની સારું ?
૧૧૦. સખીરી, હું તો વરી છું વર વરણાગી
૧૧૧. તપસ્યા માંડી છે વર વરવા !
૧૧૨. પી પી બંસીના રસપાન
૧૧૩. કોઈ કહે ધન નહિ તે નર છે ભાગ્યહીન
૧૧૪. કરીને બંસીસ્વરમાં સ્નાન
૧૧૫. મારા નાનાશા હૈયાને કેમ ખોલીને બતાવું
૧૧૬. વ્રજનાં શાં ધનભાગ્ય ગણાય !

૧૧૭. તમારો માનું ઘણો ઉપકાર
૧૧૮. બંસી મુગ્ધ કરી છે શ્યામે
૧૧૯. જોઈ પ્રથમવાર રાધાને
૧૨૦. જોજે જતી તટે જમનાને
૧૨૧. બ્રહ્મ ધ્યાનમાં ધરો તો શાંતિ વળે
૧૨૨. પડી છે ગોપી કરવા સ્નાન
૧૨૩. મધુરી મુરલી સાથે શ્યામ
૧૨૪. અમે મસ્ત ને બેપરવા
૧૨૫. વ્રજની ગ્રામ્ય ગોપીઓના ચરણકમલને વંદુ
૧૨૬. લગની એને મળવા લાગી
૧૨૭. પ્રાણે પ્રિયતમમિલનપિપાસા
૧૨૮. આજનું મારું ભાગ્ય છે ભારી !
૧૨૯. યૌવન છે તુજ અંગલતા પર પુષ્પ સમાન !
૧૩૦. વર્ષો થકી છૂટી રહ્યા સંગીતસ્વર જેવા અહો
૧૩૧. ન જોયો આજ જનમ પતિરાજ
૧૩૨. દૂર ગગનમંડળમાં આ
૧૩૩. વ્રજ ના આવે તુજને યાદ ?
૧૩૪. પ્રેમબળસમ બળ ના જગમાંય
૧૩૫. હજી કેમ ન ઊઘડ્યાં દ્વાર
૧૩૬. ઓ મુજ ભ્રાત
૧૩૭. મારું અંતર નિર્મલ છે નહિ
૧૩૮. અધમતા એ જ સંત, પરમાણ
૧૩૯. નથી કરી કદીય ભક્તિ
૧૪૦. પ્રેમાર્ણવ મુજ પ્રિયતમ પ્યારા !
૧૪૧. શરણાગતવત્સલ શ્યામ
૧૪૨. પ્રેમ સારસનો અનુપમ માન.
૧૪૩. હવે નહિ મારાથી રહેવાય
૧૪૪. હવે તો સખી, તે જ દિને નાચું નાચ
૧૪૫. આવો પ્રભુ, બોલતાં પ્રેમનો બોલ
૧૪૬. સંસારે રહેવું શે ફાવે
૧૪૭. મારી રાખોને આજ પ્રભુ લાજ રે
૧૪૮. હવે તો આવો તે લો નાથ !
૧૪૯. હજી પ્રભુ, કેમ લગાડો વાર ?
૧૫૦. વહાલા ઓ મારા ઘનશ્યામ !
૧૫૧. જોગી, કર અંતરનો જોગ.
૧૫૨. પ્રાર્થના સ્વીકારજો આ નાથ !
૧૫૩. કદીપણ દર્શન દેશો શ્યામ ?
૧૫૪. તારી ઝાંખી જોઈ મારી આંખ
૧૫૫. તું બજાવશે સૂર છો બંસી લઈ
૧૫૬. તું બજાવશે સૂર હું તારે પાયે પડી
૧૫૭. તારો કંઠે ગૂંથી મારા હાથનો હાર
૧૫૮. જ્યાં જ્યાં જોઉં ત્યાં શ્યામ જણાય છે
૧૫૯. તારા વિના કોણ મારો આધાર ?
૧૬૦. એકવાર આવી જજો !
૧૬૧. કદી તું આવે અહીંયાં નહીં ભલે
૧૬૨. સ્નેહસ્પર્શથી થયેલ શ્યામ
૧૬૩. ગંગાતટે રેતમહીં પડીને
૧૬૪. એવું હો માહરું પ્રભુ, ધનભાગ !
૧૬૫. અહો મહારા જીવનના આધાર
૧૬૬. રે આશ્ચર્ય આ મુજ ભ્રાત !
૧૬૭. પ્રભુ, મારી આટલી રાખો લાજ
૧૬૮. મેં તને જોયો એના કરતાં કહું
૧૬૯. મુરલીમનોહર શ્યામ મારા
૧૭૦. આપણી સુણી પ્રેમની વાત
૧૭૧, મન, હંમેશ શિવને ભજ રે !
૧૭૨. પ્રશ્ન પૂછો શું મુખ લઈ આમ ?
૧૭૩. ભગવાન કાજ બસ જીવો

* * *

# ૧. કલિમાં એક નામ આધાર

કલિમાં એક નામ આધાર.
કોટિ ઉપાય કરો પણ ન મળે સ્વપ્નેયે ભગવાન ... કલિમાં.

તપવ્રત કાંઈ કામ ન આવે બીજા મંત્ર અસાર,
જ્ઞાનવાત પણ જે ના આપે આપે તે સુખ નામ ... કલિમાં.

કવિને જાણો સાગરશો તો નામ સમજજો નાવ,
બખ્તર એકલ નામનું રાખો લાગશે નહીં ઘાવ. ... કલિમાં.

આડીઅવળી વાતો છોડી લેજો પ્રીતે નામ,
ઊંધુઅવળું પ્રીત કરીને થાશે સુખનું ધામ. ... કલિમાં.

રામશ્યામ કે રાધેગોવિંદ મા કે હે ભગવાન,
સત્ય પ્રકટશે પ્રેમભક્તિથી સંતન એવું ગાય... કલિમાં.

* * *

## ૨. જ્યાં લગ ના તું બતાવે ભેદ

જ્યાં લગ ના તું બતાવે ભેદ
કોણ ભેદ જાણે ન બતાવે જ્યાં લગ તું સ્વયમેવ ... જ્યાં લગ.

રૂપ તહારું અનંત ગગનસમ અનેકવિધ રસ દેત,
તું જ પ્રસન્નતાથી ન બતાવે કો' જાણે તુજ વેશ ... જ્યાં લગ.

રહસ્ય જાણે કોણ તહારું બોલે કોણ હંમેશ,
તું જ ઉઘાડતો પામે કિંચિત સાકર કીડી જેમ ... જ્યાં લગ.

જેમ કો'ક પતિવ્રતા નાર ના ઘુંઘટ કાઢે છેક,
પ્રીત વધે તો આપ બતાવે મુખ મયંકસમ તેમ. ... જ્યાં લગ.

સંત મનુજમાં શક્તિ કૈંય ના કૃપા રહી તુજ એક,
તુજ કૃપા નથી કરતી શું શું રે, વરસો એકલ એજ ... જ્યાં લગ.

* * *

## ૩. એવો જ્ઞાની કોઈ તો મુજને બતાવો

એવો જ્ઞાની કોઈ તો મુજને બતાવો.
સૃષ્ટિ બધી જે આતમ જાણે આતમમાં જ રહેતો. ... એવો જ્ઞાની.

આત્મ અનુભવે સર્વસ્થળે ને આતમમાં રસ લેતો.
એ માંહી એક થવા તલસે, એમાં રાચે એવો. ... એવો જ્ઞાની.

જેમ પ્રિયા પતિને ત્યમ એકલ આતમને ભજનારો,
દેહસમો એનો આતમસ્વામી સચરાચર વસનારો ... એવો જ્ઞાની.

આવો જ્ઞાની સમજે જ્ઞાન ને ભક્તિની ભેદની વાતો,
સંત એ પામો સ્થિતિ તો વિરમે બાહ્ય બધીયે વાતો. ... એવો જ્ઞાની.



* * *

## ૪. એકલ રાતમાં રડનારો

એકલ રાતમાં રડનારો કામી એક આજ નિહાળ્યો.

પૂછ્યું કેમ નયનમાં આંસુ, કેમ રડે દુઃખ માર્યો,
વધ્યો કામમાંહી લપટાયો લેતો એ જ હું લહાવો.

રૂપ ચારુ જોઈ અંજાતો ભ્રમરસમો ઉડનારો,
પતિવ્રતા બધી સ્ત્રી ના રીઝે, ભોગ ન કો'દી થાવો.

છે સૌંદર્ય રસે નિહાળતાં સૌંદર્ય થવા કાજે,
ના હું જાણતો, ભોગ તલસતો, રોજ આમ રડનારો.

આહા, સ્ત્રી તે માયા જાણો, જો વશ કરવા જાઓ,
આવો નિર્બળ જેવા પાછા, અંતે તો પસ્તાઓ.

વશ કરવા પ્રીતમ છે એવા પ્રભુજી સૌથી પહેલાં,
માયા તો વશ થાય પછીથી જાણે પતિપ્રિય તેમાં.

સંત આ તું જો સમજે તો તો માયાનો રસ લે ના,
સ્વામીને જ ભજી લે આજે માયા ભજતાં પહેલાં.

* * *

## ૫. મૂર્તિ એ ભવભંજન રઘુવરની

મૂર્તિ એ ભવભંજન રઘુવરની,
જેના રૂપ સમીપ રૂપ સૌ ત્રિભુવનતણું ના કાંઈ. ... મૂર્તિ એ.

કમલદલસમ વિલોલ લોચનો, શાંત દૃષ્ટિ છે ધારી,
કાને કુંડલ, કિરીટ શિર પર, અંગ પીતાંબરધારી. ... મૂર્તિ એ.

મનહર માળા કંઠ વિરાજિત, ધનુષબાણ કરમાંહી,
મદન સહસ્ત્રથકી પણ સુંદર અનુપમ એ સુખકારી. ... મૂર્તિ એ.

અમૃતની લાખો ધારાઓ મસ્ત કરે છે આવી,
શિરપર જટા સુરતટિની ગૃહશી, મૂર્તિ શું આ રઘુવરની ! ... મૂર્તિ એ.

સંત યુગોયુગનાં પુણ્યો ને હોય કૃપા જો પ્રભુની,
તો ઝાંખી એ મળે મૂર્તિની, અમૃતથી ય રસદાયી. ... મૂર્તિ એ.

* * *

## ૬. રઘુવર, આપ સમ જગતમાંહી

રઘુવર, આપસમ જગતમાંહી
પરદુઃખભંજનતા નિજભક્તવત્સલતા ન નિહાળી. ... રઘુવર.

કયો યોગ શબરીએ કીધો, ગીધ તપ્યો ક્યાં ભારી,
કેવટ પણ ક્યાં તપ્યો, તપ્યો ક્યાં વિભીષણ ભરતભાઈ ... રઘુવર.

યોગીને પણ કઠિન ગતિ ધરી એ સૌને હરખાઈ,
સ્મરણ કર્યું તેથી જ પધાર્યા પ્રેમવશ નિમિષમાંહી ... રઘુવર.

નવી આશ બીજી કોઈયે ચરણભક્તિ રસદાયી,
સંતપ્રિયા પતિને, ખલ જગને, તેમ સેવું સુખ માની. ... રઘુવર.



* * *

## ૭. જગમાં ધન્ય ભરતની માઈ

જગમાં ધન્ય ભરતની માઈ.
વનવાસ દઈ રામચંદ્રને શિશુની કરી બડાઈ ... જગમાં.

હોત ન એ તો કોણ શક્ત એ ભક્તહૃદયરસ માણી,
જગને પાઠ શકત જીવનના ત્યાગપ્રેમ કો' આપી ? .. જગમાં.

ધન્ય ભરત જેણે ત્રિભુવનની પરવા કરી ન કાંઈ,
ઋષિમુનિને પણ દુર્લભ એવી ચરણપાદુકા માગી. ... જગમાં.

ધન્ય ધન્ય લક્ષ્મણ કે જેણે સેવા વને સ્વીકારી,
સમજ ચિત્ત રઘુવરની પાસે કયી વસ્તુ ગણવાની ? ... જગમાં.



* * *

## ૮. પ્રભુજી, મૃગની પાછળ ધામા !

પ્રભુજી, મૃગની પાછળ ધામા !
આપ કરો ને આપ સમાવો જાણે કો તમ માયા ! ... પ્રભુજી.

સ્વામી ત્રિલોકના બધું જાણો સુવર્ણમૃગ તે શાના,
દોડયા તો પણ મૃગને હણવા અજ્ઞસમાન અહાહા ! ... પ્રભુજી.

ખેલ હતો કરવાનો તેથી કરી બધી આ માયા,
'સીતા સીતા' કરતાં રોયા વનમાં વિરહી વહાલા. ... પ્રભુજી.

અપાર લીલા પ્રભુની ભક્તન જાણે કો'ક જરા હા,
સંત ચરણમાં શીશ નમાવે સ્મરી સકળ લીલા આ. ... પ્રભુજી.

* * *



## ૯. દો વર તો દેજો આ કૃષ્ણમુરારી !

દો વર તો દેજો આ કૃષ્ણમુરારી !

જલ વિના ન જીવે મીન તમારા વિના જીવું ન તેમ કદાપિ,
ચાતક જેમ ફક્ત પ્રેમપાને તમારા શાંતિ હું ધારું સદાની. ... દો વર તો.

તારલિયા ટમકંતા દે તે પ્રેમની યાદ પુરાણી,
વાયુ વહે ને કહે વિહગ એમ રહે શ્યામનું નામ પુકારી. ... દો વર તો.

'શ્યામ શ્યામ' કરતા ભાન ભુલીને ભમું વૃંદાવન જગત માની,
કંટક વાગે વાગે પત્થર એમાં તારી મૂર્તિ નિહાળું મજાની. ... દો વર તો.

આનંદુ પ્રેમરસે મસ્ત બનીને બની રાધિકા પ્રેમની રૂપાળી,
સંત એ ધન્યતા તો ગોપી કે શિવ જાણે, એ જ છે ભીખ મહારી. ... દો વર તો.

* * *

## ૧૦. ધન્ય ગામ ગોકુલને

ધન્ય ગામ ગોકુલને, ધન્ય જશોદાનંદ વ્રજજનોને

ધન્ય મુકુટ તે શિર પર સોહે રોજરોજ જે મુગ્ધ કરે,
ધન્ય અધરના અમૃતને પીનારી પેલી બંસીને .... ધન્ય ગામ.

ધન્ય કંઠની માળ હૃદય પર રમતી રોજ મધુર ભાવે,
લહાવ પ્રણયનો લેતી ઋષિજનના પણ જે ના'વે ભાગે. .... ધન્ય ગામ.

કુંડલ ધન્ય, ધન્ય પીતાંબર, ધન્ય રઘુવર પગ જે રાજે,
ધન્ય ધન્ય એ રજ ચરણે જે શ્યામતણા નિતનિત લાગે. .... ધન્ય ગામ.

ઉદ્ધવ શોચે જડ આ વસ્તુ ય આવો લહાવો શો પામે,
સંત શ્યામની છાંય ન લાગી એ અવતાર શું સુખ આપે ! .... ધન્ય ગામ.



* * *

## ૧૧. બોલ ના તું શાને રાધે

બોલ ના તું શાને રાધે, આજે શી છે વાત રાધે !
રોજના જેવી તું આજે લાગે છે ના લાડમાં.

ત્રિલોકનું રાજ દઉં, ચાહે તો વૈકુંઠ દઉ,
સ્વર્ગ દઉં, બોલ બોલ એક ક્ષણવારમાં,
આજે કેમ શોક છાયો, રોજ જેમ કાં ન આવ્યો
શ્યામ શ્યામ સ્વર તારો મીઠો ગ્રીષ્મકાલમાં ?

ખૂટયા શણગાર કાંઈ, હાથેથી સજાવું કાંઈ,
શ્યામતા મારામાં રોજથી વધારે છાઈ કૈં ?
મુખડું ઉઘાડ બોલ શાનાથી પ્રસન્ન થા તું,
તારી પાસે સર્જનની છે નહીં વિસાત કૈં.

કાંઈ નહિ, શ્યામ મારા, રાધે રાધે ફક્ત કહી
પ્રેમથી નિહાળો ક્ષણ એક જ નિરાંતથી,
એમાં મારું જીવન, ને શ્યામ-રાધાનો જો ચાલે
રસ વ્રજવનમાં, જો જુએ વિધુ આભથી.

* * *

## ૧૨. કનૈયા, તું તો મહીમાખણચોર

કનૈયા તું તો મહીમાખણચોર.

કનૈયા, તું તો મારગે રસ્તો રોકી પેલી ભોળી ગોપીને તું તો રોક,
બંસી બજાવી પ્રેમે ચિત્ત હરી ઉડાડે મહીની છોળેછોળ ... કનૈયા.

વ્રજમાંહે એવું ઘર એક બતાવ જેમાં તે ન કરી ફોડાફોડ,
એમ તો કહે તને વ્રજવાસીમાંથી ઓળખે કો' ના ચોર. ... કનૈયા.

સંત કહે રસ્તામાં ઊભી રહી ત્યાં ગોપી વાણીનો કરતી વિનોદ,
ચોર તો ચિત્ત મારું બંસી બજાવી આજે કહું પછી સાચો ચોર. ... કનૈયા.

* * *

## ૧૩. ફક્ત આ મધુરા માખણકાજ

ફક્ત આ મધુરા માખણકાજ

પાછો તે શાનો અહીં આવ્યો, ઊભો રોકતો વાટ,
કાલે તો ગોરસ આપ્યું'તું એની એ શી વાત !
આજ પાછો કાં આવ્યો, કાન ? ... ફક્ત આ મધુરા માખણકાજ.

માખણ બહુબહુ મધુર મન હરે, ખાવા દિલ લલચાય,
થોડું આપ તો ના કૈં ખુટશે, મટકી હેઠ ઉતાર.
રોજ તે એની એ શી વાત ! ... ફક્ત આ મધુરા માખણકાજ.

કહે નંદ તો માખણ લાવે રોજ તહારી કાજ,
રોજ જશોદા જમાડે, આ તો ટેવ ખરાબ.
અમારો માલ નથી જ હરામ. ... ફક્ત આ મધુરા માખણકાજ.

ચાલ આપને જલદી પેલી ગોપી બીજી જણાય,
વાત જાણશે મધુ ના દેશે વેણુ વગાડું જરાક.
તારું કૈં મન કાંઈ ખુશ થાય. ... ફક્ત આ મધુરા માખણકાજ.

હા હા, વેણુ વગાડ, નાચ, તો આપું હું માખણ સાચ,
કાલે પણ આપવાનું સાચે નાચું તો જ રસ સાથ.
નાચને વખત હવે ન ગુમાવ. ... ફક્ત આ મધુરા માખણકાજ.

મોરમુકુટ શિર પર પીતાંબર, તિલક, સુમધુરી માળ,
પગમાં બાજત ઘુઘર નાચતો એ જોને નંદલાલ.
સંતમુનિ જેને કાજ દુઃખાય, તપસ્યા કરતાં છેક સુકાય,
નાચતો એ જોને ઘનશ્યામ. ... ફક્ત આ મધુરા માખણકાજ.

* * *

## ૧૪. શામળિયો સ્નેહથકી સંત, મળશે

શામળિયો સ્નેહથકી સંત મળશે.

માળા ફેરવે, હઠે જપ કરે ને દૃઢ આસન ઓરડીમાં વાળે,
તિલક કરે વળી તુલસી રાખે એથી શ્યામ કદી છેતરાશે ?

લાંબી વાતો કરીને ફરવું એ તો વ્હાલા શ્યામને લાજવું થાશે,
પ્રેમસાગર એ તો પ્રેમ જ જાગે તો તો જુગોજગ તે કેમ લાગે ?

દ્રૌપદી વ્યાધ અજામિલ શબરી ને ગણિકાને યાદ તું કરને,
યોગ શો સાધ્યો પેલા ગીધ ગજેન્દ્રે, થયું કામ સર્વેનું સમરને.

પ્રેમ કરીને તારી આંખમાંથી ભાઈ, ટીપું એક જ પડશે,
પ્રેમે પોકારીશ એક જ વાર તો આઘો રહી ના શકશે.

* * *

## ૧૫. રાધે ગોવિંદ કહ્યા કરશું

રાધે ગોવિંદ કહ્યા કરશું, શું કરશે કાળો કાળ રે !
રાધે ગોવિંદ સ્મર્યા કરશું, રાધેગોવિંદ ભજ્યા કરશું ... રાધે ગોવિંદ.

જગને વૃંદાવન માનીને વિચરીશું, મુક્ત સમાન રે.
રજ શીશ ઉપર ધાર્યા કરશું, શું કરશે કાળો કાળ રે ! ... રાધે ગોવિંદ.

વ્રજ જેમ જ વિશ્વમહીં ફરશું, જોઈશું કૃષ્ણકુમાર રે,
રંગાઈ રાસ રમ્યા કરશું, શું કરશે કાળો કાળ રે ! ... રાધે ગોવિંદ.

રાધે રાધેની મસ્તીમાં માણીશું જીવનસાર રે,
ગોવિંદ પુકારીશું પ્રેમે, શું કરશે કાળો કાળ રે ! ... રાધે ગોવિંદ.

સર્વે વાતોને છાંડીશું, સંતન સેવીશું સાચ રે,
રાધે રાધે રાધે રટશું સૌ શ્વાસોશ્વાસ રે ... રાધે ગોવિંદ.

* * *

## ૧૬. રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ બોલને

રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ બોલને કૃષ્ણરાધે !
વ્યર્થ વાતો બીજી બધી છોડને, બોલને કૃષ્ણરાધે !
એમાં પડશે નહી કૈં ખોટ રે ... બોલને કૃષ્ણરાધે.

અમૃતને છોડીને ઝેરને શું ચાખે,
કલ્પતરુ છોડીને અન્યને શું માગે,
ડહાપણ તું ઝાઝું ના ડોળ રે,
આવ્યો અવસર તારે આ અમોલ રે ... બોલને કૃષ્ણરાધે.

શાંતિસુખ પામવાની એક આ જ ચાવી,
કલ્યાણમુક્તિની એક આ જ બારી,
ખોશે તો પસ્તાશે ફોક રે.
તારી કરશે હાંસી ત્રણે લોક રે ... બોલને કૃષ્ણરાધે.

રાધે રાધે કરીને પ્રેમે નાચી લે,
કૃષ્ણ કૃષ્ણ બોલીને પ્રેમે ન્હાઈ લે,
જો પછી તારે શી ખોટ રે.
એની આગળ છે ફોક ત્રિલોક રે ... બોલને કૃષ્ણરાધે.

* * *

## ૧૭. કાનુડો શું કામ આવે ?

કાનુડો શું કામ આવે ?
વ્રજબાલકો બગાડનારો, એ કાનુડો શું કામ આવે ?

કાલે તો પાછું મારું માખણ ચોરી ગયો,
રોજરોજ એ સતાવનારો. ... એ કાનુડો.

રસ્તામાં આજ મને રોકી’તી આડ કરી,
બંસી બજાવી પ્રસન્ન કરી લાડ કરી,
ગોરસને કાજ નાચનારો. ... એ કાનુડો.

નહાવા પડેલાં ત્યાં વસ્ત્રો લઈ ગયો,
જૂઠાજૂઠા કાંઈ કોલે દઈ ગયો,
માતતાતને લજાવનારો. ... એ કાનુડો.

છાતીએ ચાંપુ ત્યાં શાંતિ શાંતિ આપે,
મારો તો કાન સંત ડાહ્યો. ... એ કાનુડો.

* * *

## ૧૮. મને રંગી દેને પ્રેમરંગથી

પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે,
મને રંગી દેને પ્રેમરંગથી

રાધાને રંગી ને રંગી ગોપીને,
એ જ એક પ્રેમના રંગથી. ... રે મને.

અંદર બહાર તારું રૂપ જ જણાયે,
છોળો મારું એમાં છંદથી. ... રે મને.

પાકો એ રંગ નહિ કો'દી ઊડી જતો,
અપનાવું એ જ આનંદથી. .... રે મને.

તારો લવારો કરું, જોયા તને જ કરું,
રાસ રમું મન આ પ્રસન્નથી. ... રે મને.

સંત કહે અંગે તહારી આ શ્યામતા,
ઊડી આવે છોને અંગથી. ... રે મને.

* * *

## ૧૯. એક પ્રેમી પૂજારણ જોતી પિયુવાટ

એક પ્રેમી પૂજારણ જોતી પિયુવાટ એક આંખે.
કદી મટકું ના મારતી જોતી પિયુની વાટ દિનરાતે.

હૃદયથાળ પૂજાતણો, રક્ત મહીં કુંકુમ,
પ્રસાદ એક જ ભાવનો, મંદિર વિશ્વ અનૂપ.
જ્યાં ત્યાં રોતી એ સુધબુધ ખોતી
રહી આંસુડાંની માળા પરોવી ... પિયુની વાટ.

અંગથકી પૂજી થતી, નયનચમક છે ધૂપ,
સ્તોત્ર ઊના ઉચ્છવાસ ને પ્રાણઅશ્રુ તે ફૂલ.
એ તો જાણે છે ચંદ્રની ચકોરી,
પ્રિયતમની સિતારી અમોલી ... પિયુની વાટ.

આજે પ્રિયતમ આવશે, આજ જરૂર જરૂર,
જોતી'તી બહુ રાહ એ, હવે ભૂલી છે ધૂન.
શૂન્ય જેવી પડી એ રહેતી,
પ્રેમમસ્તીમાં મસ્તાની એવી ... પિયુની વાટ.

* * *

## ૨૦. પ્રભુ મને શું જોઈ અપનાવ્યો !

પ્રભુ મને શું જોઈ અપનાવ્યો !
મૂર્ખ મલિન પતિતસમ જગતનો શુદ્ર જીવ રમનારો. ... પ્રભુ મને.

નહિ ભણેલ કૈં, શાસ્ત્રગ્રંથને ના સમજી શકનારો,
મંત્રતંત્ર કે ક્રિયા ન કાંઈ, લાગ્યો તે શું રૂપાળો. ... પ્રભુ મને.

કદીકદી કરતો દૃષ્ટિ તે પણ પૂરી તો ન પિતા ઓ.
સંત તમારી કરુણા એક જ, આમ જ રહું અપનાવ્યો. ... પ્રભુ મને.

* * *

## ૨૧. જ્યારથી છૂટાં પડ્યાં આપણે

જ્યારથી છૂટાં પડ્યાં આપણે
મારી વાચા થઈ ગઈ બંધ રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

શૂન્યમનસ્કશો તેં મૂક્યો અહીં
પૃથ્વીપટે ચિરકાળ રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

જગને જોઉં તો તું જ સાંભરે,
આંખે આંસુડાયે આવે અપાર રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

પોકારું રોજ તને પ્રેમથી
મને લૈને સમાવને પ્રાણ રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

મુક્તિ કે સ્વર્ગ જણાય ના રહ્યા
એક જેવાં બે જ પ્રાણ રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

આનંદતાં અંગ આવશું, આજ
ભેટ્યાં તો છીએ પૂરણ રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

પડદા ખુલી ગયા પ્રેમના પછી
પૂછવાની શી વાતે રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

આનંદ એક તારા પ્રેમમાં સંત
આવી છે પ્રેમની વાત રે,
પ્રેમમૂર્તિ રાધે રાધે !

* * *

## ૨૨. ઓ માતા એક મહારી

ઓ માતા એક મહારી, ઓ વિરાટની પટરાણી,
ઓ સીતા, શક્તિ અનાદિ, ઓ શ્રીવૃષભાનદુલારી ! ... ઓ માતા.

તને મનુજની સૃષ્ટિસ્વામિની, હોય ન પરવા કાંઈ,
મને ધરી વરમાળ છતાંયે એ આશ્ચર્ય અનાદિ. ... ઓ માતા.

નામનિશાન વિનાનો હું અને તું સૃષ્ટિ સકલમાંહી,
મને કર્યો તુજ પ્રેમપાત્ર એ સ્વપ્ન તો નથી કાંઈ. ... ઓ માતા.

પગમાં જે ચૂંથાતો તેને શિર પર દીધો ધારી,
જાણતું ના કો' તેને દીધો હૃદયે હાર બનાવી. ... ઓ માતા.

મસ્ત હવે તો પ્રેમમહીં, બસ મારી આજ ખુમારી,
આજ પ્રેમગૌરવથી મારી ફૂલી રહે નિત છાતી. ... ઓ માતા.

શી છે કમી મહારે, તું છે તેનું છે સૌ કાંઈ,
તારી એક જ પ્રેમધૂલિમાં સર્જન જાય સમાઈ. ... ઓ માતા.

તું બ્રહ્મા ને વિષ્ણુ કદીકદી બનતી તું જ ત્રિપુરારિ,
તું જ શક્તિ જગત આતમ, તું જ કલ્પ્યું તે સૌ કાંઈ. ... ઓ માતા.

કૌપીન અને કરતાલ હૃદય : બીજી મૂડી ન મારી;
સંત છતાં નૃપ જેવો ફરતો એ લીલા છે તારી. ... ઓ માતા.

* * *

## ૨૩. જગમાં પ્રભુના જેવું ન કાંઈ

જગમાં પ્રભુના જેવું ન કાંઈ
બીજા વેપારોની મંદી તેજી પ્રભુ ભજવાની. ... જગમાં.

પરિશ્રમ પડે સ્વલ્પ, સુખ મળે અદ્દભુત મંગલદાયી,
એક આંસુ સારે નિધિ મળતો આનંદરસનો ભારી. ... જગમાં.

સંસારી વિષયોમાં સારી શક્તિ જાય હણાઈ,
મૃગજળ જેવા શાંતિ ન આપે, આવી વાત જ ન્યારી. ... જગમાં.

ધન ના જાયે, ધરા ન જાયે, જાય ન શક્તિ હણાઈ,
સુલભ સુલભથી પણ, નિર્બળ પણ જીતી જાયે બાજી. ... જગમાં.

જેણે છે એ પ્રેમબુંદની મીઠાશ જરી ચાખી,
માયા મૃત્યુ ન એને કાંઈ એ એની બલિહારી. ... જગમાં.

હરતાં ફરતાં આ તો ચાલે, મનમાં શાંતિ સમાતી,
સંત પ્રેમની રીત જ એવી ભજને સારંગપાણિ. ... જગમાં.

* * *

## ૨૪. આવજો શ્યામ, એકવાર ફરી

આવજો શ્યામ, એકવાર ફરી વૃંદ
વાટ હજીયે જોઈ રહી છે વ્રજકુંજ. ... આવજો શ્યામ.

લીલા તમારી પેલી પ્રેમભક્તિની લઈ,
રાધાને લાવજો જરૂર. ... આવજો શ્યામ.

વાંસલડી અધરે અમૃતભરી મૂકી,
સૂર વહાવતાં મધુર. ... આવજો શ્યામ.

રાહ જુએ છે વહાલાં ચરણની રજને
યાદ કરી વ્રજધૂળ. ... આવજો શ્યામ.

સંત કહે જો આવો શામળિયા, તો મને
કરજો ગોપિકા જરૂર. ... આવજો શ્યામ.

* * *

## ૨૫. જય જગદંબે, મા જગદંબે

જય જગદંબે, મા જગદંબે, માતા વિશ્વવિલાસી !

ઈન્દ્રધનુષ પર આસન માંડી, વાદળબાજઠ રાખી,
ક્ષીરસાગરે ફૂલ સેજસમ બેઠી શાંતિ શું ધારી !

કરમાં વીણા, કુંડળ કર્ણે, કબરી કેશ સુહાતી,
મુગ્ધ દૃષ્ટિ છે ઘેનભરીસમ, વીણા રહી વગાડી !

આકાશે બેઠી છે લાખો અપ્સરા ઊભી દાસી,
વાયુ ઢાળતી કર જોડીને કોઈ નિશ્ચલતાશી.

આ જ મૂળ જેમાંથી સઘળી લાગે સૃષ્ટિ સર્જાઈ,
બ્રહ્મા વિષ્ણુમહેશ જે થકી પ્રગટ્યા એ જ અમારી.

તેજ છતાં ના આંજનાર, છે શાંતિ ઘણી જ સુહાતી,
કેમ વર્ણવવું વૃત્તિ ત્યાં જઈ રૂપમહીં જ સમાતી.

મુક્તિ ભક્તિ કર જોડી સેવે એ છે પાવનકારી,
સંત ભૂલી બધું 'મા મા' કરને એ જ સાધના સારી.

* * *

## ૨૬. પ્રભુએ ઝેર હલાહલ પીધું

પ્રભુએ ઝેર હલાહલ પીધું
સર્જનના સ્વામી પણ અમૃતબિંદુ ન એકે લીધું ... પ્રભુએ.

લેવાદેવા ના કૈં તો યે એ જ પીવાનું સ્વીકાર્યું,
હોત નહીં પ્રભુ તો જગ આખુંય જાત રસાતલ માર્યું ... પ્રભુએ.

લોકદયા આડે પ્રભુએ ના હિત પોતાનું આણ્યું,
સંત દયાળુ ગણાયા તેથી, ચરણ ધરો શિર ચારુ ... પ્રભુએ.

* * *

## ૨૭. લીલા કોણે આપની જાણી?

લીલા કોણે આપની જાણી ?

સ્વયં મહેશ, સખા ધનેશ ને કુબેરશા બડભાગી,
ગણપતિપુત્ર છતાંય ધુમીધુમી ભિક્ષા લેતા માગી ... લીલા.

સૃષ્ટિ સકળના સ્વામી તોયે સ્મશાનના છો વાસી,
વસ્ત્રની ન ખામી દિગ્ ધારી, સર્પડમરુ સંઘાતી ... લીલા.

ત્રિભુવન ત્યાગી કૈલાસ વસો, ઉમા રૂપની રાણી:
સંત આપની લીલા સમજે માયામય ના કાંઈ ... લીલા.

* * *

## ૨૮. રસ એ વર્ણવ્યો શે જાય ?

રસ એ વર્ણવ્યો શે જાય ?
મન પહોંચે ના પહોંચી વાણી ત્યાં જ સમાય ... રસ એ.

પતિવ્રતા કોઈક પ્રિયતમ પાસ પહેલી જાય,
પામતી સંકોચ શરમાતીઃ હૃદય રસધાર ... રસ એ.

પછી તો પતિ જાણતાં લે બાથમાં તત્કાળ,
એક જેવાં મસ્ત મ્હાલે ભૂલતાં નિજ પ્રાણ ... રસ એ.

દશા દિવ્ય અહા, જરા અસ્તિત્વ કૈં ન જણાય,
શાંતિ ને આનંદ તે પણ પછીથી સમજાય ... રસ એ.

સંત છૂટા છે પડ્યાં પણ રહે એક સમાન,
છે ચિતાર સમાધિનો અનુભવી સમજી જાય ... રસ એ.

* * *

## ૨૯. પ્રભુનો જો ન પ્રકટ્યો પ્રેમ

પ્રભુનો જો ન પ્રકટ્યો પ્રેમ
પશુ વનસ્પતિ પત્થર થકી જડ ગણો નરદેહ ... પ્રભુનો.

જન્મ પામી મનુજનો જે ના કરે પ્રભુનેહ,
માતતાત લજાવતો કમભાગ્ય એકલ એ જ ... પ્રભુનો.

એ જ સુખિયો પ્રભુચરણ જે રેલતો રસરેલ.
સંત જીવન સફલ તેનું જ પ્રભુ કરે જો પ્રેમ ... પ્રભુનો.

* * *

## ૩૦. પ્રભુના નામને સુણતાં જ

પ્રભુના નામને સુણતાં જ હર્ષથી ના અંગ નાચે,
હૃદય રાચે રંગથી ના, ભાર એ અવતાર ... પ્રભુના.

નીર ચાલે નેત્રમાંથી કંપિત બને ગાત્ર,
નાચવા લાગે રસથકી છેક ભૂલી ભાન ... પ્રભુના.

મધુકરકમલ જેમ રાચે ઈશલીલામાં જ,
સ્વર્ગથી પણ અધિક વૈભવ માણતો ઉરમાંય ... પ્રભુના.

સંત લાખો પુણ્યનો આ માન સાચ પ્રતાપ,
ઊંધું જો આના થકી તો માન કેટલું પાપ ! ... પ્રભુના.



* * *

## ૩૧. કહો શો યોગ બીજો થાય

કહો શો યોગ બીજો થાય ?
સાંભરે નિજપ્રાણસમ ઘનશ્યામ દિન ને રાત ... કહો શો.

આંખ બંધ બને કહો શે જ્યોતિમાં મન જાય,
ધાર નયનેથી ઝરે બોલી વિરહની વાત ... કહો શો.

આજુબાજુ બધેય શ્યામલ એ જ રૂપ જણાય,
ઓરડીમાં બંધ શું થવું, સ્વાદ એ શું ચખાય ! ... કહો શો.

શ્યામ શ્યામ વિના ન બીજા મંત્ર એક જપાય,
સંત સુધબુધ ના રહે ત્યાં યોગ કેમ કરાય ? ... કહો શો.

* * *

## ૩૨. ઉદ્ધવ, કહું છું મનની વાત

ઉદ્ધવ કહું છું મનની વાત,
રોજ ગોકુલ યાદ આવે મથુરામાંયે સાચ. ... ઉદ્ધવ.

દાણલીલા, એ મજાના પૂર્ણિમાના રાસ,
બંસરીના સૂર, શૈશવ પાછું એ ના થાય ? ... ઉદ્ધવ.

ગોપ ગોપી ગાવડી ને રાધિકા રસધાર,
નંદ ને મૈયા જશોદા બાંધતી જે હાથ ... ઉદ્ધવ.

સ્વર્ગ જેવા દિવસ એ, અહીંયા ન એ રાસ સાચ,
વ્રજ નથી ને શૈશવ નથી, પાછું શે એ થાય ! ... ઉદ્ધવ.

સંત ઉદ્ધવ વિનવતા પ્રભુ, જાવ ગોકુલગામ,
મને ગોપી એક કરજો ભૂલશો ના વાત ... ઉદ્ધવ.

* * *

## ૩૩. રાધા હું તો રસની રેલ !

રાધા હું તો રસની રેલ !
ગૌર, સુંદર, પ્રેમપૂર્ણ, અષાઢનો જ્યમ મેહ ... રાધા.

શ્યામના અંગે અડી ત્યાંથી જ ધન્ય બનેલ,
બંસરીના મિષ્ટ સ્વાદે અમીપૂર્ણ થયેલ ... રાધા.

શ્યામમાં રહું, શ્યામ સાથે વાત કરું નિત એક,
શ્યામને જ નિહાળું, સરિતા જતી શ્યામદિગે જ ... રાધા.

શ્યામના મધુર રૂપઅમૃતથી ભરેલી દેહ,
સંત શ્યામથકી જ જીવન પામતી વ્રજવેલ ... રાધા.

* * *

## ૩૪. રાધા તું મને નહીં વિસરે ને ?

રાધા તું મને નહીં વિસરે ને ?
હું તો તને જીવનમાં કદીયે નહિ વિસરું, તું વિસરશે ?
સદા રહેશે યાદ ભલે વૈકુંઠ જશે, સ્મૃતિ મટશે ... રાધા.

ગૌર શરીર, વિલોલ વિલોચન, અંગ અનંગનું જાળું,
લોલ કપોલ, ભાલ રસબિંદુ, શશીરવિ કુંડલ ચારુ,
કેશ સુરતટિની નહરસમા છૂટા, મુખ શોભાવાળું,
વાદળની માળામાં જાણે ચંદ્ર હસે મલકાતું,
રૂપ આવું ત્રિભુવનમાં ન મળે, હૈયેથી ના ખસશે ... રાધા.

તારા વિણ ગોકુલ શોભત શે, રાસ રમાત શું ચારુ ?
મુજને પ્રેમમહીં રમવાની તક ક્યાં મળત જ વારુ ?
શ્યામ શ્યામ કરતી ફરતી તે રૂપ થતું'તું મજાનું,
તને ખબર છે રાધા રાધા કરતો હું યે છુપા તું ?
સંત તું પ્રકૃતિ, પુરુષ હું ધરતાં પ્રેમપાઠ આ જગને ... રાધા.

* * *

## ૩૫. રાધા, તું તો રસની રેલ

રાધા, તું તો રસની રેલ !
રસ ન ખૂટે પીંઉ પીંઉ પરંતુ પૂર્ણભરેલ ... રાધા.

વાદળી આષાઢની, શો લચમચે છે દેહ,
પૂર્ણિમા ઓ પ્રાણને કરનાર પ્રેમ એક ... રાધા.

ગોરસી ગોરસછલી, અમૃતભરેલી હેલ,
બંસરીથી યે વધારે મિષ્ટ પ્રેમભરેલ ... રાધા.

શ્યામજલની મીન, ત્રિભુવન અખિલની બસ એક,
રાધિકા ઓ રાધિકા, તું ખરે રસની રેલ ! ... રાધા.

ના મળે વૈંકુઠમાં આ રસ ન ભૂતલદેહ,
ક્ષીરસાગરમાં નહીં, રાધા જ એ સ્વયમેવ ... રાધા.

જોઉં જોઉં છતાંય મારાં તૃપ્ત ન થતાં નેન,
સંત આવું જ ક્ષણક્ષણ રહો મસ્ત કરતું ઘેન ... રાધા.

* * *

## ૩૬. રસનો થાય ન રાધા, ભંગ

રસનો થાય ન રાધા, ભંગ.

આમ જ ઊભી રહેજે આંખે ઠારી આંખમયંક,
હૃદયકમલદલ ખીલે સોળ કલાએ આજ અનંત ... રસનો.

જીવન સુધા, અમી અંતરની, મુજ દરિદ્રનું ધન,
પીવા દે બસ મસ્ત બનીને પ્રેમ ઝરે જે અંગ. ... રસનો.

કોણ પીતું ના પાર પમાયે, એવો છે આ રંગ,
હૃદયરસથકી રાધેરાધે ગૂંજે જ્યમ મકરંદ. ... રસનો.

રાધાવદનકમલ મનમધુપઃ ન રસ પીવાનો અંત,
સંત સંતપણું ગયું મટી હવે લાગ્યો રાધારંગ ... રસનો.



* * *

## ૩૭. કુંડલ કાં લગાવ્યા કાન ?

કુંડલ કાં લગાવ્યા કાન ?
તું જ રૂપાળી કેમ કુંડલ તો પહેર્યાં આજ ? ... કુંડલ.

તું જ શોભા દે સકળને તને કો' દેનાર ?
કુંડલ મળ્યાં આજ લાગે સુંદર થવા કાજ ... કુંડલ.

લાગ્યું એમ તને વદન તુજ મધુર બનશે સાચ ?
દૃષ્ટિ છે પર્યાય ઉરને ખેંચવાને કાજ. ... કુંડલ.

સંત સૃષ્ટિનું રૂપ રાધા ભોળુડી પણ સાચ,
ઉતર્યાં કુંડલ અહા, શોભી રહી શતવાર ... કુંડલ.

* * *

## ૩૮. મુરલી કેમ બજાવો, કાન?

મુરલી કેમ બજાવો, કાન ?
ગોપી સહસ્ર ઈર્ષ્યા કરતી છે સુંદર શતવાર ... મુરલી.

એક લાડકી તે પણ કાળી પોલી પારંપાર,
શ્યામ જ કરતાં પસંદ કે સૌ પોતે છે ઘનશ્યામ ... મુરલી.

અમૃતમય આવા ધ્વનિ બીજે સુણ્યા નથી મેં ક્યાંય,
હલકી છેક બની છે તેથી મુરલી અધર સુહાય ... મુરલી

સંત શ્યામના અધરરસમહીં ન્હાવાને લલચાય,
છેક કરી દે હલકું હૃદયને, શ્યામમય કરો, શ્યામ !.. મુરલી.

* * *

## ૩૯. ધૂળમાં મનુજજન્મ ના ઢોળ

ધૂળમાં મનુજજન્મ ના ઢોળ,
ઉકરડે ના દે ફગાવી રત્ન મળ્યું અણમોલ ... ધૂળમાં.

વાસના ને વિષયમાં ના ખરચ શક્તિ અમોલ,
ઈન્દ્રિયોના લાલનમહીં રમત રમતાં ઢોર ... ધૂળમાં.

ચોરાસીના ફેરા તારે ફરવા છે કે બોલ,
અહીં જ મુક્ત થઈ જવાની ધૂન કાં ના હોય ? ... ધૂળમાં.

મૃત્યુના સ્વામી થવા દૃઢ ઈચ્છતો ક્યમ ન્હોય ?
આધિવ્યાધિજરા ઉપર ચઢનાર વિરલો કો'ક ... ધૂળમાં.

સંત યોગી મુક્ત બનવા તર્ક મનમાં હોય,
ઊઠ તો ના ઝંપ જ્યાં લગ ધ્યેય સિદ્ધ ન જોય ... ધૂળમાં.

* * *

## ૪૦. સાગર આ અગાધ અપાર

સાગર આ અગાધ અપાર.
જેમ ઊંડે જાવ તેમ જણાય ઊંડું વધાર ... સાગર.

રત્ન કૈંક પડ્યાં અનેરાં શકી કેમ ગણાય,
વિરલા બેચાર પામે, તાગ તો ન પમાય ... સાગર.

સ્વાદની છે વાત જથ્થાની નથી પણ સાચ,
એક કણ સાકર મળે ત્યાં ધન્ય કીડી થાય ... સાગર.

સંત મારો ડૂબકી ને સદ્ય ખોઓ આપ,
ધન્યતા અનુભવો મોતી આવે આપોઆપ ... સાગર.

* * *

## ૪૧. બળ મળે જનમાં ના તલભાર

બળ મળે જનમાં ના તલભાર
માને પ્રભુ પ્રસન્ન કર્યા મેં મૂર્ખતા જ એ સાચ ... બળ મળે.

પ્રભુની કૃપા વિના ન મળે એ કદીયે કોટિ ઉપાય.
રમતાં રમત ન ઈચ્છીયે મળતો એનો જો નિરધાર ... બળ મળે.

તપી તપી મરે, જપી જપી જલે, થાય ન તોય પ્રકાશ,
કદી કદી યાદ કરે તે જનને આવી ઊભે દ્વાર ... બળ મળે.

બલ શું મનુજમાં, એનાથી પ્રભુને તે શે કલ્પાય ?
પ્રેમ નિહાળી કિન્તુ પધારે પ્રભુજી દીનદયાળ ... બળ મળે.

સ્વલ્પ હૃદયને શુદ્ધ કરી લે પ્રભુનો થાય પ્રકાશ,
અલિ કમલે પ્રેરાશે સંત મહાપ્રભુ અનુભવ ગાય ... બળ મળે.

* * *

## ૪૨. વહે છે આતમઅબ્ધિ અગાધ

વહે છે આતમઅબ્ધિ અગાધ,
મારી લેને એક ડૂબકી જીવન બને કૃતાર્થ ... વહે છે.

જલમાં, સ્થલમાં, પશુપંખીમાં, ચેતન ને જડમાંહ્ય,
એ જ ઉછળતો, તરંગ એના સચરાચરની માંહ્ય ... વહે છે.

નથી સાધના કપરી કાંઈ મળશે જે છે આશ,
સંત સમજવી વાત આટલી આતમ વિના કાંય ... વહે છે.

* * *

## ૪૩. શંકર, આશુતોષ ભગવાન !

શંકર, આશુતોષ ભગવાન !
ગૌરીનાથ, ત્રિપુરહર શંભો, ત્રિનયન, પશુપતિનાથ .. શંકર.

નથી આશા ઈચ્છા કાંઈયે મુક્તિસ્વર્ગધનધામ,
એક નિરખવા આંખ ભરીને આવ્યો એથી દ્વાર ... શંકર

નથી મંત્રન શક્તિ, તપ નહીં, યોગ્ય નથી તલભાર,
પ્રેમ મનુજનો હોય શું મારો, એક નામ વિશ્વાસ ... શંકર

નિભાવી લીધો બાલકપણથી પોષ્યો આપે યાદ,
એક ભરોસે આવ્યો સુણતાં શંકર દીનદયાળ ... શંકર.

બીજી ગણના આશુતોષ તે માનું હું કેમ પ્રમાણ ?
સંત મહાપ્રભુ દર્શન દો તો આશુતોષ કહું સાચ ... શંકર.

* * *

## ૪૪. ઉમા, શંકરને દેજે યાદ

ઉમા, શંકરને દેજે યાદ
રડ્યોખડ્યો કે શક્તિહીન છે જન આ જોતો વાટ ... ઉમા.

પરવા એ ના રાખે કોની, તુંજ નિત દેતી યાદ,
ભક્તોના જલ ના ગણકારે, તું જ દેખાડે ભાવ ... ઉમા.

પદ્મ સહસ્ત્ર ચઢાવ્યાં ઈન્દ્રે, બીજા તપ્યા અપાર,
અશ્રુપુષ્પ છે મહારી પાસે ચઢાવું દિન ને રાત ... ઉમા.

તપબલ નથી, સદાય નિહાળી વિનવું છું દર્શનકાજ,
સંત ન તારે કમી થશે કૈં, મારી મિલકત આ જ ... ઉમા.

* * *

## ૪૫. સાધક, દર્શન કાજ શું રડે?

સાધક દર્શનકાજ શું રડે ?
ફગાવ આશા, પ્રેમ સ્વયંભૂ જીરવ એને હવે ... સાધક.

હૃદય ભલેને તૂટે, દર્દે અકળાવું ના ગમે,
એય લહાવ છે છોને અંતે શરીર એમાં પડે. ... સાધક.

પરવાં કાં તુજને દર્શનની, બદલો આ તો બને,
તારે તલસવું પ્રેમકાજ છે, રડ એમાં સુખ છલે. ... સાધક.

પ્રેમ પ્રકટ કર અંતરમાંથી, પ્રેમ જ બન રે હવે.
સંત તું પોતે પ્રિયતમ બનશે કીટભ્રમરની રુએ. ... સાધક.

* * *

## ૪૬. થયો સાચે હું બડભાગી

થયો સાચે હું બડભાગી તહારા પ્રેમને પામી,
રહ્યો અમૃત ગટગટાવી તહારા. ... થયો.

નથી ઈચ્છા સુંવાળી સેજમાં સાથે શયન કરવા,
વિરહના તપ્ત અંગારે સજી શય્યા મધુર મારી ... થયો.

નથી ઈચ્છા તહારા કરકમલની માળ શિર ધરવા,
નયનનાં અશ્રુથી ભરપૂર છે મારી થઈ છાતી ... થયો.

નથી ઈચ્છા તને અવલોકતાં આનંદ કરવાની,
સ્મરણમાં ખાખ બનવાની મજા આવે મને ભારી ... થયો.

તને આ લાગશે ભારે, છતાં પણ તૃપ્તિ તો વળશે.
વિરહ આશ્લેષ માનીને તુંયે આનંદ કરનારી ... થયો.

હૃદયને તૂટવા દેજે, નયનજલ ખૂટવા દેજે,
થયો સાચે જ બડભાગી પ્રિયા આવી પરમ પામી ... થયો.

હૃદયમાં સંત છે રાખી, ક્ષણેક્ષણ દૃષ્ટિ લઉં ઢાળી,
જુદાઈ ધૂળમાં દાટી પછી શી હર્ષની ખામી ! ... થયો.

* * *

## ૪૭. ખરેખર આશુતોષ ભગવાન

ખરેખર આશુતોષ ભગવાન

નિર્બળતા તેથી ના મળતા, નથી પૂર્ણ વિશ્વાસ,
બળ ધરશે એ હશે ભરોંસો એક તો ય જગતાત. ... ખરેખર.

આ જગમાં જનમીને લહાવો ઈશ્વરદર્શન સાચ,
જતો ન કરશો કોઈ પ્રભુ તો ભક્તવત્સલ ગણાય. ... ખરેખર.

પ્રાર્થના કરો, વિનવો તેને, શક્તિ એ જ પર્યાપ્ત,
બાલક જેમ સરલમન બનવા રડજો સમજી માત. ... ખરેખર.

જોજો સુખની વૃષ્ટિ થતી એ, કરશે આત્મ કૃતાર્થ,
એક જ ક્ષણમાં જીવન બનશે સફળ અનેરું પ્રશાંત. ... ખરેખર.

એક જ ક્ષણમાં પર્યાપ્ત કલિયુગ વ્યાકુળ દર્શનકાજ,
સંત સત્ય પણ શીશ નમાવો પ્રભુનાં ચરણોમાંહ્ય. ... ખરેખર.

* * *

## ૪૮. ગુરુ એ ઈશ્વરનો અવતાર

ગુરુ એ ઈશ્વરનો અવતાર
એને ક્ષુદ્ર મનુજ ના માન.

પોતે તરી અપરને તારે દયાર્દ્ર કરુણાગાર,
અકારણ દયા કરે વિમલ ને સમદર્શી સુખધામ. ... ગુરુ એ.

સ્વાર્થ નહીં પ્રેમથકી દેતા પલટાવી જનકાય,
ઉપમા ક્યાં પારસલોહાની કરતા આપ સમાન ... ગુરુ એ.

મમતાહીન, નિરભિમાની પ્રતિમા, બાલસમાન,
ધારે તે કરવા સમર્થ, કરતા જનહિતને કાજ. ... ગુરુ એ.

ગુરુશરણમાં જા, ન સાધના કરવી પડશે ભ્રાત,
સંત ગુરુના ચરણ સેવતાં વસ્તુ સર્વ સેવાય. ... ગુરુ એ.

* * *

## ૪૯. જગમાં હરિદર્શનને કાજ

જગમાં હરિદર્શનને કાજ
જન્મ મળ્યો છે તેને શાને વૃથા ગુમાવો આમ ? ... જગમાં.

સુતવિતદારામાં લપટાઓ ઈન્દ્રિય વિષયોમાંહ્ય,
અર્થ સરે ના જેથી કાંઈ, શક્તિ અમૂલ્ય હણાય. ... જગમાં.

શાંતિ પ્રાપ્ત કરવાને આવ્યા ઉલટા થાવ અશાંત,
સુખને બદલે સંકટ પામો એ લજ્જાની વાત. ... જગમાં.

જેણે તન ધર્યું તેને ભુલ્યા ભુલ્યા ને નિજ ધામ,
ત્રિશંકુ જેવા ફરો જગમાં નથી કયાંય આરામ. ... જગમાં.

જીવન અમર વિષેભર કરતા થતા વળી બદનામ,
સંત કરો વિશ્રામ આત્મામાં એ છે અક્ષયધામ. ... જગમાં.

* * *

## ૫૦. શંકર, પ્રભુ દર્શન દોને હવે

શંકર પ્રભુ, દર્શન દોને હવે
નહિ તો આશુતોષ ઉર મારું તમને નહીં કહે ... શંકર પ્રભુ.

જગ જાણીને વાત તમોને વગોવશે નિત એ,
લાજ તમારી ભારે જાશે, દોને દર્શન હવે. ... શંકર પ્રભુ.

અનેકને દીધાં છે મુજને દોને પ્રભુજી, તમે,
પળ વીતી યુગ જેવી લાગે, આવું તે ક્યમ બને ! ... શંકર પ્રભુ.

પરબ તમારી ભક્તિતણી તરસ્યા જન કો' ના ફરે,
સુણીને આવ્યો દોને દર્શન સુંદર મધુરા સ્વરે. ... શંકર પ્રભુ.

પ્રકટ્યા ત્યાં તો આશુતોષ પ્રભુકરુણાથી ભર સ્વરે,
અહા શાંતિ, આનંદ, સંતનાં નયનો ધન્ય બને. ... શંકર પ્રભુ.

* * *

## ૫૧. શંકર આશુતોષ ભગવાન

શંકર આશુતોષ ભગવાન !

શક્તિ નથી કૈં કેમ દુઃખાવો, નિર્બળ હું ખરે નાથ,
કૃપા કરો તો જ થશે મારો આજ બેડો પાર ... શંકર.

એક જ ક્ષણમાં દર્શન દેવા સમર્થ તોયે તાત,
કાં ના આવો, કરો પરીક્ષા, શક્તિ નથી તલભાર ... શંકર.

પિતા પધારો, દર્શનકાજે આજ તલસતો પ્રાણ,
ઉર ધડકે છે, કંપ થાય છે, ગદ્ ગદ્ સ્વર ન વદાય ... શંકર.

ક્ષુદ્ર હું તમે અનંત, નિર્બળ હું તમે મહા બળવંત,
દયા દીન પર કરો, પ્રાણમાં એ જ પડે પડછંદ ... શંકર.

દ્વાર તમારે પડ્યો સંત નહિ અપનાવો ભગવંત,
ના ના આશુતોષ તો શાના, વિરહનો નથી અંત ! ... શંકર.

* * *

## ૫૨. પ્રભુજી, આવોને દર્શન દેવા

પ્રભુજી, આવોને દર્શન દેવા પ્રેમે તમો રે.

દ્વાર તમારે પ્રેમે આવ્યો, પાછો કેમ જઉં હવે ઠાલો
દૃષ્ટિપાત કરોને, તાપ ત્રિવિધ ટાળો પ્રભો રે ! ... પ્રભુજી.

તમે મ્હારા એક પિતા છો, લેશે કોણ તમે કર નહિ લો
આવો પ્રેમસ્વરે બોલોને આવ્યો બાલુડો રે. ... પ્રભુજી.

નીચ પાપભર જન જે આવી કહે 'તમે મારા' એ વાણી,
લેતા તેને તો અપનાવી એમ તમે કહો રે. ... પ્રભુજી.

સંત મહાપ્રભુ સૌથી પાપી નીચ પુકારું છું શીશ નમાવી,
તો કાં વેળ કરો, અપનાવી લો પ્રેમે પ્રભો રે ! ... પ્રભુજી.



* * *

## ૫૩. હજી કેમ ઊઘડ્યાં ના તમ દ્વાર?

હજી કેમ ઊઘડ્યાં ના તમ દ્વાર ?
પ્રભો, તમે પ્રેમી ઘણા જ ગણાવ,
કઠોર મારી પ્રતિ એક કાં થાવ,
પળો જાય, ભંગુર છે પ્રભુ, કાય,
દોને હવે દર્શન ઓ મુજ પ્રાણ,
નથી તલસાવવામાં જરી સાર.

નથી ઈચ્છા, સ્વર્ગતણી નથી આશ,
નથી માગવાનો કાંઈ વરદાન,
પ્રેમે મારાં રોમરોમ ઊભાં થાય,
મારે કાજ એજ છે લહાવ પર્યાપ્ત.
તમારી ચરણરજમાં પ્રશાન્ત.
પ્રભો, મને મીંચવા દોને આંખ.

ભલે રૂપ ધારીધારી ના જોવાય,
ભલે સ્નેહશબ્દોયે ના બોલાય,
ભલે મારાં આંસુડાં છેક ઢોળાય.
તમારા કરકમલે ના લ્હોવાય.
સંત ચરણરજમાં પ્રશાન્ત.
પ્રભુ, મને મીંચવા દો મારી આંખ.

* * *

## ૫૪. હું તો પ્રેમદિવાનો

હું તો પ્રેમદીવાનો !
પ્રેમ આંખમાં આંજીને હું જગમધ્યે ફરનારો ... હું તો.

તારાં નયનકમલનો પ્યારો હું તો ભ્રમર રૂપાળો,
ઠરી ગયો ઠરી ગયો કમલદલે પગ મારો ... હું તો.

તુજ ઉરજલનો મીન હું, પ્રાણ શરીરતણો હું તારો,
તને લઈ જગેજગે છાય જેમ ફરનારો ... હું તો.

ફૂલ તું તો હું સુવાસ તે જો રવિ તો પ્રકાશ તારો,
મળી ગયો મળી ગયો પ્રાણ આપણો ન્યારો ... હું તો.

સંત હું તો ના જગતમહીં, તારા જ મહીં રમનારો.
થયો ખરો થયો ખરો ખેલ આપણો આવો ... હું તો.

* * *

## ૫૫. મન, ઉડોને ઉડુગણપાર

મન ઉડોને ઉડુગણપાર.

જ્યાં પ્રકાશ ના ક્ષુદ્ર પહોંચે ભેદીને અવકાશ,
જેમ પંખી ભેદે છે આભ ... મન.

શાંતિ તો ગમે છે તો લોને એ જ શાંતિનો સ્વાદ,
ચાખી નથી જરીય હજી એ નહિ તો ઊડત ત્યાં જ ... મન.

નામનિશાન નહીં જ્યાં ગુણ ના, એ જ્યોતિષ્પથ પાર,
મૃત્યુ જન્મ ને જરા વ્યાધિની સંત જ્યાં ન ઘટમાળ.
દૂર ત્યાં અમૃતનિધિની માંહ્ય ... મન.

* * *

## ૫૬. ઊંઘે ઘોર શું આખી રાત !

ઊંઘે ઘોર શું આખી રાત !
કાળ ભમે છે શિરપર તે ના આવે તુજને યાદ ? ... ઊંઘે.

ઊંઘીઊંઘી હજી ન થાક્યો બગડ્યો તેથી કાળ,
ઊંઘમાં જ લૂંટાયો, ઊઠ, તું ભૂલ્યો કાં વ્યાપાર ... ઊંઘે.

સોદો તારો સમય માગતો, માગે શક્તિ અમાપ,
નહીં પતે તે વિલંબ કરતાં જીત આજ ને આજ ... ઊંઘે.

જ્યાંલગ જીત્યું ન મૃત્યુ, જ્યાં લગી પીધ ન અમૃતધાર,
ત્યાંલગ ઊંઘવું ગમે શું તુજને, એ તો પામર કામ ... ઊંઘે.

સંત જાગ બીજા ઊંઘે છો, જીતી જા અવતાર,
એકવાર જાગી જા, સૂજે પછી દિવસ ને રાત ... ઊંઘે.

* * *

## ૫૭. સાધુ, કદી મન નિરાશ ન હોય

સાધુ કદી મન નિરાશ ના હોય,
અપાર સાગર શો મારગ આ ક્ષણમાં ના તર તોય ... સાધુ.

પડ્યા રણમહીં તો લડવા મરવાની વાત જ હોય,
જીવ ટકે ત્યાં લગ તો બાજી નાસી જવાની છોડ ... સાધુ.

ભલે પડે અહીં શરીર રણમાં, જગમાં પડશે તો ય,
અમર અહીં બનશે, ના જગમાં ઓળખશે જન કોય ... સાધુ.

ગહન માર્ગ છે પણ ધીરેથી તેનો પારે હોય,
સંત ચાખશે ધીરપણાનાં અંતે ફળ અણમોલ ... સાધુ.

* * *

## ૫૮. પ્રભુજી, આવો દર્શન આપો

પ્રભુજી, આવો દર્શન આપો.
નમન તલસતાં, આંસુ વહે છે, વેળા કેમ લગાડો ... પ્રભુજી.

નીચ પાતકી પતિત ન અધમ હું તેથી અચકાઓ ?
પતિતદીનકાજે તો અંકે તમારો રહે ઊઘાડો ... પ્રભુજી.

ભક્તવત્સલ, હું નથી ભક્ત પણ દયા કરીને તારો,
કરુણાસાગર, કરુણાનો બસ એક જ નાખો છાંટો ... પ્રભુજી.

મુજ બલથી પ્રાપ્ત કરી શકું ના કોટિયુગેય પિતા ઓ !
દયા કરીને, વિલંબ ન કરો, ક્ષણમાંહી અપનાવો ! ... પ્રભુજી.

લોકોને મોઢું બતાવીશ શું જો નહિ તમે પધારો,
તમારા વિના જીવનનો શો અર્થ, ખરે મરવાનો ! ... પ્રભુજી.

વિરાટ રૂપનાં દર્શનનો દો આ નયનોને લહાવો,
સંત કહે પ્રભુ, આવો, પ્રાણ જાય છે ચાલ્યો ... પ્રભુજી.

* * *

## ૫૯. પ્રભુજી, તમે દ્વાર મ્હારે પધાર્યા

પ્રભુજી, તમે દ્વાર મ્હારે પધાર્યા.
યોગ્ય નહોતો છતાં પણ પ્રેમે યોગ્ય ગણીને પ્રકાશ્યા ... પ્રભુજી.

ધ્યાનમાં ના'વ્યા ને મંત્ર જપીજપી થાક્યો તોયે ના પધાર્યા,
દૂર ને દૂર રહ્યા મારા બાલકના એવા જોઈને ચાળા ... પ્રભુજી.

આખરે થાક્યો ને પ્રાર્થનાઓ કરી, રોઈરોઈ કર જોડ્યા,
દર્શન દો વહાલા, પોકારીને ઢાળ્યું શીશ પાયે ત્યાં જ આવ્યાં ... પ્રભુજી.

સર્વથી દીન ને ક્ષુદ્ર મ્હારે આ દ્વારે તે કેમ પધાર્યા ?
સંત સાચે તમને નિજ ભક્તે દીનદયાળ વખાણ્યા ... પ્રભુજી.



* * *

## ૬૦. ધન્ય એહને નિરખ્યાં જેણે

ધન્ય એહને નિરખ્યાં જેણે તારાં નેન અમોલ રે,
ધન્ય એહને જોયાં જેણે તારાં ચરણો લોલ રે.

ધન્ય તહારા મધુરા જેણે અલ્પ સુણ્યા છે બોલ રે,
ધન્ય એહને જેણે તારાં જોયાં અંગ વિલોલ રે.

ધન્યધન્ય એ જીવનને જ્યાં તારો વાસ અમોલ રે,
સંત ધન્ય જેણે છે તારી માણેલી રસછોળ રે.

* * *

## ૬૧. નિત્યનિરંજન મુક્ત હું તો

નિત્યનિરંજન મુક્ત હું તો સચરાચરમાં રમનારો,
સચરાચરમાં રમનારો ! ... નિત્યનિરંજન.

યોગીશ્વર, ભક્તજનોને વર અભય સદા ધરનારો,
હું તો અજરઅમર નિત્ય ન્યારો ... નિત્યનિરંજન.

પૂરણ પરમાતમ હું સ્વામી, સૃષ્ટિ સકલમાં વ્યાપ્યો,
મનબુદ્ધિથકી વણમાપ્યો ... નિત્યનિરંજન.

સંત નિગમઆગમે વખાણ્યો, સર્વમહીં વસનારો,
હું તે કોના થકી જણાયો ! ... નિત્યનિરંજન.

* * *

## ૬૨. બોલી દે ને ભાવેથી ગોવિંદ

બોલી દે ને બોલી દે ને ભાવેથી ગોવિંદ,
ગિરિધારી લાલા આગે નાચી લેને બોલતાં ગોવિંદ. ... બોલી દે.

માયાની આડી ઊભી છે મારનારી ભીંત,
ગોવિંદ કહે નહિ તો પટકાશે શીશ તારું પટકાશે શીશ. ... બોલી દે.

જોઈ નથી હજી તેં આ ગોવિંદની પ્રીત.
સંસારશું લાગત નહિ તો તારું રસભર્યું ચિત્ત. ... બોલી દે.

ગોવિંદ ગોવિંદ કહી નાચને ઘડીક,
નાચ ના નચાવે તને એવી તે શી પ્રીત લુખી એવી તે શી પ્રીત. . બોલી દે.

ગોવિંદની પ્રીત કાંઈ નથી પરિમિત,
મસ્ત બની મ્હાલ એમાં ઝીલાયે તે ઝીલ તુંથી ઝીલાયે તે ઝીલ. .બોલી દે.

સંત કહે આવું ટાણું આવશે નહીં,
મને તો લાગી છે એક ગોવિંદની પ્રીત પ્યારા ગોવિંદની પ્રીત. ... બોલી દે.

* * *

## ૬૩. ખરે પ્રભુ, માર્ગ તમારો એક

ખરે પ્રભુ, માર્ગ તમારો એક,
ચરણકમલમાં દેહ ધરીને નિર્બળ થાવું છેક. ... ખરે પ્રભુ.

આપબળે મેળવવા ધારે તે અભિમાની ખરે જ.
જન તે પામે સાચે જે બળ સર્વ ધરે ચરણે. ... ખરે પ્રભુ.

નિભાવી તમે લો નિર્બળને, શક્તિ ધરો સ્વયમેવ,
પાવન પતિત ન કાંઈ દેખો, જુઓ ન રૂપ, ન વેશ. ... ખરે પ્રભુ.

અયોગ્ય યોગ્ય, અસંભવ સંભવ, કરો પછી હ્રદયેશ,
સંત મહાપ્રભુ ચરણકમલમાં પડી રહ્યાં મુજ દેહ. ... ખરે પ્રભુ.



* * *

## ૬૪. દર્શન દોને પ્રભુજી પ્યારા !

દર્શન દોને પ્રભુજી પ્યારા !
ઓ જીવન, ઓ પ્રાણ જગતના, ઓ વલ્લભ મુજ વહાલા !

બહુબહુ વિનવું છું પણ પ્રકટો ના, યોગ્ય નથી હું ખરે હા,
તપથી દયા કરી કૈં પર તો પ્રસન્ન એમ બનો ના ?

નહિ પૂછશે કોઈ બલહીન મને શાને અપનાવ્યો,
આજ આશ છે ને તેથી તો દ્વાર તમારે આવ્યો.

માયામાં લપટાવશો નહીં તાત, તમે જ પધારો,
માગીશ ન કૈં એક આંખના દર્શન કાજ પધાર્યો.

જેમ પુત્ર માતાની સાથે રહે રાત ને દા'ડો,
પતિ ને પ્રિયા રહે તેમ રહો સાથ હું એ વદનારો,

આઠે પહોર જોઉં તમોને ગેલ કરું તમ સાથે,
બોલું છાંયની જેમ જ જીવું આજ વિચાર મ્હારો.

તેથી વિનવું છું આજ ફરી આવો ને દર્શન આપો,
ઝાંખી દઈ ગયા તેથી તો વિરહ વધ્યો વધુ મારો.

રૂપ તમારું અલૌકિક રસભર; સાચે થયો છું ગાંડો;
પીવા તે જ રસક્ષુધા પ્રતિદિન પ્રાણ ચહાતો મારો.

આવા પ્રેમીને તો પ્રભુજી, દેવો ઘટે સહારો,
તો આવો જલદી જલદી, કા સંત પતિત તલસાવો ?

* * *

## ૬૫. આવો પ્રભુ, પ્રેમ કરી એકવાર

આવો પ્રભુ, પ્રેમ કરી એકવાર
આવો અમી છલકાતા સુણાવો શબ્દ ઓ જીવનનાથ ! ... આવો.

દૃષ્ટિ જ નાખીને ચાલ્યા તેથી તો અંતરે જાગી છે આગ,
આવો બુઝાવો – પ્રતિક્ષણ પાસે રહો એ જ મારી આશ. ... આવો.

જ્યારે જોઉં ત્યારે આ જ તમારું સ્વપ્ન જોઉં, રસનાથ !
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં પાસે રહો એ જ અંતરઆશ. ... આવો.

અંધારી ઓરડીમાંથી પોકારું છું, શક્તિ નથી બીજી પ્રાણ,
આવો પ્રસન્ન થઈને પધારો, મારામાં તો નથી હામ. ... આવો.

અંતરમાં રસમૂર્તિ કોરાઈ ત્યાં જ લાગ્યું મારું ધ્યાન,
સંત મહાપ્રભુ જ્યાંલગ ના'વો ના મળશે આરામ. ... આવો.

* * *

## ૬૬. સાધક, એ અમૃતરસ પી

સાધક, એ અમૃતરસ પી.
જેના અંશમાત્ર રસથી રસિક વસ્તુ જગની. ... સાધક.

દિવ્યામૃત જે રસને રસ અવર શક્યા ન કોઈ કહી,
જે રસ પીતાં પરવા ન રહે સ્વાદુ અન્ય રસની. ... સાધક.

વાસુદેવ છે સર્વમહીં સર્વત્ર એમ સમજી,
આત્મમય રહી શાંતિથી છબી કરને સફર ઊંચી. ... સાધક.

ઊંચે નભથી મનથી ઊડી, દેહ બધુંય વિસરી,
જોજે સ્થિતિ કેવીક મળે છે, કેમ શકાય કહી ! ... સાધક.

સદા છલકતો, સભર ગગનશો, સાગરશો, રસથી,
સ્વાદ ચાખને એનો, સંત જશે બધુ રૂપ ફરી. ... સાધક.

* * *

## ૬૭. સખી, એ જોવો કૃષ્ણકુમાર

સખી, એ જોવો કૃષ્ણકુમાર
જેનાં વખાણ કરતી'તી ને જેની કરતી વાત. ... સખી.

પૂર્ણચંદ્રસમ સુંદર મુખ જેમાં અમૃતની ધાર,
આંખ કમલથી યે રસવાળી, અધર બંસીસાથ. ... સખી.

શિરપર મુકુટ, વળી પીતાંબર, ત્રિભંગવાળા પાય,
શ્યામલરૂપ, ઊભો છે એવો કદંબદ્રુમની પાસ. ... સખી.

જોયો એ મોહક રસઘેલો નંદજશોદાલાલ,
સંત સખી જોઉ બધે, એણે મોહ્યો મારો પ્રાણ. ... સખી.

* * *

## ૬૮. ધનભાગ્ય આજ શાં સખીરી

ધનભાગ્ય આજ શાં સખીરી, હું કહું વાતે,
ગૂંગો પોતાનો સ્વાદ કેમ જ વખાણે ?
સાકરનો કણ જલમાં પડતો તેવારે
મળતો તેમાં તેવી જ દશા મુજ થાયે !

ફરતાં ફરતાં આજ ગઈ હું વ્રજવાટે,
ત્યાં શોભા જોઈ બેઠી જમનાઘાટે.
વેલી ને કુસુમો કુંજ નિકુંજતણાં તે
જોઈને આવ્યા યાદ રાસ રસના તે.

મનમાં થયું શ્યામ કદી મુજ પાસે આવે,
ઘનશ્યામ નભે જોઈ હું રસઆંખે.
ત્યાં તો આવ્યો એ પ્રીતમ જીવનપ્યારો,
પ્રકટ્યો કુંજમહીં કામદેવથી ન્યારો.

આંખો ઠારી, એ જ હવે પ્રાણ મહારો,
મુજ પ્રાણ ચરણમાં એહના જ મેં ઢાળ્યો.
કહે સંત સખી, સમજાયે તુજને કાંઈ
હું જ મોહ્યો એ મોહ્યો મુજ પર પહેલાં કે ?

* * *

## ૬૯. જગમાં કૃષ્ણ વિના નહિ કાંઈ

જગમાં કૃષ્ણ વિના નહિ કાંઈ,
કૃષ્ણ જ તત્ત્વ જગતમાં એકલ
એના વિના નહિ કાંઈ. ... જગમાં.

એ ઈન્દુથી મુખડું લોલ, વિલોલ આંખો,
જે પાસ પદ્મદલને પણ થાય લજ્જા,
બંસી થકી કર વિભૂષિત એ ત્રિભંગી
એ શ્યામરૂપ નભવાદળની શું શોભા !
એજ અનુપ સુખદાઈ. ... જગમાં.

મત્ત મયૂરશું નર્તન, વાણી અમૃતથી નીતરતી,
શોભા કેમ લખાય, કહોને જાણે રસની જ છબી,
એ જ રૂપથી ત્રિભુવન શોભે, એ જ રસમહીં મ્હાલે,
કૃષ્ણતત્ત્વ ત્રિભુવનમાં એક જ બીજું સંત ન જાણે.

* * *

## ૭૦. કરુણાળુ, દીનહિતકારી

કરુણાળુ, દીનહિતકારી,
મુજ જીવન, પરદુઃખભંજન, પ્રિયતમ, સુખદુઃખદુકૃતહારી. ... કરુણાળુ.

મધુર મુખનું દર્શન કરતો અહીં બેઠો આસન માંડી,
આખો જ રસ અતુલ, વાત બધી સાધનાતણી છાંડી.
પ્રભુ, પ્રાણ શાંતિસુખદાયી. ... કરુણાળુ.

નથી આશ કાંઈયે, સ્વર્ગસુખતણી ઈચ્છા છાંડીઃ
મુક્તિય માંગુ નઃ માગવા નથી કાંઈ આશ મહારી.
પ્રભુ, પ્રાણ, શાંતિસુખદાયી. ... કરુણાળુ.

કરૂણા પણ ના માગુંઃ ન કાંઈ માગું અવર, વરદાયી !
કૃપાદૃષ્ટિ પણ માગું ન જો ના ઈચ્છા હોય તમારી.
પ્રભુ, પ્રાણ, શાંતિસુખદાયી. ... કરુણાળુ.

આવું છું પાછળ પાછળ મુજને ના ન કહો બસ સ્વામી !
પાછળ ભટકું છું તેમાં મળતો સંત પરમ રસ ભારી.
પ્રભુ, પ્રાણ, શાંતિસુખદાયી. ... કરુણાળુ.

* * *

## ૭૧. ચખાડ્યો પ્રેમ તમે જ, મુરારિ

ચખાડ્યો પ્રેમ તમે જ, મુરારી !
કહો હવે એ સ્વાદ મળ્યો છે કેમ જાય અસુરારી ? ... ચખાડ્યો.

જેમ કો'ક બાલકને માતા કરે પ્રેમ ત્યમ સ્વામી,
તમે સ્વયં પ્રેમ કરી આવ્યા હૃદયમહીં ગિરિધારી. ... ચખાડ્યો.

હતો ન સ્મરતો, પાસ આવવા ઈચ્છા હતી ન મારી,
દૃષ્ટિપાત પણ કરી સુધા તો તમે જ રસથી પાઈ. ... ચખાડ્યો.

ધન્યતા અહા કેવી, કેવો આનંદ અહા ભારી,
સંત તમારે કૈં નહિ, મારે તો મળ્યું છે સૌ કાંઈ. ... ચખાડ્યો.

* * *

## ૭૨. આજ લગી ફરતી'તી વનમાં

આજલગી ફરતી'તી વનમાં આજ લગી ફરતી'તી,
પિયુપિયુ કરી પ્રેમલ સ્વરથી દર્દ લઈ ભમતી'તી ... વનમાં.

અંતરમાં જોવા જાગેલી તાલાવેલી ઊંડી,
મનમાં મળવાને ઊઠેલી આતુરતા પણ ઊંચી,
આંસુ લઈ ફરતી'તી વનમાં આજ લગી ફરતી'તી.

આજ મળ્યો એ એકલ વનમાં પ્રિયતમ, શાંતિ છવાઈ,
સંત મિલન થયું અંદર અંદર, અંદર શોધ સખીરી ! ... વનમાં.

* * *

## ૭૩. રાતદિન જોઈ રહ્યો પ્રભુ વાટ

રાતદિન જોઈ રહ્યો પ્રભુ વાટ
ક્યારે જોવા મળે તમારી કમલથકી મધુ આંખ. ... રાતદિન.

ચેન પડે ના, મન લાગે ના, અશાંતિની આ વાત,
ઊંઘ ન આવે, સમય ન ખૂટે, આંસુ ન ખૂટે આંખ. ... રાતદિન.

કૃપા કદીય થશે ન તમારી, ક્યારે તો પ્રભુ, હામ,
પ્રેમળ સ્પર્શ, મધુર સ્વરશ્રવણ, પ્રભુજી ક્યારે થાય ? ... રાતદિન.

ભૂલ્યો નથી નીચ કર્યાં કર્મો પૂર્વસમયનાં નાથ,
યોગ્ય નથી હજુ માયામાં જ પડ્યો જન પાપસમાન. ... રાતદિન.

છતાં હૃદયમાં રાતદિન રહે ઈચ્છા દર્શનકાજ,
નહીં પધારો નાત, સંત તો પતિતપાવન જ ગાય. ... રાતદિન.

* * *

### ૭૪. આજ લગ જનમ વિતાવ્યો હાય !

આજલગ જનમ વિતાવ્યો હાય !
ધૂળમહીં ભરયૌવન નાખિયું પ્રિયતમ કર્યો ન હાથ ... આજલગ.

અહા રૂપ ને શીલ, લાગતો વસંતનો અવતાર,
શોભત કો'ક રસિકવર સાથે, ના પણ છોડ્યું ગુમાન. ... આજલગ.

કહ્યું બહુબહુ વાર પ્રીતમવરને, આવેલો એ દ્વાર,
મદમાં એક દૃષ્ટિ પણ ન કરી, હાય હવે શું કરાય ! ... આજલગ.

એ ચંદ્રવદન અધર પર મૂકી અધરો, બંને હાથ
ભીડી કંઠે હોત ભરી જો રસથી એક જ બાથ ! ... આજલગ.

થઈ જાત એ એક જ ક્ષણમાં યૌવન સાચ કૃતાર્થ,
પરંતુ માન્યું ન ચંચલ મન તે ભટકી બહુજનસાથ. ... આજલગ.

સંત વિનવ મન, વિવેક ને વૈરાગ્ય તાત ને માત,
હજુય પરણ પ્રભુ પ્રિયતમ સાથે, બાજી રહી સુધાર. ... આજલગ.

* * *

## ૭૫. હવે મેં તો આજ કર્યો નિરધાર

હવે મેં તો આજ કર્યો નિરધાર.
તારાં જ સેવવા પાદપદ્મોને મૂકી બીજી બધી વાત. ... હવે.

ખૂબ ભમ્યો આશાતૃષ્ણાના હાથમાં, બેડો થયો નહિ પાર,
વ્યર્થ ખોયો બધો કાળ, હવે સાચે આજ મારો નિરધાર. ... હવે.

બોલું તો તારા જ સંદર શબ્દો, જોઉં તો તારી જ આંખ,
સ્પર્શું તો તારો જ સ્પર્શ સુંવાળો, પીઉં તો પ્રેમનું પાન. ... હવે.

તારી જ સાથે રહેવું મ્હારે જોતાં તને દિનરાત,
સંત તારા ચરણોમાં પડ્યો તો તું જ નિભાવજે નાથ ! ... હવે.

* * *

## ૭૬. ભજ રામનામ રસનાથી

ભજ રામનામ રસનાથી,
ક્યારે પછી નિરાંતે ભજશે જીવન જાય વિલાઈ. ... ભજ.

શક્તિ ભરી છે અંગમહી તો લેને રામ પુકારી,
વહી જશે સઘળી તો આવી શકશે ના આ વાણી. ... ભજ.

રામરામ વદવાથી કૈંય અર્થ ન સરશે ભારી,
રામમય થઈ જા હૃદયેથી, તો જ થશે સુખદાયી. ... ભજ.

રે મનમયૂર, તરત કર કેકા શ્રી ઘનશ્યામ નિહાળી,
નર્તન કર અંગ ઉમંગ ધરી છોને જાય વિસારી. ... ભજ.

મરણસમે બોલાશે ના ત્યાં કરી ન શકશે કાંઈ,
સંત રામ ને રામ કહે જો જાયે રત્ન લૂંટાઈ. ... ભજ.

* * *

## ૭૭. અમારે રાતદિવસ આરામ

અમારે રાતદિવસ આરામ
જ્યાં ત્યાં એને નિહાળતા ને વસતા એની માંહ્ય. ... અમારે.

ભેદ મટ્યા સઘળા, સંશય ના, રહી ન કોઈ આશ,
હતા તે થયા અંતરમાં જ અમે પામ્યા વિશ્વાસ. ... અમારે.

પ્રકાશની ના પરવા કોઈ, ના રસની અભિલાષ,
અમે અમારામાં જ તુષ્ટ એ એક રહસ્ય અપાર. ... અમારે.

આંખ મીંચવી કાં, કાં કરવા અનુષ્ઠાન કે જાપ ?
અમે જ સર્વ, સર્વમાં, સંતન સમજી એ ઉલ્લાસ. .. અમારે.

* * *

## ૭૮. ગાઓ મન, ગાન નિશદિન ગાઓ

ગાઓ મન, ગાન નિશદિન ગાઓ,
નિજાનંદ મસ્ત બની અમૃત પી પીને નિત પાઓ... ગાઓ.

ગાય પંખી, ગાય ઝરણાં, સરિતા, સમદર ગાતો,
તરુલતાને સુમન ગાયે, પવન ગાય હુલાતો. ... ગાઓ.

આકાશી બાલકશા તારા ગાય તિમિરમાંયે જો,
અરે કોણ ના ગાયે, ગાઓ, વિરાટ સાથે ગાઓ ! ... ગાઓ.

ગાય કીર્તિ ચૈતન્યવાણી એ, તેમ તમે પણ ગાઓ,
ઈશ્વરના પ્રેમામૃત પ્યાલા પી પી પ્રતિદિન પાઓ... ગાઓ.

અરે મજા શી જીવનની ના સૂરે સૂર મિલાવો.
સંત સૂરસરિતા ઈશ્વરના સાગરમાં જ સમાવો. ... ગાઓ.

* * *

## ૭૯. ઈચ્છા એક આજ છે મારી

ઈચ્છા એક આજ છે મારી.

દયા પ્રેમ ને શાંતિથી છલે જીવનની ફૂલવાડી,
પ્રેમભક્તિનો વાયુ વહે ત્યાં ચિત્ત પ્રસન્ન કરાવી. ... ઈચ્છા.

મનમકરંદ તમારા ચરણકમલમાં રહે પુરાઈ,
કદી ન છૂટે ચાહે પ્રાણ કદી પણ જાય હણાઈ. ... ઈચ્છા.

જ્યમ ચાતક તલસે જલ, ચંદ્ર ચકોરી, કામ જ કામી,
તેમ તલસું તમકાજ, આશ તમ પ્રેમ એ જ હો મારી. ... ઈચ્છા.

પક્ષહીન શિશુ માળામાંથી વાટ જુએ માતાની,
વાછરડાં સાંજ થતાં 'મા મા' કરતાં આતુરતાથી. ... ઈચ્છા.

તેમ પ્રભો, રહું જીવનને તમ પ્રેમથકી જ ટકાવી,
તમારામહીં તૃપ્ત સંત ના બીજી આશ મહારી. ... ઈચ્છા.

* * *

## ૮૦. નહિ કહું આવો કુંજવિહારી

નહિ કહું આવો કુંજવિહારી.

પોકારીશ ન પ્રકટો વિરહે ગયું છે હૃદય ધરાઈ,
ઉરમંદિરમાં પ્રેમભક્તિનો બેઠી દીપ જગાવી,
કોડિયું શમદમ, વિરાગ તેલ, અહા કહેવાનું કાંઈ !
મનહર મુખ નિરખીનિરખીને મુગ્ધ થઉં છું, જઉં વારી,
આજ મહા આનંદ, હસવું ને રડવું એક ગિરિધારી !

પ્રેમની મધુર પ્યાલી અધરે દીધી તમે ચઢાવી,
રાતદિવસ ચાલે છે ભારી નશામહીં મસ્ત રહ્યો.
બંધાઓ કોઈથી ના તે પ્રેમથકી વશ થાઓ,
પ્રેમવિવશ જશુમતિએ બાંધ્યા, ભક્તનથી બંધાઓ,
આવ્યા વિણ નહિ રહો પ્રભો, તો દર્શનકાજ પધારો:
કેવો નશો તમારો લાગ્યો, મોહન મસ્ત નિહાળો.
એકમેકનાં દર્શન કરવા ઈચ્છો તો પ્રભુ, આવો,
વિશ્વનું વૃંદાવન બન્યું તેમાં શ્યામ વિના નહિ કાંઈ,
પ્રીતમના ચરણોમાં ફરતી આનંદાશ્રુ ચઢાવી.

દર્દ હર્ષ છે એક હું શાની આશા રાખું તમારી,
સદા પ્રેમમાં મગ્ન ખરેખર આ જ એક સુખદાયી.
પ્રેમ તાણતો હોય મહારો તો બસ એક પધારો,
કૃષ્ણમય બની જઈશ એ જ હશે મુજ એકલ લહાવો.
સંત તમે ઓળખશો ? પ્રેમે છે એને પલટાવ્યો !

* * *

## ૮૧. સમજમાં ન આવે આ વાત

સમજમાં ન આવે આ વાત.
પ્રાણ ચડાવી બ્રહ્મરંધ્રમાં કરવો શાને ડોળ અપાર ? ... સમજમાં.

વ્રજમાં અમે જનમિયાં, લીલા કરી કૃષ્ણ સાથે રસસાથ,
એજ ધન્યતા, સમાધિ સાધી ના કૈં ઈચ્છા કરવા હાથ. ... સમજમાં.

ગંગાના તટ પર કોણ જઈ મંત્ર જપે છોડી જલ હાય,
કામધેનુ પાસે પહોંચીને પસ્તાયે નિજ દુર્દિન કાજ ? ... સમજમાં.

આશા શું કરે અન્ય લોકની એક કલ્પદ્રુમ લાગ્યે હાથ ?
મળ્યા જગતના સ્વામી એમાં આવ્યું અમારે સર્વે હાથ. ... સમજમાં.

આજ એક અમૃતરસ આથી બાકી રહે બીજું કૈં પાન ?
આજ સ્વર્ગ વૈકુંઠ મુક્તિ, આનાથી બીજું ન કોઈ ધામ. ... સમજમાં.

જિહ્વાછેદન કરવાની શી કરવી આ સ્થિતિમાં પંચાત,
જ્ઞાનવ્યાકરણગ્રંથો એ તો એક જણાયે છે જંજાળ, ... સમજમાં.

બસ ઓધવજી, કૃષ્ણના વિના રૂચે ના બીજી કૈં વાત,
કૃષ્ણ અમારા, અમને નિજના ગણે કહેજો સંત જરાક. ... સમજમાં.

* * *

## ૮૨. જોગી બનીને રહું રંગે

જોગી બનીને રહું રંગે ઓ શ્યામ વહાલા, જોગી.

મંગલ આ અંગ ભક્તિરંગે છલે ત્યાં સ્મશાનરાખ કાં લગાવું ?
આભૂષણો તજીને પંચાગ્નિ-સાધને કાયાને શાને તપાવું ?

અત્તર લગાવું અંગે અંગે, ઓ શ્યામ વહાલા.
હાલ વિલોલ ફૂલગજરાઓ બાંધી શણગાર દૈવી સજાવું,

મસ્તીમાં પ્રેમતણી સુધબુધ ભૂલી હું તો વનવગડા વીંધતી ચાલુ.
સંત કહે પ્રીતમના મંદિરશા અંગોમાં પરિમલ બનીને ના મ્હાલું !

* * *

## ૮૩. યોગમાં પ્રેમયોગ સમ્રાટ

યોગમાં પ્રેમયોગ સમ્રાટ.
જગત જેમને વશ તે પ્રભુ પણ પ્રેમથકી વશ થાય. ... યોગમાં.

લાખો યોગ કરે, કોટિ કરે અનુષ્ઠાન દિનરાત,
પ્રેમપુકાર પડે તો જ મળે અંતે એ રસરાજ. ... યોગમાં.

લક્ષ પુણ્યબળથી પ્રાપ્ત થતો જ્ઞાનતણો ભંડાર,
કોટિ જન્મના પુણ્યબળથકી મળે પ્રેમરસધાર. ... યોગમાં.

પ્રેમ ભલે સોદો પણ તે તો શીશસટોસટ થાય,
શરીરનો સમતોલ પ્રેમમાં, ના એ છે નાદાન. ... યોગમાં.

પ્રેમ ન ઈચ્છે કૈં, દર્શનની પણ ના એને આશ,
સ્વયંતૃપ્ત, એકત્વ દેખતો, વિશુદ્ધિનો અવતાર. ... યોગમાં.

અંગ ન ઈચ્છે, શબ્દ ન ઈચ્છે, ઈચ્છે ના ધનધામ,
એક પ્રેમકાજે પોતાની કુરબાન કરે કાય. ... યોગમાં.

પ્રેમયોગની પાસે બીજા યોગતણી શી વાત,
મુક્તિસિદ્ધિ પણ પ્રેમબિંદુ ને પીવાને લલચાય. ... યોગમાં.

રાધા નારદ શંકર શબરી કરી પ્રેમમાં સ્નાન,
આપ ભૂલ્યાં, કૃતકૃત્ય થયાં, એના તે જશ કો' ગાય? ... યોગમાં.

સાધુ, પ્રેમ બન તો પ્રભુ બનશે એ સંતન નિરધાર,
પ્રભુ એ પ્રેમ પ્રેમ એ પ્રભુ બે એક તત્ત્વનાં નામ. ... યોગમાં.

* * *

## ૮૪. ભ્રમર, તું ક્યાં વનજંગલ ગૂંજે ?

ભ્રમર, તું ક્યાં વનજંગલ ગૂંજે ?
પહાડ સરિતા વિપિન વટાવી જાય તું ક્યાં શું ઢૂંઢે ? ... ભ્રમર.

જો કહું તુજને વાત છૂપી : રસ પીવાને તું મથે ને ?
ન મળે તે ગિરિકુહરમહીં, કમલનદલમાં જ રહે તે.
ઊડ, પ્રીતિ કર કમલન સાથે, કૃતકૃત્ય રસે બનશે,
ભટક નહીં આ સૂકા સુમને પાછળથી પસ્તાશે.
નહિ તુજ પ્યાસ આમ તો બૂઝે. ... ભ્રમર.

રે મનભ્રમર, ન વળશે કૈંયે આમ નિરર્થક ઊડ્યે,
માયાવી મૃગજળ જેવાં ફૂલ બધાં ખોટાં એ,
હૃદયકમલ પર બેસ, સાધ સંવાદ જરી સંગીતે,
મૂંગો થા, નિષ્ક્રિય થા, નિશ્ચલ એક એહની પ્રીતે.
રસ જ્યમ સંત રાતદિન લૂંટે. ... ભ્રમર.

* * *

## ૮૫. કોણ છોકરી આ છે ?

કોણ છોકરી આ છે ? એ તો કૃષ્ણ વહાલા, રાધા છે.
રાધા ? હા હા વનમાં આવી આજે કૃષ્ણ નિરખવાને.

શ્યામ હું તો જોવાલાયક ના, પણ આ તો ગોરી રાધા !
નામ મીઠું પણ મોઢું અંગ કૈં મોહક તો છે એમાં ના.
તમે કહો છે – રૂપવલ્લરી એક જ છે વ્રજમાં રાધા,
એની પાસે લક્ષ ચંદ્ર કે કોટિ પદ્મની કૈં ન કહ્યા
પ્રાણસમાન અમારી એ તો ભોળી પણ નાજુક છે હા.

શરમાળ ઘણી એ તો, એના રૂપમહીં છે કોઈ ન મણા,
વ્રજ તો નાનકું એમાં કરવી રાધાની શી રૂપકથા !
સંત કહે મન તલસે જાણે રાધાને કરમાં ગ્રહવા !



* * *

## ૮૬. રાધા રાધા, બહુ શરમાળ

રાધા રાધા, બહુ શરમાળ.
સંકોચાય ઘણી, મુજને ના માન અછૂત સમાન. ... રાધા.

આવી બેસે કે ના મુજને સ્પર્શ સાળુનો થાય,
મનમાં તો ઘનશ્યામ, આવતી તેથી કાં પણ આમ? .રાધા.

કેટલીક પાસે બેસું કહે રાધા, ખૂબ જ શ્યામ,
હજી, હા હજી, હજી, સ્મિતભરી રાધા સ્પર્શે શ્યામ. ... રાધા.

મનમાં હતું તે મળ્યું રાધાને, રસનો ન રહ્યો પાર,
અંગ અઢેલે, કરને વીંટે કંઠે શ્રી ઘનશ્યામ. ... રાધા.

હવે નથી ભોળી ને? ના ના, હવે નહીં શરમાળ,
બંસી અધરપર રહી, રાધા બજવે છે જો શ્યામ. ... રાધા.

કેવી શોભા, સૂર દિવ્ય શા, શોભાનો ના પાર,
વ્રજકુંજતણી, જમનાતટની, રસમય સર્વ જણાય. ... રાધા.

દૃશ્ય નિહાળી થંભે જમના, થંભે પવન જરાક,
ઉડતાં તે પણ પંખી વિરમે, સંતનું વિરમે ગાન. ... રાધા.

* * *

## ૮૭. શોભા મારા શ્યામ અને રાધાની

શોભા મારા શ્યામ અને રાધાની.
વર્ણવું કેમ કરીને તેને વિરમે વિરમે વાણી. ... શોભા.

કામ નહીં વાણીનું લેશ તે શકે કરી શે વાણી
આંખો પણ ના સ્થિરતા ધારે, જાયે ત્યાં જ સમાઈ. ... શોભા.

જમનાતટ કુંજ અહા મંગલ સુમન સુવાસિતવાળી,
એક નથી હું જ મુગ્ધ થયો, રવિ નિરખે હમણાં આવી. ... શોભા.

એક કરમહીં મુરલી બીજા કરમાં રાધા રાખી,
મુકુટમાળ પીતાંબર ઊભા વૃક્ષ પાસ વનમાળી. ... શોભા.

ફૂલમાળશી રાધા ઊભી શ્યામકરે કર રાખી,
વાદળચંદ્ર મળ્યાં છે, જાણે ઉપમા રસની ખામી. ... શોભા.

સ્થિર બંનેયે મૂર્તિસમાં છે રહ્યાં સૃષ્ટિ આકર્ષી,
પવન લૂંટતો પરિમલ જોને છૂપોછૂપો આવી. ... શોભા.

પ્રેમ જગતનો સુંદરતા કે સૃષ્ટિ સકળની ભારી,
વ્રજમાં ધન્ય વ્રજમહીં પ્રકટી, સંત જાય છે વારી. ... શોભા.

* * *

## ૮૮. તમને ના લાગે કૈં ટાઢ ?

તમને ના લાગે કૈં ટાઢ ?
ફરો માત્ર કૌપીન સાથ આ પવન સુશીતલ વાય .. તમને.

પ્રેમ ઘણો છે ગરમ, નથી તેં ચાખ્યો એનો સ્વાદ,
એ અંગાંગમહીં ઊતરે તો માયાવી શી ટાઢ ? ... તમને.

આનંદ વળી આવો કેવો, મસ્તી આ શું અપાર,
આ આંખેથી જોઈ છે એ પ્રિયા સુધાની ધાર. ... તમને.

કર્ણ થકી લીધો છે એના સ્વરનો મીઠો સ્વાદ,
અધરરસ મળ્યો છે પીવાને આ એનો ઉલ્લાસ ! ... તમને.

છાતી છાતીસાથ લગાવી, શમ્યા સર્વ ઉકળાટ,
સંત અંગનો સ્પર્શ મળ્યો તે પલટાયાં છે હાડ. ... તમને.

* * *

## ૮૯. પ્રેમ તણી રીતિ ન્યારી

પ્રેમ તણી રીતિ ન્યારી,
કેમ શકે તે પ્રમાણી અપ્રેમી કેમ શકે તે પ્રમાણી. ... પ્રેમતણી.

શીશ સટોસટ સોદો એમાં ભોગ આપવો ભારી;
પ્રથમ જણાયે અમી મળતું ના, અંતે ન રહે ખામી. ... પ્રેમતણી.

પ્રથમ પડે દુઃખ વેદનવાદળ, અંતે સુખની વૃષ્ટિ;
દૃષ્ટિમાત્ર મેળવવા માટે દે સામ્રાજ્ય ફગાવી. ... પ્રેમતણી.

નિરાશ બનતાં શ્યામ મુખ લઈ આમ વદે કાં વાણી;
ઝીલી શકે ન અંતરમાં કાં નાહક વરસે પાણી. ... પ્રેમતણી.

ભોગ નથી આપી શકતો ને રાચવું અમૃત પામી;
એક દર્દની છાંય ઉઠી ના, હાય એક ન સુણાઈ. ... પ્રેમતણી.

નથી પંથ આ લાંબો, પૂરી ક્ષણમાં થાયે બાજી;
સાચો પુકાર એક ઉઠે જો ઈચ્છા તીવ્ર પ્રિયાની. ... પ્રેમતણી.

આંસુધાર આંખેથી આવી દે જો ચરણ પખાળી,
પ્રિયા તરત તો આપ પધારે, મળે મિલનથી શાંતિ. ... પ્રેમતણી.

અરે તું શાને પ્રેમી, ઈચ્છે પ્રિયા-મિલનની શાંતિ,
તારો એક ધર્મ રોવાનો, એ જ ધન્યતા તારી. ... પ્રેમતણી.

પણ રો સાચા અંતરથી તો ઉકલે આ સૌ કાંઈ,
સંત પ્રિયાદૃષ્ટિ વધે જગથી વાત અધરની ન્યારી. ... પ્રેમતણી.

* * *

## ૯૦. આજ નિરખતાં જનસંહાર

આજ નિરખતાં જનસંહાર
અશ્રુ આવતાં અંતરમાંથી વેદનાથી કંઠ ભરાય.... આજ.

અહા પ્રકૃતિની તાંડવલીલા, રૌદ્ર મનુજમાં નર્તનતાન,
નિયંતાતણો સંકેત રહ્યો આમાં નૂતન રચનાકાજ.
તો પણ હૃદય દુઃખે ઉભરાય:
માનવની ગાથા આજ કરાલ ! ... આજ.

હજાર યુગથી આમ જ લડતો માનવ નિર્દય માનવસાથ,
એ કલંક માનવને માટે, માનવ સંસ્કૃત કેમ ન થાય !
એથી હૃદય કરુણ પીગળે,
શાંતિ શાંતિ પોકારે હાડ. ... આજ.

બનતા રાક્ષસ કેમ જગતના શાંતિ ચાહતા વીર નરો ?
અટકો આમ શાંતિ તો ન મળે, આ તો છેક જ ખોટો માર્ગ !
ભૂલી રાહ ભમો મૃગજળમાં
જલ તો કેમ જ લાગે હાથ ? ... આજ.

સત્ય પ્રેમ ને દયા ક્ષમા બંધુત્વ બધું અહીં દૂર જણાય,
માનવમાં પ્રભુ ના દેખાતો તે આનાથી પીડિત થાય.
સત્ય માર્ગ છોડો હથિયાર,
વસુધા એક કુટુંબ સમાન ! ... આજ.

ભેટો સર્વ પરસ્પર ભાઈ, વસુધાનો હો જયજયકાર,
દૂર દૂર કિરણો દેખાયે નવીન રવિનાં, ઓ મુજ ભ્રાત,
અંધકાર મરવાનો સાચ,
સંત સત્ય બસ તરશે સાચ. ... આજ.

* * *

## ૯૧. ક્ષણવાર માયાવી પદાર્થોમાં

ક્ષણવાર માયાવી પદાર્થોમાં શક્તિ હણાઈ તારી ભલે જાય,
મૃગજલમાં સુખ દુન્યવી પાછળ નાસીપાસે ભલે થાય:
તોય એમ ન કલ્પીશ તારે કાજે નથી એ ઘરમાં આરામ:
એનાં દ્વાર રહે છે ઉઘાડાં સદા જુએ એ તો તહારી રાહ.

પડે સંકટ, વિપત્તિવાદળથી તારાં હાડ ચૂરેચૂરા થાય,
તારાં કારમા અગ્નિમાં અંગ જલે, કદી થાય તું છેક નિરાશ:
તોય એમ ન કલ્પીશ આટલે કાળે તે મંદિરે એને જવાય,
એનાં દ્વાર રહે છે ઉઘાડાં સદા જુએ એ તો તહારી રાહ.

તારા અંતરપોકાર સાંભળવા હોય સ્નેહી કોઈ ન તૈયાર,
ગાયે વેદના મૂક જ ગાન, ન ઠાલવવાને મળે કોઈ ઠામ;
તોય એમ ન કલ્પીશ પાછા વળ્યે મારું ભારે થાયે અપમાન
એનાં દ્વાર રહે છે ઉઘાડાં સદા જુએ એ તો તહારી રાહ.

તારા પ્રેમકાજે એ તો ઝંખે છે, માગે છે તારો દયાદૃષ્ટિપાત,
ભલે લાત તું મારશે તોય પંપાળશે એ તો તહારા પાય:
ભલે આવજે ભૂતલમાં ભટકીને ઈચ્છે જ્યારે આરામ:
એનાં દ્વાર રહે છે ઉઘાડાં સદા જુએ એ તો તહારી રાહ.

તારી આગળ પાછળ એ તો ફરે તારો પામવાને દૃષ્ટિપાત,
તને જાણ નથી, એ તો રોજ ઝંખે, જાગે યાદ કરી દિનરાત;
એ તો માનવપ્રકૃતિમાંથી પોકારે જુએ સંત જો હોય આંખ:
દુઃખવાદળમાંથી કદી કદી ઝાંખી તો જોઈ હશે એની આંખ
એનાં દ્વાર રહે છે ઉઘાડાં સદા જુએ એ તો તહારી રાહ.

* * *

## ૯૨. ઉમાપતિ શકંર ત્રિપુરારી !

ઉમાપતિ શંકર ત્રિપુરારી !
બેઠા છે પદ્માસન વાળી ગિરિ પર ધ્યાન જમાવી. ... ઉમાપતિ.

વન છે મગ્ન નિરખતાં પ્રભુને થંભ્યાં દ્રુમ પ્રભુ ભાળી,
સુમન પડ્યાં શિર પર ધન્ય થઈ, એ સૌની બલિહારી. ... ઉમાપતિ.

આવે ત્યાં તો રુમઝુમ કરતી રંભાથી ય રૂપાળી,
નર્તન કરતી ભીલ કન્યકા રતિની લાગે રાણી. ... ઉમાપતિ.

શંકર પાસે રુમઝુમ કરતી જાય ઢેલના જેવી,
તપમાં ભંગ પડે, શંકર પ્રભુ મોહાતા માયાથી. ... ઉમાપતિ.

અનંગ બાળ્યો માયાપતિ તે શક્ય મોહવશ કરવા,
બળ્યા અચલ પણ પ્રભુજી સંતન ઉમાબડાઈ કરવા. ... ઉમાપતિ.

* * *

## ૯૩. વંદન શિવશંકર !

વંદન શિવશંકર !

જટાજૂથમાં મયંક, વિલસે મણિમાળ ગંગ,
છે અનંત સર્વ અંગ, જય જય જગવંદન ! ... વંદન.

આસનમહીં વ્યાઘ્રચર્મ, પ્રભુ જણાય ધ્યાનમગ્ન,
પદ્મ-આસને, દિગંત જયજય કરતી અનંત. ... વંદન.

આપ બ્રહ્મ, પરબ્રહ્મ, બ્રહ્મા શિવ વિષ્ણુ સર્વ,
યોગીશ્વર ઓ કૈલાસ જગપતિ બનતા વસંત ! ... વંદન.

ભયભર ફરતો અનંગ, પશુપતિ, પ્રભુ, નીલકંઠ,
વન થયું બધું સ્તબ્ધ, સંત અંજલિ કરતો અનંત ! . વંદન.

* * *

## ૯૪. તારી મદભર મધુરી આંખો !

તારી મદભર મધુરી આંખો !
માનો અમૃતકુંડ માછલી રમતી રમત નિહાળો ... તારી.

પ્રથમવાર એ મળી આંખથી તે જ ક્ષણ થયો ગાંડો,
થઈ ગયો તારાં જ પ્રેમનો જાણે કે પડછાયો. ... તારી.

શાંતિ, પ્રેમ ને માર્દવ મિશ્રિત છે એમાં : રસ આવો
અખિલ જગતમાં ન મળે, આ તો મૂળ રસનું, રસ ન્યારો ! ... તારી.

તારા મધુર ગુલાબી ગાલો !
ઉષા અને સંધ્યા બે મળિયાં સહચરી સમાં માનો. ... તારી.

રાધા, રૂપ અપાર તારું આ કોણ હું તે કથનારો,
મુખડું એક તુજ વૈભવ સાચો સંત સદાય સ્વીકારો. ... તારી.

* * *

## ૯૫. રાધા શ્યામ, શ્યામ તે રાધા

રાધા શ્યામ, શ્યામ તે રાધા.
બેઉ એક, વહે બંનેમાં એક જ રસની ધારા. ... રાધા.

શ્યામ ભલે ઘનશ્યામ, રહી ને ગોરી છો રસરાધા,
કોણ કહે રૂપમાં કોણ વધે, લાગે બે ય રૂપાળાં ! ... રાધા.

શ્યામે આકર્ષી ગોપીને ને આકર્ષી રાધા:
રાધાએ વશ કર્યા શ્યામને એવી છે વ્રજગાથા ! ... રાધા.

શ્યામશ્યામ પુકાર કરીને ફરતી કદીકદી રાધા;
રાધારાધા એમ, કહેતા મસ્ત શ્યામ પણ ભાળ્યા. ... રાધા.

રાધા કદીકદી મુકુટમાળ પીતાંબરે ધારે ગાતાં,
તે કદી વેણુ મૂકીને શ્યામ બને એકાંતે રાધા. ... રાધા.

ભેટીને ઘનશ્યામને કહે શ્યામ હું લાગું છું રાધા:
શ્યામ કહે ભેટી રાધાને થયા ગૌર વ્રજબાલા. ... રાધા.

સંત ગૌર રાધા છે ને પ્રભુ ભૂલથી જ થયા કાળા,
માયાપ્રભુ બે, કઠિન કળવું કો અંગ અને કો છાયા !.. રાધા.

* * *

## ૯૬. જેવી પ્રભુએ મિષ્ટ વગાડી મોરલી !

જેવી પ્રભુએ મિષ્ટ વગાડી મોરલી !
થંભ્યા જમનાતીર વહ્યાં વધુ વેગથી,
પુષ્પ સુવાસિત હલવા લાગ્યાં ગેલથી. ... જેવી.

મુગ્ધ મયૂર ઉઠ્યા બોલી કિલ્લોલથી,
કલા કરી થનગન કરવા લાગ્યા જરી:
શાંતિ મધુરતા છેક છવાઈ વ્યોમથી,
ખેંચાઈ કુદરત આ સૂર વિલોલથી. ... જેવી.

ખેંચાઈને ગોપી આવી ડોલતી,
ઢેલસમી નૃત્ય કરી રૂપની ગોરસી;
અમૃતની ધારાઓ સ્વર્ગેથી ઢળી,
સંત હૃદયને મસ્ત કરી રંગે ભરી. ... જેવી.

* * *

## ૯૭. પડતાં મધુર મુરલી કાન

પડતાં મધુર મુરલી કાન,
નિશ્ચલ થઈ સ્તબ્ધ જેવી ઊભી વ્રજની બાળ. ... પડતાં.

ઘરનું કામ ન ફાવ્યું ચિત્ત ન લાગ્યું બીજે કામ,
લાગ્યું આકર્ષણ, થઈ યુગયુગ પ્રણયની યાદ. ... પડતાં.

ગોરસ મૂકી, બાલક મૂકી, લઈ મટકી હાથ,
ભૂલી વસ્ત્ર, છૂટેલ અંબોડે, મૂકી શણગારઃ ... પડતાં.

ગોપિકા ચાલી વહેતી પ્રેમ જાણે ધાર,
શ્યામ વ્હાલા શ્યામ, આવે લોકલાજ ન યાદ. ... પડતાં.

ખાય ઠોકર, ચુભે કંટક, અર્ધમીંચી આંખઃ
કેવું આ તે જાદુ, ઈન્દ્રિય જાય આતમપાસ. ... પડતાં.

ચરણ પાસે છેક પડતી શ્યામના, ના સાન,
મોહિનીશી, સર્વ લાગે શ્યામ સૂર સમાન. ... પડતાં.

જે અવસ્થા પામતા ના તપસ્વી તપતાંય,
તે ક્ષણમહીં સંત પામે ગોપિકા જો ગ્રામ. ... પડતાં.

* * *

## ૯૮. સુણી સખી, સુંદર બંસીસાદ

સુણી સખી, સુંદર બંસીસાદ.
વૃત્તિ હૃદયમાં મળવા લાગી જો કહું સુણતાં નાદ. ... સુણી.

ગાયો જેવી ફરતી વનમાં ઈન્દ્રિય ગાત્રેગામ
સ્તબ્ધ થઈને મળવા માંડી આતમપ્રભુને પાય. ... સુણી.

રકૂર્મ અંગ સંકેલે સંકેલાયાં ત્યમ સૌ ગાત્ર,
પદ્મ બિડાયું ભ્રમરનો એક જ મંજુલ શબ્દ સુણાય. ... સુણી.

દિવ્ય સ્વર અહા, શાંતિ અનંત, અમાપ અમીરસધાર
પ્રભુ પણ ડૂબ્યા રસમાં, સ્થળ કે સ્થિતિતણું રહ્યું ના ભાન. ... સુણી.

સુણનાર અને વગાડનાર સમાયાં સૂરે સાચ;
આતમરામતણી આ લીલા, સંત સમજશે સ્વાદ. ... સુણી.

* * *

## ૯૯. પ્રભુ, મને આજ દો વરદાન

પ્રભુ, મને આજ દો વરદાન,
મુગ્ધ મસ્ત સદા તમારાં ગાઉં પ્રેમે ગાન. ... પ્રભુ.

એક છે કરતાલ બીજો પ્રણયભીનો પ્રાણ,
મોહભીનો રાતદિન કરું તમારાં ગુણગાન. ... પ્રભુ.

તમારી લીલા, તમારાં દર્શન અને ગાન,
તમારો નિધિ પ્રેમનો તેનો જ પામું પ્રસાદ. ... પ્રભુ.

તમારી દાસીસમી માયા ય નિર્બળ થાય,
તે થતી તરબોળ મારી પાસ અમૃત થાય. ... પ્રભુ.

સર્વકાળે, સર્વસ્થિતિમાં, સર્વ સ્થળમાં, નાથ,
આજ વાધે પ્રેમમસ્તી, પ્રાણઅમૃતધાર. ... પ્રભુ.

તમે તો રસરાજ, સાગર સૂરના સમ્રાટ,
સંત સૂર બને તમારો સાધતાં સંવાદ. ... પ્રભુ.

* * *

## ૧૦૦. માયા સમજે કોણ તમારી ?

માયા સમજે કોણ તમારી ?
ક્ષુદ્ર મનુજ મારી ગતિ ના કૈ તમે જ સમજો સ્વામી ! ... માયા.

બ્રહ્મા મોહ્યા, મોહ્યા શંકર, મોહ્યા આપે જાણી,
જેનાથી જગ આખુંય મોહ્યું સુરા એવી મદવાળી ! ... માયા.

એક જ ક્ષણમાં હેઠ પછાડે, દેત ચઢાવ ચઢાવી;
એનાથી જ ટકે છે સર્જન, એના વિણ ના કાંઈ. ... માયા.

એટલું જાણું હું, નાથ તમે ને માયા છે પટરાણી:
તમને મળતાં માયા લાગે થઈ ગયેલી સ્વામી. ... માયા.

ધન દારા માયા જ તમારી ને આ જગની બાજી,
એ મહીં મૂકશો કદી ના એમાં લાજ તમારી ભારી. ... માયા.

આ જ પ્રાર્થના : પ્રેમ મહારો રાખો રોજ ટકાવી;
લો અંતરમાં બહુ વાર થઈ, સંત તલસતો સ્વામી ! ... માયા.

* * *

## ૧૦૧. મોહન મુરલી અધરે ધારી

મોહન મુરલી અધરે ધારી
ઊભા રહ્યા જ્યાં કદંબ પાસે ત્રિભંગ સાથ મુરારી ... મોહન.

વાદળ પાછળ ચંદ્ર છુપાયો પ્રકટ્યો પૂર્ણ કળાથી,
શ્યામરસમહીં મગ્ન થયો એ વધુ રસપૂર્ણ પ્રકાશી. ... મોહન.

વનશ્રી થઈ મોહિત, સ્તબ્ધ, નિરખતી શ્યામ જ લાગી,
ગોપી મુગ્ધ થઈ, ઘરઘરમાં સ્નેહસિતારી વાગી. ... મોહન.

ને જેવો સ્વર પ્રકટ્યો ત્રિલોકને અમૃતથી આંજી,
અંતર રહ્યું ના હાથ, વનલતા જેવી ગોપી નાચી. ... મોહન.

નાચ્યા મોહનચંદ્ર તારિકાગોપીને આકર્ષી,
રાસ રચાયો અહા સૃષ્ટિની શોભા ઉતરી આવી. ... મોહન.

મધુર વેણુ ને એક કાંડિયા, બે બે હાર રચાઈ,
વચ્ચે શ્યામ બે તરફ બાલા રતિને રૂપ ધરનારી. ... મોહન.

અને જે પળે પ્રકટ પ્રભુ થયા અનેક રૂપો ધારી,
તે ક્ષણ સ્યામ-શ્યામ બધું લાગે, ગોપી પણ પલટાઈ, ... મોહન.

એક એક મોહન ને ગોપી, રાસ રચાયો ભારી,
સંત નિરખતાં ભાન ભૂલ્યો, પ્રભુ સુખની ન રહી ખામી. ... મોહન.

* * *

## ૧૦૨. સુણતાં વેણુનાદ બધું ભૂલી

સુણતાં વેણુનાદ બધું ભૂલી
આનંદમહીં મસ્ત બની તરબોળ થઈ રસ લૂંટી ... સુણતાં.

મૂકી કામ દોડી વ્રજવાટે ગોપી કૈંક અટૂલી:
લાગેલી પ્રેમકટારી તે ઘરકામ મૂકી ઊઠી. ... સુણતાં.

અટકાવી પતિએ, રે પતિતા, લોકલાજ છે ભૂલી,
કુળને લજાવશે આ : બોલી સાસુ, નણંદે રૂઠી. ... સુણતાં.

અહા નાદ વધતો'તો, પ્રીતમસાદ રહેલો છૂટી,
આવ આવ મુજ હૃદયપીંજરે રાખું પ્રેમવશ પૂરી ... સુણતાં.

રહી શકાયું ન ઢળી પડી એ, પ્રાણપાંખથી ઊડી,
સંત હલી ના ગોપિકા, થઈ પૂજા પૂર્ણ અધૂરી. ... સુણતાં.

* * *

## ૧૦૩. જગમાં મુજસમ ધન્ય ન કોઈ

જગમાં મુજસમ ધન્ય ન કોઈ,
પ્રેમમાળ તે કંઈ ચઢાવી ધન્ય થયો એ જોઈ. ... જગમાં.

આંસુ સારતાં રાત અનંત વિતાવી નિંદ વિનાની,
શૂન્યમનસ્કસમો તુજ વિરહે ભટક્યો મૂક પુકારી.
રક્તભર શક્યો ન પાની લોઈ. ... જગમાં.

હૃદયવ્યથા હા, વેદન ઊંડાં, દીધાં કૃપા બતાવી,
તે જ ક્ષણ થકી ધન્ય થયો સંકટની માળ ફગાવી.
એક તુજ પ્રેમમહીં રસ જોઈ. ... જગમાં.

પરમશાંતિ પામ્યો, કૃતકૃત્ય થયો, તુજ દર્દ વધાવી,
એક આંસુમાં આનંદ મળ્યો એ જ મિલ્કત મ્હારી
ધન્ય જે ક્ષણ તુજ માળ સ્વીકારી. ... જગમાં.

ભલે અશક્ત છતાંયે તારો, બાલક તોય તહારો,
ધન્ય જે ક્ષણે તુજ ચરણોમાં ઢાળ્યો વૈભવ મારો.
સંત હું તો હસતો રોઈ રોઈ ... જગમાં.

* * *

## ૧૦૪. નશામાં હું તો મસ્ત અહા !

નશામાં હું તો મસ્ત અહા !
આજુબાજુ નાચે છે અમૃતની ધારાધારા !

ભક્તિધ્યાનને નાખો નભમાં, જ્ઞાનવાત ગંગાજલમાં,
પાતાળમહીં દાટો જપ ને મંત્ર અનુષ્ઠાન તમારાં,
મંદિર મસ્જિદ દૂર બધાં શકે પહોંચી મુજને ના ... નશામાં.

વેદકુરાન મૂકો બાજુએ, શાસ્ત્રગ્રંથ સૂકાં જાળાં:
મારા સહસ્ત્રાંશ સ્પર્શી શકશે ના એ દૂર ભલાં !
રસની છે ના કૈંય મણા, બીજી છે ના કૈંય તમા ... નશામાં.

શહેનશાહોની શી પરવા આવે પડે ચરણરજમાં,
તવંગરો તો બાલક જેવા, વિભવી મારા પડછાયાં,
એક દૃષ્ટિમાં રૂપવાનને રૂપ, ધનીને ધન દઉં હા,
ખેલ બધા એ દૃષ્ટિના, એ સૌ જાણે ચાકરશા ... નશામાં.

અધર ભરાયા, કંઠ ભરાયા, છાતી છે ભરપૂર અહા,
જહાંગીર કો કોણ જહાં, અરે અહીં અસ્તિત્વ જ ક્યાં.
સંત પ્રેમચકચૂર અહા, સ્વર્ગ મુક્તિ સૌ ધૂળ અહા ! ... નશામાં.

* * *

## ૧૦૫. મુરલી અધરે રાખી શ્યામ

મુરલી અધરે રાખી શ્યામ
આવો ફરી પ્રસન્ન થઈને સુંદર રાધા સાથ ... મુરલી.

મુકુટમાળ પીતાંબર, મારા શોભાસાગર શ્યામ !
વેણુ વગાડો, મિષ્ટ વહાવો સૂરની ધારેધાર. ... મુરલી.

વિશ્વરૂપમાં પ્રકટો અર્જુન ના હું છતાંયે નાથ !
રાસ રમાડો જુઓ હું કેવો શોભું ગોપિકા સાથ ! ... મુરલી.

સૂકીસૂકી મુજને ન ગમે કોઈ જગની વાત,
તમે જ આવો : રસ તો મારો રહે તમારામાંહ્ય. ... મુરલી.

તમે આવતાં શાંતિ મને ના બીજી કોઈ આશ:
સંત સદા પાસે જ રાખજો, રહેજો મારી પાસ. ... મુરલી.

* * *

## ૧૦૬. દર્શન દોને દીનદયાળ !

દર્શન દોને દીનદયાળ !
નંદજશોદાલાલ, મ્હારા જીવનના આધાર ! ... દર્શન દોને.

જોયું કોણ જાણે આંખોએ રૂપ શું આંખોમાંહ્ય,
તમને યાદ કરે સઘળે એ ઝંખે જોવાકાજ.
હૃદય પણ ન સમજાયે શી છે પામ્યું પ્રણયની ધાર ... દર્શન દોને.

તલસે દર્શનકાજ તમારા ચૂમવા પદરજસાથ
અંગે ચાંપો નહિ ત્યાં લગ ના વળશે ઝંપ જરાય
રાતદિવસ બસ વાટ નિહાળી બેસી રહું છું ઉદાસ ... દર્શન દોને.

સમય સ્વલ્પ-મૃત્યુ ભ્રમે શિર પર : આવો જીવનનાથ !
સંતે દીનદયાળ કહ્યા તે શું નથી સાચી વાત ?
તુલસી મીરાં સૂર અનેક વખાણે એમ જ નાથ ! ... દર્શન દોને.

* * *

## ૧૦૭. તારો મુજને દીનદયાળ !

તારો મુજને દીનદયાળ !
તો કહું શરણાગતવત્સલ, દર્શન દો મુજને આજ ! ... તારો.

યોગમાં નથી ગતિ પ્રભુ, મારી નથી જ્ઞાનભંડાર,
વિધિ નવ જાણું ભક્તિ કરવાની, ચરણે ઢળ્યો છું નાથ ! ... તારો.

આંસુ સારતો અશાંત જેવો, દીનદુઃખી, અસહાય,
આવ્યો દ્વાર તમારે, ખોલો ખોલો મંદિરદ્વાર ! ... તારો.

તર્યા ઘણા પણ તે સૌસમ મુજ યોગ્યતા નથી સાચ,
તમે જ તારો, તમે જ જીવનમરણતણા આધાર ! ... તારો.

દર્શનની ઈચ્છા છે મનમાં આ જ યોગ્યતા નાથ !
છેક છું વિકલ, વિષાદપૂર્ણ, પ્રભુ, ગ્રહો હાથ તત્કાળ ! ... તારો.

અજામીલ ને ગીધ વ્યાધ શબરી ગણિકા ગજરાય,
એ સૌ હતાં યોગ્ય ન હું તેવો : આણો ના એ આંખ ! ... તારો.

મને તારશો તો જગભરમાં કીર્તિ ગવાશે નાથ !
સંત પ્રકટ પ્રભુ થાઓ, આપો શાંતિ સ્પર્શતાંવાર. ... તારો.

* * *

## ૧૦૮. બૂઝે કેમ કરીને પ્યાસ ?

બૂઝે કેમ કરીને પ્યાસ ?

સરિતા સાગર ઝરણાં બહુયે પાણીનો શો કાળ ?
ચાતક પણ આભમહીં ઝંખે બિંદુ ચાખવા કાજ ... બુઝે.

અનેક પતિ છે જગમાં આવે તે ના કાંઈ કામ,
પતિવ્રતા જુએ રાહ કંથની ખિન્ન મને દિનરાત ... બુઝે.

રસ અનેક પણ અંતર તલસે એ જ એક રસધાર,
પ્રકટો પ્રભુ, આ મૃગજળ જેવો સંત સૂકો સંસાર ! ... બુઝે.

* * *

## ૧૦૯. વ્યર્થ કાં ધાર આંસુની સારું ?

વ્યર્થ કાં ધાર આંસુની સારું ?
થવાનું તે થતું, ના થવાનું ના : ન થવાનું ન થતું : જાણું ... વ્યર્થ.

જે સ્થિતિ આવે તેમાં રાજી રહી ગીત મુજ ગાઉં.
તારું નામ મળ્યું તે જ બસ મને શાંતિ આપવા સારું ! ... વ્યર્થ.

પ્રેમ તહારો પ્રકટ્યો એ જ મહા આનંદ હું માણું.
સંત તું જ્યાં રાખે ત્યાં સ્વર્ગથકી સુખ પામું ... વ્યર્થ.

* * *

## ૧૧૦. સખીરી, હું તો વરી છું વર વરણાગી

સખીરી, હું તો વરી છું વર વરણાગી.
કોને વરું કહેને હું તો થઈ ગઈ છું એક પતિવ્રતા નારી ... સખીરી.

મનડું મોહ્યું મારું એણે ને એને પામી સાચે થઈ બડભાગી,
જાણે છતાંયે આવી શીખ દેવાને શાને, બીજો તે કંથ કરું ક્યાંથી ?... સખીરી.

માતતાતે ઘણીયે ફોસલાવી ને અંતે હુંયે મનાવવાને આવી.
એક હ્રદય મારે કંથને ધર્યું તે તો, પ્રીતિ થઈ ગઈ છે ન્યારી. ... સખીરી.

સાચે એ કંથ પામી ધન્ય થઈ છું શાણી, ના છે રહી સુખખામી,
શ્યામકુંવર પામી સંત સખીરી, સાચે થઈ ગઈ છું સોહાગી. ... સખીરી.



* * *

## ૧૧૧. તપસ્યા માંડી છે વર વરવા !

તપસ્યા માંડી છે વર વરવા !

યૌવનવનની લતા સુકોમળ આજ ગ્રીષ્મના રવિમાં
બળી રહી છે અહા, જલે છે અંતર પણ દુઃખભર હા ! ... તપસ્યા.

આકંઠ જલમહીં ઊભી રહે દિનભર, તાપ તપે હા !
સૂતી રાત્રિમાં પણ નાઃ ઠંડી ને ગરમી એક સમાં. ... તપસ્યા.

અશ્રુ ન ખૂટે : હાય ન છૂટે : મૂક પ્રાર્થના ઉરમાં,
કરની અંજલિ કરી નિરખતી રાતદિવસ કૈં નભમાં. ... તપસ્યા.

પ્રીતમની મૂર્તિને વિનવતી હૃદય લઈને ઉરમાં.
અહા તપસ્યા, ઈન્દ્રાસન ચળ્યું, ડોલ્યા ત્રિભુવન ક્ષણમાં. ... તપસ્યા.

જીતી અંતે ઉમા, પધાર્યા પ્રીતમ પશુપતિ પળમાં,
રંડાવુ નહીં હવે તપસ્યા ફળી સંત વર વરતાં ! ... તપસ્યા.

* * *

## ૧૧૨. પી પી બંસીના રસપાન

પી પી બંસીના રસપાન,
બધી ગોપિકા ફરવા લાગી શ્યામ શ્યામ સ્વર સાથ ... પી પી.

મદમાતી ગોપીની વચ્ચે રાધા પણ મદસાથ
હાથ ઉછળે, કૂદે, રડે ને હસે, નથી રહ્યું ભાન. ... પી પી.

સાળુ એકનો પવને ઉડતો, પુષ્પમાળ વિખરાય,
કેશ કો'કના ફરફર ઊડે, કરે શૂન્યથી વાત. ... પી પી.

છાયાસરખા દેહ જણાતા આમતેમ ફરનાર,
ગૌર ગોપિકા રમે શ્યામની આગળપાછળ રાસ. ... પી પી.

હતી ન ચાખી ગોરસની આવી તો કદીયે ધાર,
અમૃતથી પણ અદકો આ તો ખરેખર રસાસ્વાદ. ... પી પી.

ભૂલી ગયેલી ભાન ગોપિકા, હા મદમસ્ત જણાય,
'શ્યામ હું' 'શ્યામ હું' સંત કરીને હરેક નાચે નાચ ! ... પી પી.

* * *

## ૧૧૩. કોઈ કહે ધન નહિ તે નર છે ભાગ્યહીન

કોઈ કહે ધન નહિ તે નર છે ભાગ્યહીન,
કોઈ કહે માનપાન વિનાની શી જિંદગી,
કોઈ કહે વૈભવ ન મળે તો શું જીવવાનું,
તે જ બડભાગ કહે બીજા સત્તાવાન જે.

પૂર્ણિમાની રાતે બેસીને એકાંતે લલનાના
અધરે ન ચૂમ્યા ખરે ભાગ્યહીન જન તે,
કમલદલથી મૃદુ અંગ અંગમાં લઈને
છાતી સાથે છાતી ન લગાવી નર હીન તે.

કોઈ કહે શત્રુ ન કર્યા તે નર ભાગ્યહીન,
કોઈ કહે શીલ મેધા વિના નર હીન છે,
કોઈ કહે જપ તપ તીરથ વિના છે હીન,
કોઈ કહે જ્ઞાનયોગહીન નર હીન છે.

કિન્તુ સંત કહે જેની વેણુમાંથી અમી ઝરે,
એવા શ્યામની ન કરી પ્રીતિ જન હીન તે.

* * *

## ૧૧૪. કરીને બંસીસ્વરમાં સ્નાન

કરીને બંસી સ્વરમાં સ્નાન,
ગોપી છે લચમચતે અંગે ઊભી રહી વ્રજવાટ ... કરીને.

એક બને છે કૃષ્ણ, ગોપિકા બીજી રાધા થાય,
કરને કરમાં લઈ રમે બે ગાતાં ગાતાં રાસ ... કરીને.

એક બને છે કૃષ્ણ પૂતના બીજી બની મરાય,
એક ગોરસી લઈ જાય ને બીજી રોકે વાટ ... કરીને.

એક બને જશુમતિ ને બીજી કૃષ્ણ થઈ બંધાય,
એક મુખે બ્રહ્માંડ બતાવે, બીજી નાચે નાચ ... કરીને.

મોરમુકુટ પીતાંબર સાથે કરમાં બંસી સાથ
એક પૂર્ણિમારાસ રમાડે, બીજી ભૂલે ભાન ... કરીને.

એક વૃક્ષ પર વસ્ત્ર લઈને ચઢે, કરે સૌ સ્નાન,
બધી કૃષ્ણ બનતી ને ફરતી અધરે રાખી હાથ ... કરીને.

સંત પ્રેમની મસ્તીમાં સૌ ગોપી મસ્ત જણાય,
પ્રભુ પ્રકટે ત્યાં પ્રેમવશ થઈ લજ્જાવશ સૌ થાય ... કરીને.

* * *

## ૧૧૫. મારા નાનાશા હૈયાને કેમ ખોલીને બતાવું

મારા નાનાશા હૈયાને કેમ ખોલીને બતાવું.
તારા પ્રેમની વહે છે કેવી ધારેધાર !
તારી સાથ કરવાની કેટલી છે વાતો ભરી,
કેમ ખેલીને બતાવું મારા હાડેહાડ !
નંદના કુમાર, વહાલા જશોદાના લાલ, ગિરિધર રે ગોપાલ !

તારા પ્રેમના નશામાં અંગ મારાં આમ ડોલે,
એ મહીં વહી રહ્યો છે તારો પ્રેમ પ્રાણ,
તારા પ્રેમથી જ જોઉં, તારા પ્રેમથી જ બોલું,
તારો પ્રેમ એ જ મારો જીવન આધાર.
નંદના કુમાર, વહાલા જશોદાના લાલ, ગિરિધર રે ગોપાલ !

શક્ત તારો પ્રેમ છે સ્મશાનથી જગાડવાને,
મૃત્યુલોકનું અમી એ પ્રાણ પૂરનાર,
સંત કહે કેટલું ? કહું જો હોત પ્રેમ ન તો
જીવન આ મારું બની જાત રાખખાખ.
નંદના કુમાર, વહાલા જશોદાના લાલ, ગિરિધર રે ગોપાલ !

* * *

## ૧૧૬. વ્રજનાં શાં ધનભાગ્ય ગણાય !

વ્રજનાં શાં ધનભાગ્ય ગણાય !
જેના હૃદય પર રમ્યા રાતદિવસ પ્રભુ કૃપાનિધાન ... વ્રજનાં.

જેની ચરણધૂલિ શિર ધરવા સુરમુનિગણ દિલ ચ્હાય.
તે પ્રભુનાં ચરણો ચુમવાને મળ્યું જેને નિત ભાગ. ... વ્રજનાં.

જપતપ કરતા કૈંક તપસ્વી જેના કટાક્ષ કાજ,
તે નંદજશોદાઘર રોતા ગોદ બેસવા નાથ ! ... વ્રજનાં.

જેના સ્મિતકાજે મરતા કૈં યોગી પણ દિનરાત,
તે પ્રભુ નાચે, રમે, સ્મિત કરે, ગોપી માખણકાજ. ... વ્રજનાં.

એ તો કાજે એકલ સમજે, ના શકે વર્ણવી વાણ,
બ્રહ્મા નારદ ઉદ્ધવ પણ જ્યાં સંત જનમવા ચ્હાય. ... વ્રજનાં.

* * *

## ૧૧૭. તમારો માનું ઘણો ઉપકાર

તમારો માનું ઘણો ઉપકાર
બદલો કેમ શકીશ દઈ, ના પ્રેમનું મૂલ્ય કરાય ... તમારો.

સ્વર્ગમુક્તિ ને જગવૈભવ પણ હાંસીમાત્ર ગણાય,
ત્રિભુવનની કોઈ યે વસ્તુ ના આની પાસ ધરાય ... તમારો.

આમ નથી નાચ્યો હું કદીયે લક્ષ્મીનારદ સાથ,
પ્રેમે ફક્ત નચાવ્યો, બાંધ્યો, નચાવતો જગ નાથ ! ... તમારો.

પ્રેમ પાસ શી લાજ જગતની, તમે ગણી ના સાચ,
ત્રિભુવનના સ્વામીને તમે જ પાયું પૂર્ણરસપાન. ... તમારો.

વધુ શું કહ્યું હવે વ્રજબાલા, પ્રભુ રડી પડ્યા રસસાથ !
અનેક રૂપ ધરીને પ્રકટ્યા ચંદ્ર જેમ મધરાત. ... તમારો.

એક શ્યામ ને એક ગોપિકા, કંઠે વીંટ્યા હાથ,
અહા, સુખ અનુપ, શરૂ થયો ત્યાં વ્રજકુંજમહી રાસ. ... તમારો.

સંત શું આ આનંદ કહેવો, ગોપી છે બડભાગ:
લક્ષ્મી નારદ જુએ આભથી સ્વને કહી કમભાગ. ... તમારો.

* * *

## ૧૧૮. બંસી મુગ્ધ કરી છે શ્યામે

બંસીમુગ્ધ કરી છે શ્યામે, કોક મોહિની નાખી છે,
હવે શ્યામને મળવા મનમાં ઊંડી લગની લાગી છે !
રાત પડી છે ને બંસીને સુણતાં ઘરથી ચાલી છે,
નથી સજ્યા શણગાર મોહિની મોહનની બસ લાગી છે !

નેનનમાં છે ઘેન : અંગથી પ્રેમગંગ શી પ્રકટી છે !
પ્રેમભરી શણગાર થઈ ધરતીનો તેવી લાગી છે !
આવી વ્રજની કુંજ હતી ત્યાં શ્યામ શ્યામ મદવાળી છે,
શ્યામ નભે, તારકમાં, વનમાં, રાત્રિ શ્યામમય લાગી છે.

શ્યામ આંખ તે શ્યામ જ જોતી, સૃષ્ટિ શ્યામમય ભાળી છે,
બંસી અટકી અહા, ગોપિકા ઘેનમહીં પછડાઈ છે.
શ્યામે જાણી વાત હૃદયની: ગોપી કરમાં લીધી છે,
અધરસ્વાદ દીધો, ગોપી તો રસસમાધિમાં ડૂબી છે !

બીજે દિન 'પતિતા' માતાએ કહી અહા, ધમકાવી છે,
શ્યામમહીં તે એવું છે શું, આ શીલતણી ન નિશાની છે !
સંત શ્યામછાતીએ છાતી મૂકી આંખ આંખે ઠારી,
થતી ઈન્દ્રિયાતીત ગોપિકા : કલ્પના ન એ આવી છે !

* * *

## ૧૧૯. જોઈ પ્રથમવાર રાધાને

જોઈ પ્રથમવાર રાધાને,
લાગ્યું પ્રાણ મુજ વિભક્ત જેવો મળી ગયો વ્રજવાટે ... જોઈ.

યુગયુગની સ્મૃતિ તાજી થઈ, ભૂલ્યો પ્રભુતા ક્ષણવારે,
મેળ વિના નહિ શાંતિ વળે, થયું, દર્દ ચાલ્યું મુજ ગાને ... જોઈ.

એ જ ગાન બંસીસ્વર મીઠા, એમાં ઉર પોકારે,
પ્રેમ લૂંટવા તલસ્યું હૃદય તે રમ્યું પાછળથી રાસે ... જોઈ.

રાધામય બધું જણાયું, રાધા રાધા રટતો શ્વાસે,
પ્રતિપાદન જગનું હું તેનું ખરે પ્રતિપાદન થયું રાધે ... જોઈ.

હું જ લાગ્યો રાધામાં રમતો ઉદ્ધવજી, કહું સાચે,
સંત કહે સમજે ભક્તન જે પ્રેમરહસ્ય પિછાને ... જોઈ.

* * *

## ૧૨૦. જોજે જતી તટે જમનાને

જોજે જતી તટે જમનાને.
એ લાગે છે શિશુ પણ અંતર ચોરી લેશે આંખે ... જોજે.

એક જ દૃષ્ટિપાત કરશે ને નાદ જાગશે પ્રાણે,
પ્રેમપીંજરે પૂરાશે, દિલ એક થવા લલચાશે. ... જોજે.

થીજેલાં જલ બરફરૂપે તે પાણીપાણી થાયે,
ઝરે ગાયના સ્તનમાંથી તે પય પણ ધારે ધારે ... જોજે.

માન કે બંસી બજવી કાને, એને સુણી ન લેજે ધ્યાને.
નહિ તો સાનભાન બધું ભૂલશે, કામ ઘરનું વિસરાશે,
જશે શ્યામ પાસે તો સઘળે શ્યામ શ્યામ નિરખાશે .. જોજે.

બંસી સુણી સૂતા જોગીઓ જાગે છે રસ માટે,
શંકર નારદ મસ્ત ફરે છે છૂપા દર્શનકાજે. ... જોજે.

સંત કહે છે ગોપી, દઉં શું વધારે શીખ હું આજે ?
જ્ઞાની સમાધિલીન હુંયે ફરું પાગલશો દિનરાતે. ... જોજે.

* * *

## ૧૨૧. બ્રહ્મ ધ્યાનમાં ધરો તો શાંતિ વળે

બ્રહ્મ ધ્યાનમાં ધરો તો શાંતિ વળે ગોપિકાઓ,
શ્યામની ન છાજે આવી પ્રીત કહું સાચે રે !
શ્યામનો સંદેશ આજઃ જ્ઞાન લો ને ધ્યાન કરો,
બ્રહ્મ મેળવો તો શાંતિ આનંદ અપાર છે !

બ્રહ્મ હો કે પરબ્રહ્મ, અમારે દ્વારે તો સંત
આવ્યા પ્રભુ બંસીસાથ એજ અમે જાણીએ,
પ્રકટ ને છોડી અપ્રકટ ને કાં શોધીએ,
અમે તો ધનભાગ્ય કૃતકૃત્ય થયાં જોઈએ !

તમારો છો બ્રહ્મ હોય અંતરમાં એક વસ્યોઃ
અમારે તો શ્યામ વિના અસ્તિત્વ ન કાંય છે,
પૂર્ણિમારાતે રમાડ્યાં રાસ તે જ છે અમારો,
એના વિના ભાળતી ના કૈં અમારી આંખ છે !

ઈશ્વર ભલે અમારા શ્યામ ન હો, ઈશ્વરથી
વધુ એમાં રૂપ રસ સ્વાદ અમે ચાખીએ,
સંત કૃષ્ણથી જ તૃપ્ત ગોપિકા અમે તો કૃષ્ણથી
વધારે ઓછો કોઈ વર નવ માગીએ !

* * *

## ૧૨૨. પડી છે ગોપી કરવા સ્નાન

પડી છે ગોપી કરવા સ્નાન.

દેવાંગના મળી સ્વર્ગેથી ક્રીડા કરવા કાજ,
જમનાને પણ શોભા આપે એવી ગૌર જણાય.
છે આવી સુંદરતા જગમાં, જોઈ નથી જરાય,
કમલ રમત રમતાં લાગે છે, હર્ષનો નથી પાર !

ઉછળતી જલ એકમેક પર, પકડે, કૂદે, ધાય,
અંગ ઉઘાડાં, ઉલ્લાસથકી પવન મધુર કૈં ગાય.
અહો, બાવરી બની જતી ત્યાં મનમાં લજ્જાસાથ:
વસ્ત્ર લઈને કામણગારો ચઢે વૃક્ષ પર શ્યામ !

હવે શું થાય, વિનવવા લાગી ગોપી જોડી હાથ,
બહાર આવો કૃષ્ણ કહે, ગોપી પામે છે લાજ.
એકમેક સંકેત કરે છે, સખી, હવે શું કરાય,
ત્યાં તો બંસીસ્વર છૂટે છે, ભૂલાવે છે ભાન.

ભેદ વિલાયે, શ્યામ વિના ના કાંઈપણ સમજાય,
સંત પ્રેમની પરિસીમા આ, ગોપી જાય બહાર !

* * *

## ૧૨૩. મધુરી મુરલી સાથે શ્યામ

મધુરી મુરલી સાથે શ્યામ,
આવો નટવર, ગોપીજનવલ્લભ, દર્શન દો આજ ... મધુરી.

જે મધુરૂપે હતી કરેલી ઘેલી વ્રજની નાર,
શિવને પણ પાગલ કરેલ તે મનમોહન રૂપસાથ ... મધુરી.

અષાઢી ગાજે છે વાદળ, વરસે છે જલધાર,
અંતર મારું ગરજતું પ્રીતમ, વરસાવો રસધાર ! ... મધુરી.

નથી લગ્ન કર્યું, તમને માનું છું એક મ્હારા નાથ,
હૃદય તમારે ચરણ ઢાળ્યું છે, સ્વીકારો મુજ પ્રાણ ! ... મધુરી.

આવો રાસ રમાડેલા તે રાત આવતી યાદ,
અંગ અનંગ વધે છે પ્રીતમ, આવો, રાખો લાજ ... મધુરી.

શ્યામ મેઘ ને આભ શ્યામ, જલ ને ધરતી પણ શ્યામ,
હૃદય શ્યામ, બધું શ્યામ, સંત ત્યાં રોઉં બનીને મ્લાન. ... મધુરી.

* * *

## ૧૨૪. અમે મસ્ત ને બેપરવા

અમે મસ્ત ને બેપરવા જુદા જ જગમાં વસનારા :
પ્રિયા પ્રિયા પોકાર કરીને મૂંગામૂંગા ફરનારા !
ને એનાં ચરણોની રજમાં રવડીરવડી મરનારા :
અમે મસ્ત ને બેપરવા.

જગને કુળના બંધન હા, બંધન આ સઘળાં ચાલ્યાં,
જુદાઈ ગઈ દૂર અહા, છે પ્રેમ વિના સૌયે નાઠાં,
પ્રેમપ્રિયા એવી છે આ : સાંખે શોક્ય ન કોઈ હા !
જગ ને કુળનાં બંધન હા !

આ મધુઝરતી આંખોમાં, ને રસઝરતા ગાલોમાં,
અમીનહરશાં ગાત્રોમાં છે ભક્તિમુક્તિ સૌ સંતાયાં,
એની રજમાં આળોટ્યાં,અમે બન્યા બસ ધન્ય અહા !
આ મધુઝરતી આંખોમાં !

તપ કે સાધન શાં કરવાં, એ છે બાહ્ય જ ડોળ બધા,
અરે સ્મરણમાં બસ એના પી પીને ચેતનધારા,
રૂપની અમીની ધારા, મસ્ત રહેવું, શું સાધન હા !
તપ ને સાધન શાં કરવાં !

મરણનીય શાને પરવા ! ક્ષણભંગુર છો કાય અહા !
કાય અમારી છાયા આ ને હૃદય પ્રિયાના છે પગમાં,
અમૃતની ચાખી ધારા તે જન્મમરણ બંને ય ટળ્યાં,
સંત અહીં તો એક પ્રિયા: પ્રિયા વિના અસ્તિત્વ જ ના,
મરણનીય શાને પરવા !

* * *

## ૧૨૫. વ્રજની ગ્રામ્ય ગોપીઓના ચરણકમલને વંદુ

વ્રજની ગ્રામ્ય ગોપીઓના ચરણકમલને વંદુ, વંદુ, વંદુ
એ ગોપીની ચરણરજ લઈ અંગ મહારું રંગું, રંગું, રંગું.

જેણે પોતાના પ્રેમથી વશ ભગવાન કર્યા એ ચારુ,
જ્ઞાન, યોગ ને ભક્તિથી થઈ અતીત ગોપી જાણું,
એ ગોપીની ચરણરજ લઈ અંગ મહારું રંગું, રંગું, રંગું.

કૃપાકટાક્ષ કરે એકલ તો સમાય જગ આ સારું.
સંત પ્રેમ શીખવનારી એ જગને એકલ માનું.
એ ગોપીની ચરણરજ લઈ અંગ મહારું રંગું, રંગું, રંગું.

* * *

## ૧૨૬. લગની એને મળવા લાગી

લગની એને મળવા લાગી.
ધૂન ક્યારથી જાણું ન લાગી : આ જ ધૂન પણ લાગીઃ ... લગની.

જેને મળવા રાતદિવસ આ ગૂઢ ગીત કૈં ગાતી,
ગંગા જેવી અનેક સરિતા વહી જતી મદમાતી. ... લગની.

સાગર ઉછળે, તલસે, છાતી સાથે ધરવા છાતી,
જેના મુગ્ધ સ્પર્શથી પુલકિત પવન વહે રસદાયી, ... લગની.

જેની પૂજામાં આ વૃક્ષો, પુષ્પો, પ્રસન્નતાથી
અર્પણ કરતા નિજ જીવનધન સંધ્યાઉષાકુમારી. ... લગની.

તારક આંખમીંચામણી કરી જાગે આખી રાત્રિ
જેની સામે, શશીરવિ કરે સેવા જેની જાગી. ... લગની.

જેના દિવ્ય રૂપને જોતી નભથાળ કરે રાખી
સ્થિર મુગ્ધા જેમ ઊભી પૃથ્વી યુગયુગ સમાધિ ધારી. ... લગની.

અરે જગત આંખુય જેના પ્રતિ ગમન કરે છે ભાઈ,
સંત એહની પાસ જવાની લગની મુજને લાગી. ... લગની.

* * *

## ૧૨૭. પ્રાણે પ્રિયતમમિલનપિપાસા

પ્રાણે પ્રિયતમ મિલન પિપાસા
સૂકો કંઠ, અધર પણ સૂરા, માગે મન રસધારા ... પ્રાણ.

કેમ બજાવું હું બીન મ્હારું, ન અંગુલિ ઉપડે આહા !
તાર નથી મળતા સંવાદે, ચિત્ત ન ઉપડે ગાવા ... પ્રાણ.

હાર સજ્યા છે કંઠ ઉપર મેં, પગમાં નૂપુર ધાર્યાં,
અલકલટ ભરી સુમધુર સુમને, પ્રિયતમ વિણ એ ઝાંખા ... પ્રાણ.

પૂછી રહી, કહો, તારકને, ક્યારે એ મળવાના ?
વાટ હું જોઉં ક્યાં લગી પ્રીતમ, ધારી એક જ આશા ? ... પ્રાણ.

સોંપી છે ચરણોમાં મારી ઉરમિલકત પ્રભુ મારા !
સંત તે નહીં ટળે પ્રભુ મળો કે હું મળીશ વિલામાં ! ... પ્રાણ.

* * *

## ૧૨૮. આજનું મારું ભાગ્ય છે ભારી !

આજનું મારું ભાગ્ય છે ભારી !

સોળે શણગાર સજી બેઠી પ્રીતમવાટ નિહાળી,
આવો આવો, એ જ નયનનાં જલમાંથી પોકારી.

પરિમલ ધારી અંગઅંગમાં બેઠી બીન બજાવી,
તાર રણકતા સ્વર વછૂટતા પ્રીતમ પ્રીતમ કાંઈ !

ત્યાં તો આવ્યો, ઘુંઘટ અળગો થયો, લાજ નવ લાગી !
અધર ના મળ્યા, ભેટ થઈ ના, જોતાં સુધબુધ ચાલી !

ધન્ય મારું, યૌવનરૂપ અહા, મિલન થયું અમૃતદાયી,
સંત ધન્ય કે પ્રીતમ ઉરમંદિરમાં સ્થાન હું પામી.

* * *

## ૧૨૯. યૌવન છે તુજ અંગલતા પર પુષ્પ સમાન !

યૌવન છે તુજ અંગલતા પર પુષ્પસમાન કુમારી !
સુંદરતા ને પૂર્વદિશા પર ઉષાસમાન સુહાતી,
કાં પુષ્પ ન ચરણે ધરતી, કાં પૂજા ના કદી કરતી.
યૌવન નષ્ટ કરે કાં અમથી ?

સ્વયંવર કર્યો ને વરમાળ ચઢાવી કંઠે તારી,
એક આંસુમાં તે સમયે જે ગીતા તારી ગાઈ,
તે આજ નથી કૈં સ્મરતી ? તે પ્રિયમૂર્તિ ગઈ મનથી ?
જારપુરુષજોડે કાં કરતી?

સાસુ નણંદ સદા ફિટકારે, બોલાવે કટુતાથી,
માતતાત ધિક્કારે, નિશદિન, સખીસાથ ફરનારી !
જા હૃદય લઈ પ્રિયતમની પૂજા કર પગમાં પડતી,
સંત એમાં તુજ શોભા ગરવી !

* * *

## ૧૩૦. વર્ષો થકી છૂટી રહ્યા સંગીતસ્વર જેવા અહો

વર્ષો થકી છૂટી રહ્યા સંગીતસ્વર જેવા અહો
આ સ્વર છૂટે છે હોય વેળા સુણવા તો સુણજો,
ઓ બંધુ, થોડીવાર સ્થિર થા ને જરાક વિચાર તો,
તારી દશા જોતાં મને આવે દયા દિનરાત હો !

ક્યાંથી તું આવ્યો ને જવાનો ક્યાં જરાક વિચાર તો,
શા કાજ આ પ્રવૃત્તિ વિશ્વપ્રપંચ ભાળ લગાડ તો,
દિનરાત આમ તું ભટકતો શાને શું ધ્યેય વિચાર તો,
આ સ્વપ્ન કે મૃગજલસમી છે વિશ્વરચના સાર શો !

ખાવાપીવામાં રત રહ્યો ને ધ્યેયને વિસરી ગયો,
મનઈન્દ્રિયો પાછળ પડ્યો ને દેહને વળગી રહ્યો,
છે તારું ના ત્યાં છેક વ્યર્થ જ મારું મારું કરી રહ્યો,
પણ તારું શું તે ચિંતતાં ના આત્મશાંતિ ધરી રહ્યો !

ના દેહ તારો પ્રાણઈન્દ્રિય ભોગ આ સંસારનો,
નિર્લેપ જેમ તું તો સદા આનંદમાં મસ્તીભર્યો,
આ જાણતો ના એટલે તો વ્યર્થ ગોથાં મારતો,
હા શાંતિ સુખ, કરતાં હંમેશા જીવતો મરતાસમો.

નિર્બળ કદીયે સૃષ્ટિના સામ્રાજ્યને માણી શકે
પોકળ કરે કદી ભોગ, સત્તા દીન શી ધારી શકે ?
કાં સિંહ જેવો છે છતાં મેંઢાસમો બેસી રહ્યો,
નિર્બળ સદા માની સ્વને શાને વિલાપ કરી રહ્યો ?

તુજને પતિત ને અધમ ને ના દીન કો'દી માનજે,
રોઈશ ના પાપી કહી, ના નીચતાને ધારજે,
મનની જ છે બાજી બધી, જે માનશે તેવો થશે,
તો મનને ઉન્નત કરીને શીશ પાવન ભ્રાત છે !

પોકાર કરતા ઋષિવરો ને સ્મૃતિશ્રુતિ વદતાં સદા
છે શુદ્ધબુદ્ધ તું મુક્ત અમૃતપુત્ર જ્યોતિ વિરાટના,
વેદાંતડિડિંમ સાંભળી તો જાગને શૂરો બની,
ગા ૐ તત્સત ૐ એજ છે સાચો ધ્વનિ.

ના ભેદદૃષ્ટિ તાહરા સ્વપ્ને ય પણ અડકાડજે,
ના હીન કોને માનજે, આત્મા બધેયે ભાળજે,
તારા વિના કાંઈ નથી અહીં એ જ અનુભવ પામજે,
જોજે પછીતી શાંતિની કેવીક વૃષ્ટિ થાય છે !

જે સ્થાન પામી અન્ય કોઈ સ્થાનની ન રહે તમા,
જે પામતાં આનંદ રસ સર્વેય ફીકા લાગતા,
એ પામ ને ફર, દુન્યવી વૈભવ તું કાં માગી રહ્યો ?
છે ૐ તત્સત અન્ય તો વૈભવતણી શી છે તમા !

આ ૐ તત્સતની ખુમારીમાં સદાયે રાચજે,
તેના મનનથી મુક્ત બનજે, શીશ ઊંચું રાખજે,
છોને તું ત્યાગે ઘર જગત તોયે ન નીચે ભાળજે,
આ ૐ તત્સત એક તુજને બાદશાહ બનાવશે !

વનમાં ફરીને ૐ તત્સત એક આ લલકારજે,
ગિરિકુહરમાં આનંદતા આલાપ એક જ માંડજે,
કૌપીન હોયે તોય મસ્તીમાં હંમેશાં મ્હાલજે,
આ સ્થૂલ પાર્થિવ જગતથી ઊંચે ઉડીને આવજે !

એ એ જ જગ છે સાચું જ્યાં ના બુદ્ધિ મન આવી શકે,
આનંદ ના, ના શાંતિ જ્યાં તિલમાત્ર પણ ફરકી શકે,
આ જગત તો છે સ્વપ્ન જેવું રમી રહે જે બાલ તે,
એ એ અભેદજગે જતાં જગ પૂર્ણ આખુંય થાય છે.

ક્યાં ભેદ જ્યાં ૐ તત્સત એક માત્ર અવાજ છે,
ક્યાં લેશ શોક હંમેશ હૈયે ૐ તત્સત નાદ છે,
ક્યાં મૃત્યુ જ્યાં ૐ તત્સતનો મહાન પુકાર છે,
આહા, અહીં તો સતત રસ ને અમીધાર અપાર છે !

ના બુદ્ધિ અહીં આવી શકે, ના સૂર્યચંદ્ર તપી શકે,
નક્ષત્ર ગ્રહ કે વીજળી આ સ્થળે નહિ ચમકી શકે,
પોતાથકી જ અરે પ્રકાશિત આ સનાતન સ્થાન છે,
પોતામહીં જ વિરાજતો આ અમરશો આલાપ છે !

એ દિવ્ય સ્થાન દિગે હંમેશા બંધુ, તારો પાય હો,
હો ધ્યેય એ જ તહારું યોગી, એ જ પાયો સર્વનો,
એ સ્થળમાં આવી જજે જ્યાંથી તું પાછો ના ફરે,
જ્યાં દ્વૈત ના એ સ્થાન કો' તારા વિના ફરકી શકે ?

બસ આ જ સમજી લે તું છે નિસ્સંગ એવો આત્મા,
શી છે પછી તારે તમા હો કે ન હો કો' સાધના,
દૃઢતા ધરીને આત્મમય થા એ જ છે ઉપયુક્ત હા,
ઓ વીર થા વિજયી, રહેતો વ્યર્થ વાતે સુસ્ત ના.

ઊંઘે ભલે જગ બાલ જેમ અને ભલે વિષયે રમે,
એકાન્તમાં વસતો તું સર કર આ મહાન પ્રદેશને,
ને જે સમે જગ મૃત્યુ વ્યાધિ દુઃખે મરીને થાકશે,
તે સમે તું હશે અમર, સુખસંજીવની તું જ પામશે !

* * *

## ૧૩૧. ન જોયો આજ જનમ પતિરાજ

ન જોયો આજ જનમ પતિરાજ
પ્રેમનું પાન ન કીધું અહીં જ તો વ્યર્થ જનમને જાણ ... ન જોયો.

શ્વાસ હતો ત્યાં લગી હોત પ્રીતમની જોઈ એ મધુરી આંખ,
શાંતિ સંતોષે તારી છાતી ભરાત, તારું સફળ જીવન થાત ... ન જોયો.

વ્યર્થ વેપારે મોહ્યો, રોકાયો, ખોયો એમાં મૂલ વિનાનો તારો કાળ;
મોડોમોડો છો જાગ્યો તેમ પૂરેપૂરો ના, બીજી જગતની હાર ... ન જોયો.

ગ્રંથજાળે ગૂંચાયો, શબ્દાર્થોમાં ભૂલાયો, જાણ્યો ના સઘળો સાર;
ખાદ્યગ્રંથો નીચોવ્યે એકેય નવ મળે કોટિકાળે ય પકવાન ... ન જોયો.

મૃત્યુના પડદાની પાછળ પ્રીતમ છે, મૃત્યુ પછી મળશું સાચ;
એવા તર્કે મોહાયો, આજ જીવનમાં ના માણી એની રસધાર ... ન જોયો.

સાંભળ સાધુ વહાલા, સંત કહે છોડીને આડીઅવળી વાત,
આજ આંખેથી વહાલો પ્રીતમ જોને પીને આજ હોઠે પ્રણયધાર ... ન જોયો.

* * *

## ૧૩૨. દૂર ગગનમંડળમાં આ

દૂર ગગનમંડળમાં આ નક્ષત્રગ્રહોની પેલી પાર,
બેઠી છે એ રૂપવલ્લરી અંગુલિ મૂકી વીણાતાર.
આંખ મળે છે અંતરમાં તે અર્ધઉઘાડા પદ્મસમાન:
સૂર સરે છે ત્યાંથી તે વ્યાપે છે વિશ્વ અખંડ વિરાટ.

એના ઘેને ગગન સભર છે, ફેરા ગ્રહનક્ષત્રો ખાય;
કૂદડી ફરે પૃથ્વી ઘેને, એજ સર્વનું જીવનતાન.
સમદર ઉછળે એજ સૂરના મધુરા સ્વરને સુણતાંવાર,
સરિતાઓ દિનરાત વહેતી જાય દૂર દેતી ઉલ્લાસ.

વાયુ એહની સૂરસુધાનો પામ્યો છે સ્વલ્પસમો સ્વાદ,
તે પાગલસરખો ફરકે છે ઠરી નથી શકતો કો' ઠામ.
આ ફૂલો ને વૃક્ષવલ્લરી, આ તારક ને ધરતીમાત,
અહા, સર્વ છે ઓતપ્રોત, એ સૂરમહીં સૌ મસ્ત જણાય.

સૂતાં બાલક માત પાસ ત્યાં, પ્રાણ પાંખથી ઊડી જાય,
સૂર સુણે તેનો આનંદ હંમેશા પાંપણ પર પથરાય.
ને મધુરા મુખમંડલ પર રાતે જે દેખાયે ઉલ્લાસ,
તે પણ તે સ્વર અંકે સુણતાં શિશુ તેની આછો આભાસ !

રૂપગર્વિતા સ્ત્રીઓમાં જે રૂપપ્રેમનો પમરાટ,
ને માનવની આંખોમાં, વાણીમાં જે માધુર્યપ્રકાશ;
અંગઅંગમાં હલનચલન ને જીવનનો જે લાગે સ્વાદ,
દિલ ખેંચાયે એકમેક પ્રતિ એ સૌ મહિમા સ્વરનો સાચ.

આજ જીવનમાં એ સ્વર ઝીલી જે જીવન એ સ્વરમય થાય
તેની આગળ એ જગમાતાની પ્રકટ થતી અમૃતની ધાર.
સંત એહના સ્પર્શથી જ કે પામી એનો દૃષ્ટિપાત,
સંશય મટતાં દ્વૈત મટે, અમર બને, મરતી જગની જાળ !

* * *

## ૧૩૩. વ્રજ ના આવે તુજને યાદ ?

વ્રજ ના આવે તુજને યાદ ?
પ્રભુ તું તને ના સ્મરે, અમે તો કરતાં તુજને યાદ ... વ્રજ.

સમજુ થયો તું સમજ પણ કરતી કૈં યે ના અહીં કામ,
સદા યાદ કરતાં રોઈએ યાદ કરી શિશુકાલ ... વ્રજ.

એ માખણ ને દહીંતણો રસ, મીઠીમીઠી વાત,
ખરે તને એ સુખ ના જ હશે વિભવી મથુરામાંય.

મુકુટ પહેરી કરમાં ધારી બંસી કેવો કાન,
નાચ નાચતો આંગણમાં, ત્યાં એમ નચાયે નાચ ?.

ક્યારે આવી માતાને ધરશે તું પ્રેમસ્વાદ,
એકવાર તો આવ નાનું પણ સુંદર ગોકુલગામ.

એ જ વધુ શું કહું રડી પડે જશુમતિ ગદગદ્ સ્વર સાથ,
ઓધવજી, હું શું કહું એ શિશુને, નંદ થકી ન વદાય ! ... વ્રજ.

* * *

## ૧૩૪. પ્રેમબળસમ બળ ના જગમાંય

પ્રેમબળ સમ બળ ના જગમાંય,
એક પ્રેમના બિંદુતણો છે બીજા બલથી ભાર ... પ્રેમ બળ સમ.

માતાનો સંદેશ નિહાળી ઉકળે મારાં ગાત્ર,
યાદ આવતાં વ્રજ ને શૈશવ મુજને તો દિનરાત... પ્રેમ બળ સમ.

અહા જશોદામાત બિચારી પ્રેમમૂર્તિ બડભાગ,
અહા ગોપિકા, કેમ ભૂલાયે રાસતણો એ સ્વાદ ! ... પ્રેમ બળ સમ.

એ વ્રજમાં ના હોત રમ્યો ને ઉછર્યો તો ના સાચ
થાત યૌવનનું રાજ્ય અને આ સ્મિત ચારુ ખરે ભાત ... પ્રેમ બળ સમ.

સંત શ્યામ વદતા નહિ મુજથી હવે અહીં રહેવાય,
છાયા મારી અહીં રહેશે હું તો રહું વ્રજવાટ ... પ્રેમ બળ સમ.

કહે સંત તે ક્ષણથી પ્રતિક્ષણ લીલા વ્રજમાં થાય,
પ્રભુનો પ્રાણ પ્રકટતો ત્યાં તો પ્રેમનું બળ એ માન ... પ્રેમ બળ સમ.

* * *

## ૧૩૫. હજી કેમ ન ઊઘડ્યાં દ્વાર

હજી કેમ ન ઊઘડ્યાં એ દ્વાર પહેલાં એ પૂછતો'તો દિનરાત,
મુખ મ્લાને આંસુભર આંખે હતો જોતો રાહ કરી પોકાર;
તારું હૈયું કઠોર ન પીગળ્યું આંસુથી, સ્પર્શ્યો તને ના પોકાર,
આજથી મારો બીજો છે રાહ, ગવાશે જુદાં મારાં પ્રેમનાં ગાન.

હરકાલ મને તુજ ભેટ થઈ ના એ દર્દ રહ્યા કરશે,
ઊંઘમાંથી જગાડશે ને શ્રમ લેવા સૂતેલ ઊભો કરશે,
પણ 'આવ તું' 'આવ તું' એ મારાં ક્રંદન ના કદીયે છૂટશે,
તારી રાહ જોતી મારી આંખ તારે રસ્તે ના કદીયે ઠરશે.

મારા પ્રેમમાં મસ્ત રહીશ સદા આવો પ્રેમ ભલે વધશે,
આંસુમાળા ગૂંથીશ ને પોકારનાં મારા સ્તોત્ર ઘણાં બનશે;
એ બધાંને લઈને આ કાળની અંગુલિ ઝાલી તારા ચરણે
આવી બંધ આંખે મારા અંતર સાથે ભરીશ સ્મિતભર રે !

સ્મિત હા ! તે સમે મારી પાંપણ ને અધરો પર જે ઝળશે,
તેને જોઈ તને પણ લાજ થશે, તેને ચાખવાને મથશે,
એમાં જીવન મારું સમાપ્ત થશે, મારું કાર્ય સંપૂર્ણ થશે,
મારા ગાનનો છેલ્લો સંવાદ એમાં ઊઠશે, તુજમાં મળશે !

તારા મિલનકાજે કાં ઝંખુ છું હીન હું રૂપશક્તિને ગુણે,
સારો કાળ હું પ્રેમની મૂક વ્યથામાં આનંદું પ્રસન્ન મને,
આંસુમાળ ચઢાઉં ચઢાઉં વ્યથા ને આ અંગે એક ક્ષણે,
તું જ દ્વાર ઉઘાડીને પ્રેમકાજે મારી પાછળ ત્યાં પડશે !

* * *

## ૧૩૬. ઓ મુજ ભ્રાત

ઓ મુજ ભ્રાત, તો પાછો ફરીશ આ આંખે લઈ આંસુધાર !
ખખડાવ્યાં પોકારો પાડીપાડી તોય ના ઊઘડ્યાં એના દ્વાર.
આ તો પ્રેમનું દ્વાર, ઓ પ્રેમી, ન એક પોકારે કાંઈ ખુલી જાય
એમાં નૈરાશ્ય આશ ને આંસુ એ આનંદ, જીવન મૃત્યુ જણાય.

નિયમો અહીં ન્યારા, રહે એકસાથ અહીં તો સાંજસવાર,
હરકાલ થતો પ્રેમનાદ, નથી અહીં એક અંધારી રાત,
કુરબાન કરી દે, કાયાને કંઠમાં ધારી શકે વરમાળ,
આ છે પ્રેમગુલાબ તો કંટકનો પણ લેવો પડે જરી સ્વાદ.

તને જીવન છે પ્રિય કે એને જીવન દેનાર એ રસરાજ,
હોય જીવન તો જજે ભુંડની જેમ તું પાછો ભવે સુખકાજ,
નહિ તો પ્યારા જીવનપ્રાણની પાછળ થાજે હસી કુરબાન,
અરે અંગ તે તો જડ ; ચેતન એ મળે : સસ્તો સોદો પરમાણ !

સુણ, કો'દી નિરાશ થજે ના, એવા માટે બંધ થઈ જતાં દ્વાર,
લાખવાર ઠોકારે ને ઊઘડે ના તોય ગાજે તારું મૂક ગાનઃ
એકવાર તો એહના કર્ણે જરૂર પડી જશે ઓ પ્રેમીપ્રાણ,
ત્યારે દ્વાર ખુલી જશે, રાત લાગે છે તે લાગશે પૂર્ણ પ્રભાત !

પછડાઈ છુંદાયેલાં અંગ તારાં, મૂક વ્યથાના આઘાત,
એની છાયાના સ્પર્શે જ દૂર થશે, થશે વીણાના તાજા તાર;
અરે આઘાત ને પ્રત્યાઘાત પછી તો આ પામતી સૃષ્ટિ ઉલ્લાસ
મારા પ્રેમ, તું તો એના પાયે નૂપુર થા, થાજે એમાં જ કૃતાર્થ !

* * *

## ૧૩૭. મારું અંતર નિર્મલ છે નહિ

મારું અંતર નિર્મલ છે નહિ : ત્યાં તારા કેમ ઠરી શકે પાય
નથી જાણતો પ્રેમની વાત હું : આકર્ષુ કેમ કરી તને હાય !
તો શું એક દિને તારો મોહક મુગ્ધ ન પામીશ દૃષ્ટિપાત,
નહિ એક દિને તારા પ્રેમસ્પર્શે મારાં રોમરોમ ઊભાં થાય ?

મારા શીશને ખોળલે રાખીને ના મારી લુછીશ આંસુની ધાર ?
મારા શીશ પરે પાય મૂકી નહિ ગાઈશ પ્રેમનું ગાન ?
હરકાલ તને જોઉં, વાત કરું, તારી સાથે, ગાઉં મારું ગાન,
કદી એ નહિ લહાવ મળે મુજને, શું હું યોગ્ય નથી તલભાર ?

ભલે, આ જગના પટની ઉપરે જ્યાં જ્યાં ઠારું મારી મધુ આંખ,
તારી ઝાંખી ઊઠે ત્યાં અને મારા પ્રાણને ખેંચે તારો રસપ્રાણ.
હરકાલ સદા તારી આ જ વ્યથા મારા હૈયાને કોરી ખાય:
નથી યોગ્ય હજી થયો તારે કાજે : મારામાં પ્રેમની કચાશ.

ચઢું રાજ્ય સિંહાસન કે કદી ધારું હું ધન્ય થતો અવતાર,
મળે યૌવન સુંદરતા મારી ચોપાસે જીવનનો ઉલ્લાસ,
ત્યાંયે ઓ મારા પ્રાણ, એ પુષ્પની સેજે હો દર્દના તારા અંગાર:
નથી યોગ્ય હજી થયો તારે કાજે : મારામાં પ્રેમની છે કચાશ.

આજ મૂક વ્યથામાં હું માણી રહું મારા પ્રેમનાં મીઠાં ગાન,
એમાં એવો તો મસ્ત બની રહું ઓળખું આવે તું તોયે ન સાચ,
પણ ત્યાં લગ તો હરકાલ પિડાઉં ન પામ્યો કટાક્ષપ્રસાદ,
નથી યોગ્ય થયો હજી તારે કાજે, મારામાં પ્રેમની છે કચાશ !

* * *

## ૧૩૮. અધમતા એ જ સંત, પરમાણ

અધમતા એ જ સંત, પરમાણ.
ઈશ્વરનાં દર્શન ન થયાં તે અધમ નીચ અવતાર.

પશુપંખી વનસ્પતિયે એથી ભલાં કૃતાર્થ તું માન,
ધર્મ બજાવે પોતાનો, કાં મનુજ ગણાય મહાન !

ચંદ્ર વિના ન ચકોરી બેસે, તેજ વિના અંધાર,
દેહ વિના છાયા નવ જીવે, ઉત્તમ એને માન.

જ્ઞાન શું કામનું, યોગ ભક્તિ ને તર્કતણી આ જાળ,
પ્રભુ ના પ્રકટ્યા એ જીવનની કિંમત ધૂળ સમાન.

પ્રભુના વિના પલક કેમ પડે, લેવાયે શે શ્વાસ ?
એ જગજીવન વિના કદીયે જીવન શે જીવાય ?

બ્રાહ્મણ એ જ, એ જ ઉત્તમ, જે પામે પ્રેમપ્રસાદ,
એ જ વંદ્ય ને મનુજ, થાય બીજા તો માને ભાર !

* * *

## ૧૩૯. નથી કરી કદીય ભક્તિ

નથી કરી કદીય ભક્તિ, ના કદી સુખે સ્મર્યો,
દયાતમી કદીય યાચના કરી નથી પ્રભો !
હજારવાર હાથ જોડું નાથ ઓ પધારજો !
પગે હજારવાર લાગું, નાથ ઓ પધારજો !

નથી જરાય શક્તિ, ફક્ત પ્રેમથી પધારજો,
કૃપાકટાક્ષથી મને નવીન જન્મ આપજો,
હજારવાર હાથ જોડું નાથ ઓ પધારજો,
પગે હજારવાર લાગું, નાથ ઓ પધારજો !

પડ્યો છું પાપમાં પ્રભો, શરણ્યને સ્વીકારજો,
થશે વિચિત્ર શી દશા પ્રભો, જરા વિચારજો,
સ્વીકારશે જ કોણ જો તમે નહીં સ્વીકારશો,
હજારવાર હાથ જોડું, નાથ ઓ પધારજો !

ભલે પછી અનેક ડારતી વિપત્તિ નાખજો,
ભલે અનેક જન્મ આપજો, ભવે ભાવજો;
કૃપા કરી પરંતુ એકવાર દર્શ આપજો.
હજારવાર હાથ જોડું, નાથ ઓ પધારજો !

તમે જ દ્રૌપદીપુકારને સુણી પ્રભો, ઊઠ્યા,
તમે જ સ્થંભથી થયા પ્રાશ, રાસમાં રમ્યા,
ગજેન્દ્રબંધને હર્યો શું દીનની નહીં સુણો ?
હજારવાર હાથ જોડું નાથ ઓ પધારજો !

* * *

## ૧૪૦. પ્રેમાર્ણવ મુજ પ્રિયતમ પ્યારા !

પ્રેમાર્ણવ મુજ પ્રિયતમ પ્યારા !
હૃદય લઈને અળગા કેમ થયા ઓ વહાલમ, મારા ! ... પ્રેમાર્ણવ.

રૂપ તમારું અલૌકિક ભાળી થઈ તમારી વહાલા,
ચેન પડે ના, રાતદિવસ ના ખૂટે આંસુધારા ... પ્રેમાર્ણવ.

કર્યો પહેલાં ખૂબ પ્રેમ તે ભૂલી ગયા શું વહાલા ?
રાસ રમાડ્યા તે પણ ભૂલ્યા, ઓ શિરમુકુટ મહારા ! ... પ્રેમાર્ણવ.

નથી તમારી મટતી સ્મૃતિ એક ક્ષણે, ને ઉરમાં આ
થતી વ્યથા સાથ રહેવાને, ક્યારે દયા થશે હા ! ... પ્રેમાર્ણવ.

ભાવતું અન્ન નથી ને જલની પણ છે જાણે બાધા,
રાતદિવસ રહું અચેત જેવી, આવો પ્રાણ મહારા ! ... પ્રેમાર્ણવ.

આ દાસીની વિનતી ધ્યાને લેશો એ છે આશા !
એ જ પ્રભો, લખિતંગ તમારી ખૂબ વહાલી રાધા ... પ્રેમાર્ણવ.

* * *

## ૧૪૧. શરણાગતવત્સલ શ્યામ

શરણાગતવત્સલ શ્યામ !
રસવર રાધારમણ મધુર મનમોહન શ્રી ઘનશ્યામ !

સકળ ઈન્દ્રિયો આજ મળીને તમારું લે છે નામ,
નમસ્કાર આ પ્રાણ કરે છે તમારો જપી જાપ.

અંશધાર આ જગતરસ અહા, તમે જ અમૃતધાર !
મળ્યા વિના ના શમશે મારા મનના આ ઉકળાટ.

પૂજાપુષ્પ બનીને દેહ પડ્યો આ ચરણોપાસ,
ગમે તે કરો સંત તમારે શરણે આવ્યો નાથ !

* * *

## ૧૪૨. પ્રેમ સારસનો અનુપમ માન

પ્રેમ સારસનો અનુપમ માન
વિરહ થતાં જ પ્રાણ નવ ધારે, જીવે રહતાં સાથ ... પ્રેમ.

ચંચુ મિલાવી ચંચુસાથ કરતાં કૈં મધુરી વાત,
છૂટાં રહે ના એક ક્ષણે, બંને છે એક જ પ્રાણ ... પ્રેમ.

ધન્ય ધન્ય પંખી પણ પ્રેમી ગુરૂ જેવાં એ જાણ,
સંત લે તું શિક્ષા પ્રેમ વિના જીવનમાં ના સાર ! ... પ્રેમ.

* * *

## ૧૪૩. હવે નહિ મારાથી રહેવાય

હવે નહિ મારાથી રહેવાય.
તારા વિનાનું જીવન મુજને મૃત્યુ સમાન જણાય. ... હવે.

ભલે તું પ્રીતમ નહિ આવે અહીં, હું જ આવીશ તુજ પાસ,
મીન શું જલવિણ જીવી શકે, શું જીવે જન ગતપ્રાણ ? ... હવે.

તારા વિના ફરવું ને મોઢું બતાવવું કાળ જણાય,
પૂછે કો'ક શું પ્રીતમ આવ્યો, આપું હું કેમ જવાબ ? ... હવે.

વાટ ઘણી જોઈ, રાત્રિ ઘણી વીતી વેદન સાથ,
આમ જ વહી જશે જીવન આ ? જીવનનો શો સાર ? ... હવે.

એ જ બહેતર તારી પાછળ અર્પણ કરું મુજ કામ,
પોકાર કરી કરું પ્રતીક્ષા જ્યાંલગ જીવન શ્વાસ. ... હવે.

દયા આવતી હોય, હોય પીગળતો જો ને પ્રાણ,
તો દર્શન દે બીજું નથી કૈં આ જીવનથી કામ ... હવે.

તારે કાજ શરીર જશે તે ધન્યતા હશે સાચ,
એવો અવસર ક્યાંથી મારા ગરીબજનની પાસ ? ... હવે.

આવે તો કર કંઠે વીંટી સુંદર બનું ઉપહાર,
સંત ભલે ન પધારે, આવું છું માળા બનવા કાજ ... હવે.

* * *


## ૧૪૪. હવે તો સખી, તે જ દિને નાચું નાચ

હવે તો સખી, તે જ દિને નાચું નાચ,
પ્રીતમસ્પર્શથી પુલકિત થાય મારાં મ્લાન થઈ ગયાં ગાત્ર ... હવે તો.

આ જ તો ખૂટતી અંતરમાં નથી વિરહદર્દની હાય,
આજ તો અંતર ઢાળ્યું છે ચરણોમાં, આંસુના ગૂંથ્યા હાર ... હવે તો.

આનંદ ક્યાંથી, પામી જ્યાંલગ પ્રિયનો ના સ્પર્શ સદાનો સ્વીકાર;
આજ તો ચરણોમાં ઘુઘર નહિ બાંધું, ધારું ક્યાંથી કરતાલ ! ... હવે તો.

તે જ દિને થશે નૃત્ય મહારું સખી કીર્તન ભર ઉન્માદ,
સંત જ્યારે એ વહાલો વેણુ વગાડી મને રંગે રમાડશે રાસ ... હવે તો.



* * *

## ૧૪૫. આવો પ્રભુ, બોલતાં પ્રેમનો બોલ

આવો પ્રભુ બોલતાં પ્રેમનો બોલ !
આંખ ભરીભરી જોઉં તમારાં અંગ સુડોલ વિલોલ ... આવો.

નેનનો પામું પ્રેમપ્રસાદ ને એથી બનું તરબોળ,
પ્રેમના સાગરે સ્નાન કરું પ્રભો, થાઉં તમારો જ સ્ત્રોત ... આવો.

આવો તમારા સુણી મધુરા સ્વર જીવન પામશે શ્રોત્ર,
આવો થશે સ્પર્શથી પદ્મપાંખશી આંખ રસે ઓતપ્રોત ... આવો.

આવો પદધ્વનિ સુણતાં છૂટશે દિવ્ય આ પ્રાણસરોદ,
સંત કહે કર જોડી પ્રભો, કોની પાસેથી પામીશ હોંશ ! ... આવો.



* * *

## ૧૪૬. સંસારે રહેવું શે ફાવે

સંસારે રહેવું શે ફાવે !
તારા આવા પ્રેમી પીંજરે પૂરાવું સુખકર લાગે ... સંસારે.

ખરે નથી આ રૂપ જોયું વિષયે રમતા લોકોએ,
નહિ તો ઈન્દ્રિય એકે જીવત તારા વિના કદીયે ? ... સંસારે.

અહા રૂપ સુંદર, ઉપમા કો એની હાથ ન આવે,
પ્રેમ દિવ્યતા સુંદરતાનું વિરાટ રૂપ છે જાણે ... સંસારે.

શરીર શ્યામલ, મોરમુકુટ ને પીતાંબર, કરમાંહે,
વેણુ, તીર જમનાને ઊભો એ મનમોહક આંખે ! ... સંસારે.

સંધ્યા ઉષા કમલ ને સુંદરતાના સર્વે રંગો,
એના ગુલાબથી પણ સુંદર પગથી જ ઊઠ્યા લાગે ... સંસારે.

આવા રૂપ અજોડ વિના શે જીવન જીવવું ભાવે,
સંત કહે પ્રભુ, તેથી ઝંખું છું, મૂકો પુષ્પશો પાયે ! ... સંસારે.

* * *

## ૧૪૭. મારી રાખોને આજ પ્રભુ લાજ રે

મારી રાખોને આજ પ્રભુ, લાજ રે શામળા ગિરધારી !
એમાં લાજ તમારીયે સાચ રે, શામળા ગિરધારી !

જગત કહેશે અધમ ને પતિત પણ તર્યો આજ,
નહિ તો શંકા લાવતાં દેશે સૌ ફિટકાર.

નથી કોઈ મારી આશ રે, શામળા.
એક દર્શનની લાગી પ્યાસ રે, શામળા.

મીરાં ધ્રુવ પ્રહલાદ ને અનેક તાર્યાં નાથ,
નરસૈયાના કંઠમાં આરોપ્યો પ્રભુ હાર !

મારે એક તમારો આધાર રે, શામળા,
નથી શક્તિ ભક્તોના સમાન રે, શામળા.

મૂકીશ શિર પર પાય આ સુરભિભર પ્રભો, સાચ,
ફેરવું આખા અંગ પર એને એ અભિલાષ !

ત્યારે શાને લગાડો વાર રે, શામળા.
ટેક રાખો છો સંતની ગવાય રે, શામળા.

* * *

## ૧૪૮. હવે તો આવો તે લો નાથ !

હવે તો આવો કે લો નાથ !
બીજો રહ્યો નથી કૈં વચ્ચે આડોઅવળો માર્ગ : ... હવે તો.

ચાતક પાસેથી શીખ્યો છું લગનીની આ વાત,
અસાર બીજા સ્વાદ તમારા વિણ ના બૂઝે પ્યાસ... હવે તો.

કંઠ કપાયે, ગરદન તૂટે, છૂટે છોને ગાત્ર,
ચકોરી કહે ઝંખ હંમેશા કૃષ્ણચંદ્રની આંખ ... હવે તો.

તમે ચખાડ્યો પ્રથમવાર પ્રભુ, આ અમૃતનો સ્વાદ,
આમ જ નશો ચઢે છે એની હતી તમોને જાણ ... હવે તો.

ઝંખ એહને જરૂર કરુણા કરશે કરુણાનાથ,
સંત આ જ જીવન બીજા તો જન્મી મરતા માન... હવે તો.

* * *

## ૧૪૯. હજી પ્રભુ, કેમ લગાડો વાર ?

હજી પ્રભુ, કેમ લગાડો વાર ?
અનેક કાજે ઉઘડ્યા મુજકાજે નહિ ઉઘડે દ્વાર ? ... હજી.

દયાનિધાન, બનાવો મુજને માત્ર દયાનો પાત્ર,
નથી બલ મ્હારામાં કાંઈ, સૂકાં છે મુજ હાડ ... હજી.

પરીક્ષા મ્હારી કરવાની મૂકી દો હવે વાત,
છેક છું નિર્બળ, કૃપા કરો પ્રભુ, કરી રહ્યો છું પુકાર ... હજી.

તમને પણ શું હું મોઢું બતાવું પડી ગયું વારંવાર :
વિરહ યાદ આવે, અધમાધમ કેવો મારો પ્રાણ ! ... હજી.

નથી યોગ્ય જો મુજ કાજે ઉઘડી શકશે ના દ્વાર,
તો પ્રભુ, તે પણ પ્રકટ કહી દો, રાખું ક્યાં લગી હામ ? ... હજી.

* * *

## ૧૫૦. વહાલા ઓ મારા ઘનશ્યામ !

વહાલા ઓ મારા ઘનશ્યામ !
ગોપીજનવલ્લભ ઓ રાધારમણ, જગતના રામ ... વહાલા.

કોણ કહે છો શ્યામ તમે, છો સુંદર રૂપનું ધામ;
શ્યામલ આભ ક્યાં રહે શ્યામલ જેમ સમીપે જાવ ... વહાલા.

રૂપાતીત તમે પ્રભુ, પ્રસર્યા જલ સ્થલ સર્વે ઠામ,
પ્રેમીકાજે પ્રકટો રૂપ ધરીને દિવ્ય અપાર ... વહાલા.

હૃદયપીંજરે રહો, જોઉં તમને બસ સર્વે ઠામ,
લોભી ધનને સંત જતન કરી તેમ રાખું મુજ દામ ! ... વહાલા.

* * *

## ૧૫૧. જોગી, કર અંતરનો જોગ

જોગી, કર અંતરનો જોગ.
આડોઅવળો ભમે શું ભૂલી અંતરમાર્ગ અમોલ ... જોગી.

એક વાદ્ય પ્રકટે જેમાંથી શાંત પ્રેમલ સરોદ,
એક મૂળ તીરથ વસતા ત્યાં દેવ, ત્યાં જ રસસ્ત્રોત ... જોગી.

કર વિશુદ્ધ તો બનશે એ જ ગુરુ ને સ્થાન અજોડ,
સર્વ વસ્તુમાં દેખશે પછી આત્મતત્ત્વની છોળ ... જોગી.

બનશે જીવન કૃતાર્થ, રહેશે સાધનની ના ખોટ,
સંત કહે એ રસની આગળ જોશે ફોક ત્રિલોક ... જોગી.



* * *

## ૧૫૨. પ્રાર્થના સ્વીકારજો આ નાથ !

પ્રાર્થના સ્વીકારજો આ નાથ !
દર્શન દેજો કૃપા કરીને દીન છું જો કે બાલ ... પ્રાર્થના.

રૂપ તમારું ન જોશે ત્યાંલગ મીંચાશે ના આંખ,
શૂન્યમનસ્ક ફરાશે સુણશે જ્યાંલગ કર્ણ ન નાદ ... પ્રાર્થના.

શાંતિ થશે ના જ્યાંલગ શિર નવ મૂકીશ એ મધુ પાય,
અગાંગ ન ચાંપીશ એ થકી ત્યાંલગ જશે ન હાય ... પ્રાર્થના.

દીન હું તો પોકારી જાણું, કદીપણ સુણજો નાથ,
કૃપા કદીયે કરશો એ આશાએ જ લઉં શ્વાસ ... પ્રાર્થના.



* * *

## ૧૫૩. કદીપણ દર્શન દેશો શ્યામ ?

કદી પણ દર્શન દેશો શ્યામ ?

અહા, મ્હારા દીન પર કૃપા કરશો સુખના ધામ ?
અહા, મુજ સુદામાની કરશો મઢૂલી પાવન નાથ ?

અહા, તમારો સ્પર્શ શું મળશે, મળશે સ્વરસમુદાય ?
અહા, પદધ્વનિ કેવો, તેથી પુલકિત બનશે પ્રાણ ?

અહા, તમારી આંખલડીમાં મળશે મારી આંખ ?
અહા, તમારા તેજવર્તુલે મળીશ બિંદુસમાન ?

અહા, પ્રભો, સાચે જ આવશો આજે મારે દ્વાર ?
અહા કેમ સન્માન કરીશ, દઈશ પાયમાં પ્રાણ !

માખણ બહુ ભાવે છે તે પ્રભુ, ખાજો મારી સાથ,
ગીતા ગાજો, સંત ખરેખર દયા થશે ઘનશ્યામ !

* * *

## ૧૫૪. તારી ઝાંખી જોઈ મારી આંખ

તારી ઝાંખી જોઈ, મારી આંખ ગઈ અલિ જેવી તારે પદ્મપાય,
તારા દિવ્ય સ્વરો સુણતાં મારાં પૂરાયાં કર્ણપક્ષી તારે દ્વાર,

તને જોવા માંડ્યો બસ ને જ્યારે એ સુણ્યો પદધ્વનિ શાન્ત,
જોયું આંખનું નર્તન, એ મધુરું સ્મિત, ના જ રહી ત્યારે હામ.

પછી તો તેં દબાવ્યો મને તારી છાતીએ, છેક રહ્યું નહિ ભાન,
તું છે શ્યામ કે શ્યામ હું સંત મળી ગયાં દૂધ ને પાણી સમાન !

* * *

## ૧૫૫. તું બજાવશે સૂર છો બંસી લઈ

તું બજાવશે સૂર છો બંસી લઈ કરતાં મધુથી મધુ નાચ,
હું યે હૈયાને ખાલી કરીકરી ગાઈશ, નાચીશ નેહે નાચ;

વનમાં વનમાલી થઈ ફરશે તું, હું યે તારી સાથોસાથ,
વનદેવતા જેમ ફરીશ પહેરીને મોરમુકુટ ને માળ.

આમ તારામાં હું જ રહીશ ફરીશ મારામાં કે તું યે સાચ,
સંત રાધાને શ્યામ બનાવી છે તે હવે ગૌર કદીયે થાય ?

* * *

## ૧૫૬. તું બજાવશે સૂર હું તારે પાયે પડી

તું બજાવશે સૂર હું તારે પાયે પડી મૂકીશ ધૂલિમાં કાન,
એમ અંગમાં આવીને શ્વાસથકી હું વહીશ સ્વરેસ્વરમાંય;

કદી ધુઘર બાંધીને નાચશે તો હું થઈશ એમાં ઝંકાર,
પડઘો પદના ધ્વનિનો - એમ માન તું કાયા બનીશ હું છાય.

મધુમાળ પહેરીને શોભશે એમાં બનીશ હું તારી સુવાસ,
સંત કેટલું બોલું, તું શ્યામ બની, બન્યો રાધા હું તો ઘનશ્યામ !

* * *

## ૧૫૭. તારે કંઠે ગૂંથી મારા હાથનો હાર

(૧)

તારા કંઠે ગૂંથી મારા હાથનો હાર હું જોઈ રહેતો’તો આંખ,
કદી લોલ કપોલે કપોલ લગાડી બની જાતાં એક સમાન,
એમાં કૈંક કલાક વહી જતા કોઈક સુંદર સ્વપ્ન સમાન,
તને યાદ છે? એ જ જલે મારા જીવનનો ફાલ્યો છે આજે બાગ.

ધર્યું ધ્યાન નહીં, ન સમાધિકાજે કરવી પડતી બંધ આંખ,
એકમેકપ્રતિ જોતાં ઊભાં રહી જડ મૂક કરી કાંઈ વાત,
અરે દેશ એ ઈન્દ્રિય ને મનબુદ્ધિથી છેક અતીત મહાન,
તને યાદ છે? રાચતાં’તાં તેમાં તેનો જ માણું છું આજે ઉલ્લાસ.

ને તે કાલે જ્યારે તારી આંખમાં આવ્યાં’તાં આંસુનાં ફૂલ અપાર,
કેવું કોમલ શોભી રહ્યું મુખ ઝાકળથી ભર પદ્મસમાન,
તને છાતીએ લીધી ને આરોપી તે મારાં કંઠમાં એ મોતીમાળ,
હતો કાલ ક્યાં - સ્થાન ક્યાં - દેહ ક્યાં - આવે તને જરીયે એ યાદ ?

એ જ સૂતા સરોદે ગવાતાં આજે મારા અંતરનાં મધુ ગાન,
એ જ શક્તિએ મુક્તિનાં દ્વાર ઉઘાડ્યાં ને ધન્ય કરી દીધો પ્રાણ,
જાણે એ બધું તો પણ પૂછે છે આજ આ જીવનધન્યતાકાજ,
કહી આટલું તો દઉં સ્વલ્પ, ન પ્રેમનો શબ્દે થતો અવતાર!

(૨)

અને મૌનને કાજે પૂછે છે તો આજ છે એનો ન્હાનોશો જવાબ :
આંખ સાથે મળી તારી આંખ રહે છે અમીઝરતી દિનરાત,
કોની સાથે વાતો કરવી મારે બીજું તો કોઈ અહીં ન જણાય,
કોણ સાંભળે બોલે, હું યે તારા સાગરનો છું તરંગ જ માન.

પહેલાં પ્રિય વાતો થતી’તી, ઘણાં ઘણાં છૂટતાં’તાં સ્વરગાન,
કિન્તુ કંઠે વીંટ્યો કર તેં અલિ પદ્મમહીં હું બની ગયો માન;

તોયે સ્પષ્ટ ન એવા હતા છૂટતા સ્વર હોઠ મળ્યા ત્યાં તો હાશ,
મારો પ્રાણ મળી ગયો ક્યાં ન કહી શકું, હું જ બની ગયો ગાન !

કદી એ દિવ્ય આનંદના ધ્વનિ જેવો છૂટી સ્વર કોઈક જાય,
ત્યાં તો ભીડે તું બાથ ને આંખ ઠારે ત્યાં તો ઉડી ક્યાંયે રહું આભ !
તારો પ્રેમ છે એવો તું છૂટવા દેતી નથી કંઠની કરમાળ,
અધરે જડ પલ્લવ જેમ મળી ગયા કેમ છૂટે હવે હાય !

(3)

તારો સ્પર્શ આ માન કરોડ ચંદ્રોથકી શીત વધુ રસવાન,
એ જ કારણ માહરી આંતરશક્તિનું ને ધન્યતાનું પ્રમાણ,
કોને જાણ હતી એક દૃષ્ટિરશ્મિમાંથી ઊગશે આવી સવાર,
કોટિ કલ્પોથી પ્રેમ લઈ રમતાં સંત આપણી આ મધુવાત.

* * *

## ૧૫૮. જ્યાં જ્યાં જોઉં ત્યાં શ્યામ જણાય છે

જ્યાં જ્યાં જોઉં ત્યાં શ્યામ જણાય છે આ તે આશ્ચર્ય કેવું અપાર !
કાંઈ કીકીમાં કાજળ તો નથી અંજાયું, રંગ નથી ઘનશ્યામ ?

અરે આ તે શું જાદુ, ગઈ'તી કે કુંજમાં આજે કનૈયાની પાસ,
એણે આશ્લેષ દીધો'તો, આંખ ઠરાવી'તી, દૃષ્ટિ એથી થઈ શ્યામ ?

હા હા ગોપિકા, પ્રેમની રીત છે એવી, એ સંત સાચી દૃષ્ટિ જાણ,
પ્રેમકાજળ અંજાયું આંખમાં, પ્રેમને સર્વ સ્થળે હવે ભાળ !

* * *

## ૧૫૯. તારા વિના કોણ મારો આધાર ?

તારા વિના કોણ મારો આધાર ?
તું જ છે મારો, આખું જગ પરાયું, તારા વિના જઉં કોની પાસ ?

ગર્ભમાં તેં જ રક્ષ્યો, શૈશવમાં તે પોષ્યો, યૌવનમાંયે તારો સાથ,
માતાને છોડી જીવે બાલક કદીયે ના, કોની આગળ કરું વાત ?

રંગ ઉષાનો મને માન સોનેરી, તો તું છે પ્રતીચીનું ભાલ,
તું જ પ્રકાશ મારા બાળકનો, તું જ આંસુ ને મધુરું હાસ.

આજ વિનંતી કરું છોડીશ કદીયે ના, રાખજે પાસમાં પાસ,
તારા વિના ટકાયે એકે ક્ષણ નહીં એ દેજે શક્તિ અગાધ.



* * *

## ૧૬૦. એકવાર આવી જજો !

એકવાર આવી જજો !

ગંગાકિનારે મારો વાસ છે,
વાટ જોઈ રહું છું દિનરાત તો ...એકવાર.

અમૃતનાં કુંડ પેલી આંખમાં
મારે સ્વામી, મિલાવવી આંખ તો ... એકવાર.
અંતરમાં ઊતરીને આવવું
સુવા પ્રેમલ પથારીએ નાથ, તો ... એકવાર.

પરિમલ છે પામવો અંગનો
થવું પરિમલ ભરેલ કો'ક સૂર તો. ... એકવાર.
ગોરા ગુલાબી પાયની
મારે આંજવી આંખમાં રાખ તો ... એકવાર.

દેખાશે કૈંય ના, એક આ
રૂપ હૃદયે વસેલ દિનરાત તો ... એકવાર.
છાયા છે પામવી અંગની,
શ્યામ મારા, થવું છે મારે શ્યામ તો ... એકવાર.

* * *

## ૧૬૧. કદી તું આવે અહીંયાં નહીં ભલે

કદી તું આવે અહીંયા નહીં ભલે,
ઘડીય ના આંસુ લૂછે કદી ભલે,

ભલે હું છું મ્લાન થઈ, તું એક યે
ફેંકે નહીં રશ્મિ, કદી ન શોચે,
ના સ્વપ્નમાંયે મુજને કદી સ્મરે,
કદી તું આવે મુજપાસ ના ભલે.

તું છે સુખી, મંગલ વિશ્વકાજે,
મને ય આ ઉત્તમ ભાગ્ય આપે,
કે તહારા પ્રેમમહીં રમી રહું,
એ એક મારી બસ ધન્યતા છે !

પોકાર ના, હાય નહીં, ન શબ્દો,
રે આંસુ યે કેમ હવે વહેશે,
એ સર્વ છે પ્રેમકલંક સાચે,
આવે ન તારી સ્મૃતિ યે કદાચે !

ઊઠેલ જે આજલગી તહારા
આ પ્રાણથી પ્રેમતણા સરોદો
સંવાદ તેનો બસ સાધું ને ને
અંતે નિગૂઢ બનું પ્રેમમૂક સૂર.

ભલે તને પ્રેમ કરે સહસ્ત્ર ને
તું યે ભલે પ્રેમ કરે સહસ્ત્રને,
રાધા કરી શ્યામ હવે શું બાકી ?
રાધા વહાલી લખિતંગ તારી !

* * *

## ૧૬૨. સ્નેહસ્પર્શથી થયેલ શ્યામ

સ્નેહસ્પર્શથી થયેલ શ્યામ, એ શ્યામની હું મોરલી મજાની.
પ્રેમપ્રાણથી ભરેલ પ્રાણ, એ પ્રેમની હું મોરલી મજાની.

હોઠે અડાડી મને દીધી છે ધન્ય કરી,
મૂંગી કરી ને કરી પોતાથી શબ્દભરી,
એક એક અમૃતની માત, શ્યામની હું મોરલી મજાની.
સ્વર્ગમુક્તિ ધન્યતાની ધાર, શ્યામની હું મોરલી મજાની.

એક જ ઈશારે કરી ગોપિકાને નાચતી,
સુરગણ ગંધર્વ ઋષિ મુનિને મોહાવતી,
લેતી ગીતાનો અવતાર, શ્યામની હું મોરલી મજાની.
શ્યામને નચાવતી નાચ, શ્યામની હું મોરલી મજાની.

મારું નથી કૈં, ઉરે મેં દઈ દીધું છે દાન,
પ્રાણ ધરે એજ, એજ ગાય છે વિરાટ ગાન
સંત હું તો ભૂલી છું ભાન, શ્યામની હું મોરલી મજાની.
મારામાં એ જ મારો શ્યામ, શ્યામની હું મોરલી મજાની.

* * *

## ૧૬૩. ગંગાતટે રેતમહીં પડીને

ગંગાતટે રેતમહીં પડીને

કૌપીન સાથે, કર-અંજલિમાં પ્રેમભર્યા અંતરને લઈને,
આંખે લઈ આંસુ, 'પ્રસન્ન થાઓ પિતા હવે' એમ વદીવદીને,
નિમિષ જેવા દિન જોઉં ક્યારે, ગંગાતટે રેતમહીં પડીને !

ક્ષુધાતૃષાની ન જણાય ચિંતા, ગંગાનું પાણી બસ એક પીવ
ભૂલી જઈને વ્યવસાય બીજા – શરીર કે પ્રાણતણીય પીડા,
નિમિષ જેવા દિન જોઉં ક્યારે, ગંગાતટે રેતમહીં પડીને !

બંસી મુખે ન ફૂલમાળ કંઠે, ત્રિભંગ ધારેલ ઊભા કદંબે,
એ શ્યામની મૂર્તિ જ એક સંગે, ને પ્રેમની ભસ્મ જ એક અંગે.
નિમિષ જેવા દિન જોઉં ક્યારે, ગંગાતટે રેતમહીં પડીને !

હે કૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ,
ડૂમે ભરીને રડતો વદીને જોતો ઊભા શ્યામ હસી હસીને,
નિમિષ જેવા દિન જોઉં ક્યારે, ગંગાતટે રેતમહીં પડીને !

* * *

## ૧૬૪. એવું હો માહરું પ્રભુ, ધનભાગ !

એવું હો માહરું પ્રભુ, ધનભાગ !
ભૂલી જઉં બધું, રહે રૂપ ને નામ તમારું જ નાથ ! ... એવું હો.

મૂક બની જઉં રસ લૂંટીને હંમેશ માટે નાથ,
બાલક જેવો સરલ ચરણ પર ઢાળી રહું નિત આંખ ... એવું હો.

દેહનું ભાન રહે નહિ, પાગલ જેવો રહું દિનરાત,
તીર્થ સકલ પૃથ્વી સમજીને પામે પાય વિરામ ... એવું હો.

તમારા વિના લાગે કૈં ના નિદ્રા જાગૃતિ આજ,
સંત પ્રાર્થના કરે પ્રભુ, મને આજ લાગતો લહાવ ... એવું હો.

* * *

## ૧૬૫. અહો મ્હારા જીવનના આધાર

અહો મ્હારા જીવનના આધાર,
અહો મારા રસપ્રાણ
અહો જગતના આતમ,
સંજીવની જીવની, ઓ મધુદાન !

અહો પાંખ મારા પંખીની,
શાંતિ ધન્યતા સુખ ધરનાર !
અહો તહારે લીધે પ્રકટે
કવિજનનાં ને પ્રભુનાં ગાન !

અહો હૃદય, ઓ રૂપ ને ગુણે
અતીત, તપ્તજનોની છાંય,
અહો પ્રેમ, મુજ દ્રવ્ય ગરીબનું,
કોટિ કોટિ તુજને પરણામ !

* * *

## ૧૬૬. રે આશ્ચર્ય આ મુજ ભ્રાત !

રે આશ્ચર્ય આ મુજ ભ્રાત !
કેવું હૈયું મહારું બન્યું આ, નવ પહોંચે વાણ ... રે.

જોઉં બાલક જોઉં સ્ત્રી તો છૂટે પ્રેમપ્રવાહ,
ફૂલ જોઈ હરખું અનુભવું અગમ જાગતું ગાન. ... રે.

પ્રવાહો વહેતા કરે નિજ સ્પર્શ પુલકિત સાચ,
ગાન પંખીનાં પુરાણી દેત કોઈ યાદ. ... રે.

પ્રેમ મુજ પ્રતિ પણ કરે, હલતાં દ્રુમતણાં પાન,
ભેટતો આ પ્રેમભુખ્યો પવન ભીડી બાથ ! ... રે.

ખરે લાગતું મારું કૈં છે આ બધાની માંહ્ય,
અરે અંતર કૈં નથી એનો જ આ આભાસ ! ... રે.

* * *

## ૧૬૭. પ્રભુ, મારી આટલી રાખો લાજ

પ્રભુ, મારી આટલી રાખો લાજ,
જ્ઞાન ને યોગ આપો ઈચ્છા ભલે તમારી, ભક્તિનું ખીલો પ્રભાત ! ... પ્રભુ.

અંતરમાંથી મારી લાજ લઈ લો સ્વામી, નાચવું મારે સાથેસાથ,
મેહ ભરી દો મારા હૈયામાં રોવું મારે નાથ પુકારી ધારેધાર ... પ્રભુ.

વ્રજસમાન મારા અંતરમાં ન ઊઠે ક્ષુદ્ર જગતઆઘાત,
ફૂલથકી કરી દો કોમળ સ્પર્શ થતાં ગાય હૃદય એ ગાન ... પ્રભુ.

દાસના દાસીનીયે રજ પામું તો સ્વામી, સાચે મ્હારું બડભાગ,
સંતને રાખો પ્રેમી લોક કહે છે જ્ઞાની તેથી તો આવે મને લાજ ... પ્રભુ.

* * *

## ૧૬૮. મેં તને જોયો એના કરતાં કહું

(૧)

મેં તને જોયો એના કરતાં કહું તેં મને જોયો હે નાથ !
મેં પડદો ક્યાં ઉઘાડ્યો, ઉઘાડ્યો તેં જ લંબાવીને હાથ,
તોયે ના જોતો'તો, દૃષ્ટિ તો આપી તેં, છાઈ'તી અંધારી રાત !
મેં તને જોયો એના કરતાં કહું તેં મને જોયો હે નાથ !

(૨)

તારી પાસે આવ્યો તે કરતાં કહું આવ્યો તું પાસે હે નાથ !
પંગુ હું તો હતો, તેં જ આવી ઝાલ્યો પ્રેમ કરી મારો હાથ,
તોયે ના ચાલતો, શક્તિ તો તેં ધરી જંગલની હતી વાટ !
તારી પાસે આવ્યો તે કરતાં કહું આવ્યો તું પાસે હે નાથ !

(૩)

મેં કર્યો પ્રેમ એના કરતાં કહું, તેં કર્યો પ્રેમ હે નાથ !
પ્રેમના શબ્દને જાણું ના, જાણું તો કેમ કરી એનો પ્રાણ,
મ્લાન હું તો સંત છેક થયેલો ત્યાં, તેં જ અડાડેલો હાથ !
મેં કર્યો પ્રેમ એના કરતાં કહું તેં કર્યો પ્રેમ હે નાથ !

* * *

## ૧૬૯. મુરલીમનોહર શ્યામ મારા

મુરલી મનોહર શ્યામ, મારા મુરલી મનોહર શ્યામ
પ્રેમાવર્ણવ ઘનશ્યામ મારા મુરલી મનોહર શ્યામ ! ... મારાં.

મોહ થયો રૂપ નિહાળીને સુણતાં ગીતાગાન,
મિલન થયું પ્રથમ તે જ ક્ષણેથી લાગી દિલમાં લ્હાય.... મારા.
રસવર ઓ મુજ રામ, મારા.

તમે પ્રેમ આપ્યો એ સ્મરણ જ મારે છે પર્યાપ્ત,
કરે છે શિર પર એક તમારો એ જ માનું બડભાગ ... મારા.
મનમોહન ઘનશ્યામ મારા.

વિરમી સઘળી વાતો, ભૂલાયાં છે સઘળાં ગાન,
સંત એક આ રહી ઘેલછા - ઓ મારા ઘનશ્યામ ! ... મારા.

* * *

## ૧૭૦. આપણી સુણી પ્રેમની વાત

આપણી સુણી પ્રેમની વાત.
અજાયબ થતા મનુષ્ય સર્વે સુણી પ્રેમનાં ગાન ... આપણી.

તમે રૂપઅંબાર, કુરૂપ હું તો છેક જ હા નાથ,
કેમ પરસ્પર પ્રેમ થયો એ પૂછે જન દિનરાત. ... આપણી.

તમે જ્ઞાનભંડાર, મૂઢ અજ્ઞાન હું તો હા નાથ,
કેમ મળ્યાં બે હૃદય પૂછતા જન મુજને દિનરાત. ... આપણી.

તમે સૃષ્ટિના સ્વામી, કણથી હીન હું, તમે વિરાટ,
મેળ કેમ ખાધો, ન મનુજના મનમાં ગોઠે વાત. ... આપણી.

અરે કેમ સમજાવું, પ્રેમ ના જુએ રૂપ, ના જ્ઞાન,
નીચઉચ્ચથી અતીત એ તો જણાવવો શે ભાવ ! ... આપણી.

સંત કૈંક ખેંચે અંતરને અંતર મળતાં સાથ,
ગાન એનું એ પ્રેમ, લાગતા બે એકજના ભાગ ! ... આપણી.

*  *  *


## ૧૭૧. મન, હંમેશ શિવને ભજ રે !

મન, હંમેશ શિવને ભજ રે !
તુજ પ્રમાદ આળસ અહંકાર ને માનકંચુકી તજ રે ... મન.

કામક્રોધ ને લોભમોહના તસ્કરથી ના ફસ રે,
રસ પ્રેમ શાંતિ ને સત્યજ્ઞાનથી ભવન તુજ સઘન ભર રે. ... મન.

માતતાત ને સ્ત્રીપુત્રો આ, ઈન્દ્રિય ભોગ વિષય રે.
તુજ શક્તિ હણે એ નથી તહારાં, ના કર સ્નેહ સમજ રે. ... મન.

અમર દેશમાં જનમ મળ્યો તો બનને સદ્ય અમર રે,
સંત કહે શિવ એક તહારો, શિવસ્વરૂપમાં મળ રે. ... મન.



* * *

## ૧૭૨. પ્રશ્ન પૂછો શું મુખ લઈ આમ ?

પ્રશ્ન પૂછો શું મુખ લઈ આમ ?
રૂપ તમારું મનોહર વશ કરવા શક્ત નથી પ્રાણ ? ... પ્રશ્ન.

સંત તપસ્વી મોહ્યા શંકર જોતાંવાર,
કામદેવ પણ મોહે, મારી અબળાની શી વાત ! ... પ્રશ્ન.

રૂપ મોહમય ધાર્યું અને પૂછો શાને મોહાવ,
પરિમલ જોતાં ગુલાબની તો આવે અલિની હાર ! ... પ્રશ્ન.

જવા દો હવે પ્રશ્ન, ફેરવો ગાલે હાથ લગાર,
પ્રેમ આંસુથી પાય પખાળી પીવા દો રસધાર ! ... પ્રશ્ન.

અરે પ્રશ્ન મૂકી દો, જડ આ બંસી પણ મોહાય,
પલ્લવથી મૃદુ અંતર મારા રાધાના શા ભાર ! ... પ્રશ્ન.

* * *

## ૧૭૩. ભગવાન કાજ બસ જીવો

ભગવાન કાજ બસ જીવો.
વાત બધી છોડીને બસ એ પ્રેમમૂર્તિરસ પીઓ ... ભગવાન.

શાંતિ આપશે, જરૂર પ્રકટ થશે, આશાભર આવો,
જપતપ ઉપાસના ના ચાલે, એક પિપાસા ધારો ! ... ભગવાન.

વિનવો, કોમળ અંતરમાં છે, પીગળશે પળમાં હો,
નિમિત્ત કાજે કસશે કિન્તુ દયાથી પ્રકટ થશે હો ! ... ભગવાન.


રાજમાર્ગ આ શહેનશાહી, પવિત્ર, સીધેસીધો,
એને છોડી યોગજ્ઞાનની વાડે કાં અથડાઓ ? ... ભગવાન.

* * *

**સમાપ્ત**

* * *

## ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ **સંતવાણી** ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**